વિષયાનુક્રમણિકા

પૂર્વ વિભાગ

— ০ —

નંબર	વિષય	પૃષ્ટ
	મંગળાચરણ.	૧
૧	ભૂમિકા ૧ લી જીજ્ઞાસુ વૃત્તિ. ગાથા ૧	૨
	અપૂર્ણતાના ૭ આત્મિક ગુણો	૧૧
	કર્મ સબંધના ૩ ભેદ	૧૯
૨	ભૂમિકા ૨ જી તીવ્ર વૈરાગ્ય. ગાથા ૨	૨૨
	ઉદાસીનતા	૨૫
	વીતરાગતા.	૨૬
૩	ભૂમિકા ૩ જી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ગાથા ૩	૩૧
	સમ્યક્જ્ઞાન દર્શનનુ સ્વરૂપ.	૩૬
૪	ભૂમિકા ૪ થી દ્રવ્ય-ભાવ ચારિત્રવર્ણન ગાથા ૪ થી ૬	૪૪
	દર્શનમોહ, ચારિત્રમોહ તથા દર્શન, ચારિત્રનુ અપૂર્વ સ્વરૂપ	૪૬
	પરિષહ તથા ઉપસર્ગની અદ્‌ભુત વ્યાખ્યા	૫૦
	સંયમના ૪ ભેદ	૫૪
	બાહ્યચારિત્ર.	૫૪
	સાધનચારિત્ર	૫૭
	દ્રવ્યચારિત્ર	૬૧
	ભાવચારિત્ર	૬૩
	ચારિત્રના ગુણો તથા આચરણો.	૬૬

૫	પ્રમાદની અદ્‌ભૂત વ્યાખ્યા.	૬૯
	પ્રમત્તચારિત્રની તથા અપ્રમત્તચારિત્રની અપૂર્વ વ્યાખ્યા	૭૦
	ચારિત્ર વર્ણન	૭૩
	ચારિત્ર વર્ણન (ચાલુ) ગાથા ૭ થી ૧૨ સુધી (ચાલુ)	૭૮

ઉત્તર વિભાગ

૬	ભૂમિકા ૫ મી ક્ષપકશ્રેણી ગાથા ૧૩ થી ૧૪	૧૦૦
૭	ભૂમિકા ૬ ઠી કેવળજ્ઞાન ગાથા ૧૫ થી ૧૬	૧૦૩
૮	ભૂમિકા ૭ મી મોક્ષપ્રાપ્તિ ગાથા ૧૭ થી ૧૯	૧૦૫
૯	ઉપસંહાર. ગાથા ૨૦ થી ૨૧	૧૧૦

નોટ —કચ્છ નારણપુર નિવાસી શ્રીયુત ખીમજીભાઈ દુગશીના

[illegible]

શુદ્ધિ પત્ર

પત્ર	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૭	બધ	બધ
૩	૭	દેખા	રેખા
,,	,	ચકા	શકા
	૧૦	શુભ્માષ્યો	શુભાગ્યો
	૧૩	સમજાતા	સમજવા
	૧૨	સદગ્રે	મદ્દગ્રે
	૧૯	ભામણુ	ભાપણુ
	૨૧	કાંયની	કાર્યની
૪	૨૦	સહિતા	મહિષ્ણુતા
૫	૧	કતવ્ય	કર્તવ્ય
,,	૧૫	પરિચય જીવન	જીવનપરિચય
,,	૧૩	નથા	તથા
૬	૧૪	ક્ષણીઓ	ક્ષતીઓ
,,	૨૦	મ૦તા	મદતા
,,	૨૫	આ રણીન	આવરણીન
૭	૧	પરમે	પગમે
,,	૯	ધણા	ઘૃણા
૭	૧૭	દોમુક્ત	દોષમુક્ત
૯	૧૫	ક્ષેપક શ્રેણી	ક્ષપક શ્રેણી
,,	૧૮	નિર્ગેપ	નિર્ગ્રંથ
૬	૩	લ્હે	લહે
૮	૩	માકે	માટે
૯	૧	પુદ્ધ	શુદ્ધ
૨	૨૨	થો	નો
			થાય

૧૬	૨૪	નિશ્રગે	નિશ્રાયે
૨૦	૧	સબંધાદિનુ	સંબંધાદિનું
૨૬	૨૦	ક્ષયક	ક્ષપક
૨૯	૧	આકિત	આસક્તિ
,,	૧૪	જેથી	જેટલી
૩૦	૪	ઉશ	ઉદ્દેશ
૪૭	૨૧	વસ્તુત્વે	વસ્તુન
૪૯	૨૨	વેદીજ	વેદીને
૫૧	૧૦	વગેરેનો	વગેરેના
૫૧	૧૭	દૈત્યોની	દૈત્યોના
૫૪	૨૨	જીવે	જીવો
૫૫	૨૫	સુજની	સુખની
૫૬	૧૮	રહેવા	રહે વા
૫૭	૭	ધ્યે	ધ્યેય
૫૮	૨૨	સમકિતિની	સમકિતિને
૫૯	૨૧		કરવા
	૨૫	તત્થી	નથી
૬૧	૬	ધના	સાધના
૬૨	૮	ને	અને
,		ધ્ધા	શ્રદ્ધા
૬૩	૪	સિદ્ધત	સિદ્ધાત
૬૪	૨	મથુન	મૈથુન
૬૬	૨૧	સાય	થાય
૬૭	૨	ઉન	ઉત્પન્ન
૬૭	૨૬	ય	થાય
૬૮	૮	તજ ય	તજ્જન્ય
૬૯	૧૯	વિપાવાદયમા	વિપાકોદયમા
,,	૨૧	પ્રારબ્ધાદય	પ્રારબ્ધોદયમાં

,,	૨૫	ભાગ્ની	ભાગ્નિ
૭૧	૩	,,	,,
,,	૫	,,	,,
,,	૬	,,	,,
૭૨	૧૮	ગથા	ગાથા
૭૫	૧૩	મતાં	મળતા
,,	૧૭	ઉચ	ઉચ
,,	૨૧	બની	ધની
૭૬	૧૭	યયવ	યએવ
,,	૨૪	કવા	કરવા
૭૮	૨	પ્રદુતિ	પ્રકૃતિ
,,	૧૬	વે	વેદી
,,	૧૯	આમ્તિ	આમક્તિ
૮૦	૧૫	ને	થી
,,	૧૬	અને	૦
૮૦	૨૦	વદ	વદે
,,	૨૪	અદ્રેથી	અદ્રેથી
૮૩	૧	પ્રાચીનકાની	પ્રાચીન કાળની
,,	૯	ભયકર	ભયકર
,,	૧૭	ચાપલ્ય	ચાલ્ય
૮૫	૫	ચગ	ચચગ
,,	૬	વ?	વદે
,,	૧૫	દદ	દદ
૮૬	૮	વિ	વિ
,,	૧૨	સરૂપ	સ્વરૂપ
,,	૧૭	ક્ષ્ણ	તિક્ષ્ણ
૮૮	૨૫	દશનમન	દર્શનમન
૮૯	૧૩	માલ્યચરણ	બાલ્યઆચરણ
૯૦	,,	સદના	મદનતા



અર્પણપત્રિકા

પરમ કલ્યાણમાર્ગી, સન્માર્ગદ્યોતક, સ્વાત્મજીવન-ઉદ્ધારક, પરમકૃપાળુ મહાત્મા ગુરુદેવ ! શ્રી શુભમુનિજી મહારાજ !

બહિર્ગતપ્રવૃત્તિ ગચ્છમતસંપ્રદાયની મોહજાળ, કર્મઆવરણ અને વાસનાસક્ત જીવનમાંથી મુક્ત કરનાર વિચાર વિવેક, અને વિજ્ઞાનશૂન્ય બાહ્યક્રિયાની જડતાના પાશમાંથી છોડાવનાર, સ્વચ્છન્દ પ્રતિબંધ, મતાગ્રહ અને અનુચિત જીવનની અસમતાને નાશ કરી સત્ક્રિયા, સદ્વિચાર તથા વિવેકપૂર્વક વિજ્ઞાન સ્વરૂપ સન્માર્ગ સન્મુખ કરનાર, પૂર્વસંસ્કાર, મુમુક્ષુતા, સદ્ભક્તિ, અંતરત્યાગ અને પરમાર્થ વગેરે ધર્મના વાસ્તવ્ય સ્વરૂપો સમજાવી પ્રગટ કરનાર, સદ્ગુરુ સદ્દેવ અને સદ્ધર્મની યથાર્થ ઓળખાણ માટે અંતર્દૃષ્ટિ જાગ્રત કરાવનાર કદાગ્રહ અને ક્રિયાસક્તતાથી મલીન થએલા આ અધમાત્માને કૃપા પ્રસાદથી વિશુદ્ધ કરનાર જીવનોદ્ધારક, અનન્ત કૃપાસિંધુ પરમ કૃપાળુ આપ્ત્યુપકારી ગુરુદેવ ! આપે મારા ઉપર કૃપા કરી સચ્ચિદાનન્દ સ્વરૂપ પરમ હિતસ્વી અધ્યાત્મમાર્ગ બતાવી અગણીત અસીમ અનંત ઉપકાર કર્યો છે, જેનો પ્રત્યુપકાર કરવા આ બાલક આ ભવે તો શું પણ અનંત ભવે એ અશક્ય છે એક જ્ઞાની મહાત્મા પણ લખે છે :—

સમકિતદાયક ગુરુતણો પ્રત્યુપકાર ન થાય
ભવ કોડાકોડી લગે, કરતાં ક્રોડ ઉપાય.

પરંતુ આપશ્રીના તે પરમ ઉપકારથી સદુપકારની અવિચ્છિન્નપણે સ્મૃતિ-આચરણ આ ચરણકિંકર બાળકના હૃદયમાં પરિણમી હૃદય વિશુદ્ધ કરી જીવનની સફળતા કરવા ભાગ્યશાળી તથા શક્તિમાન હું થાઉં એ હેતુએ પરમતત્ત્વજ્ઞાન રહસ્ય ભરપૂર આ લઘુપુસ્તક આપની દિવ્યજ્યોતિમય દૃષ્ટિ સમક્ષ સમર્પણ કરી, મને ભાગ્યશાળી માનું છું. ૐ શાન્તિ

લી. આપનો આજ્ઞાંકિત
સત્યચરણોપાસક મુનિજય.

મોન એકાદશી-ગુરુવાર (જન્મદિવસ)
શુભસ્થળ નગરદુનિયા—આશ્રમ

પ્રસ્તાવના

શ્રીમાન્ રાજચંદ્રજી પ્રણીત 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' એ પદ ઉપર વિવેચન લખવાનો વિચાર ૩-૪ વર્ષ થયાં મને ઉદ્ભવ્યો હતો. પણ એ પરમરહસ્ય ગંભીર આધ્યાત્મિક પદ ઉપર વિવેચન કરવું અતિગહન, દીર્ઘ ચિંતન કરતાં પદનું સંપૂર્ણ વાસ્તવ્યસ્વરૂપ પ્રગટ થવું તો અતિ અતિ દુર્લભ છે; પણ તે પરમતત્ત્વજ્ઞાનમય અલૌકિક પદના ભાવની સામાન્ય પણ યથાર્થ રેખા દર્શાવાશે કે કેમ? એ વિચારણામાં જ ૩-૪ વર્ષો વ્યતીત થયાં, છેવટે ભાવના સદૃશી સિદ્ધિ એ ન્યાયાનુસાર ૩-૪ વર્ષની એ ચિંતિત થયેલી ઇચ્છા અને પ્રેમભાવના સફળ થવાને સુભાગ્યે અનુકૂળ તક મળી. ૩૬ મી હિંદી મહાસભાનું અધિવેશન અમદાવાદમાં ભરાયા ([illegible]) પછી દેશોદ્ધારક **મહાત્મા ગાંધીજીના** સદુપદેશ તથા સત્પ્રેરણાથી દેશસેવા એ પણ મારા જેવા સામાન્ય મનુષ્યને માટે એક ધર્મ છે એમ સમજતાં દેશસેવામાં જીવન સમર્પણ કરી ખેડા જીલ્લાના **બોરસદ** તાલુકામાં અહિંસાત્મક અસહકારના વિચારોનો પ્રચાર કરતો હતો. તા. ૨૧-૩-૨૨ ના દિવસે જીલ્લાના પ્રમુખ શ્રીયુત **અબ્બાસ તૈયબજીના** સાથે જ નાના નાના ગામોનું ભ્રમણ કરતાં ખેડા શહેરમાં આવ્યા બાદ ત્યાં એક જાહેર સભામાં અહિંસાત્મક અસહકાર વિષે ભાષણ આપેલ તેથી તથા તે પહેલાં બીજા કેટલાક ભાષણો બોરસદ તાલુકામાં તથા મુંબઈ-ભરૂચ વગેરે સ્થળોમાં આપેલાં રચનાત્મક કાર્યની જનસમાજ ઉપર અસર તથા જાગૃતિ સારી રીતે થતી જોઈ સરકારના મનમાં નારાજી ઉત્પન્ન થવાથી, તા. ૨૨-૩-૨૨ ના રાતના ૧૦ વાગે એકાએક **સાતરમાં** [illegible] આપના [illegible] કાજમારે આવી મને પકડ્યો

અને બેળજેલમા મને લાવ્યા અને તા. ૨૪-૩-૨૨ ના રો
સિમ્ટન કમિશનની પાસે જેલની ક મા ૧૦ વાગે કેમ થા લ.

આ તામા ચાર કેની જ્ઞાનની વિધિ ા પડી માજના વાગે મ ખતમ થતા ૧ વર્ષ ગમ્ત મજુરી સાથે કેદી શિક્ષા થઇ તા ૨૫-૩-૨૨ ના પો સુ ની મળી સાથે ખડથી ટ્રેનમા મેલી અમદાવાદ સાબરમતી સ્ટેશને ઉતરી દિવસના ૧૨ વાગે હૃદયવિમર્શના ઉત્તમ સાધનભૂત સાબરમતી સેન્ટ્ર જેલરૂપી તીર્થધામમા પ્રવેશ કર્યો.

૧૮ વર્ષના ધમશુના જીવનમા અનુભવેલી સ્વતત્રતા અને મત્તાને બદ્ધ જેલમા આવ્યા પછી ૨-૪ દિવસ તો જેલના ધી ત્યાગ અને પરતત્રતાની પરિસ્થિતિ જેના વિચિત્ર અનુભવે કાચ નગરુ બનાવનારા વિચારોમા પસાર થયા પણ પછી તો સત્યાગ્રહ અભ્યાસ અને તા મિને દ્રોહ ગીને લાગતુ પરાધીન જીવન પણ અતમા તો ધીમે ધીમે આનંદરૂપ થયુ

જેલની પરાધીનતા ખોરાકની પ્રતિકૂળતા અને જેલના અમ લદારોના વિચિત્ર સ્વભાવને લઇ શરૂઆતમા જેલ એકદમ તો ભયકર સ્થાન વા નરક સમાન મને લાગી. પણ મહાત્માજીનો જેલ સંબંધીનો જે બોધ છે કે નિયમશીલ આત્માર્થી અને દેશપ્રેમીને જેલ પણ સ્વર્ગ સમાન અનુભવાય છે શાંતિ ધૈર્ય તપ સંયમ દમના નિર્ભયતા અને સહિષ્ણુતાના આતરીક પદાર્થ પાઠો શિખવા અનુભવવાનું એ અત્યંત આદર્શ થવા વા સાધન છે એ વાત દષ્ટિ સન્મુખ રાખતા ધીમે ધીમે જેલથી ટેવાયો

જેલનું કામ બે ચાર કલાકમા સમાપ્ત થયા પછી બાકીના સમયમા નિત્ય દ્વારા ઇતિહાસ ધર્મ અને અધ્યાત્મના પુસ્તકોનુ વાચન મનન કરતા, તેમજ દેશસેવકોના સસર્ગથી દેશની પરિસ્થિતિ,

કર્તવ્ય અને સ્વાતંત્ર્ય ગંભીર વિમર્શમાં ગાળ્યા કરતા, શાંતિ ઉત્સાહ અને આનંદપૂર્વક સમય નિર્ગમન કરતાં શીખ્યો અને તે પવિત્ર સમયે પરમકૃપાળુ શ્રીમાન્ રાજચંદ્રજી પ્રણીત **શ્રીમાન રાજચંદ્ર** નામક પુસ્તકનું અધ્યયન કરતા અને સાંજે છ વાગે જેલ બંધ થયા પછી ત્યાં નવ, તથા સવારે ૩ થી ૬ વાગ્યા સુધી નિવૃત્તિ ને શાંતિમય સમયમાં શ્રીમદ્‌ના પુસ્તક તથા જીવન સબંધી વિચાર કરતા ભારતના આ આદર્શ સંત શ્રીમાન્ રાજચંદ્રજીનું આધ્યાત્મિક જીવન એ વિષય ઉપર એક વિશાળ પુસ્તક લખવાની ભાવના ઉભરી હતી પણ કમનસીબે ધાર્મિક પુસ્તક લખવામાં જોઇતા લેખન સાધનો માટે, **પુના** જેલ ઇન્સ્પેક્ટર જનરલને લખતા તેમની મંજુરી ન મળવાથી, લેખન સાધનોના અભાવ તથા શ્રીમદ્‌ના જીવન પરિચય લખવામાં અનેક સામગ્રીઓની તથા શ્રીમાનના પ્રત્યક્ષ પરિચયમાં આવેલા અનેક સન્મિત્રોને મળવાની આવશ્યકતા હોઇ તે પણ જેલના પ્રતિબંધનોને લઇ મેળાપની અનુકૂળતા ન હોવાથી એ આધ્યાત્મિક પરિચય જીવન લખવાની ભાવનાને ઉપશાન્ત કરવી પડી પરંતુ ઘણા સ્નેહીઓની **સંમતિ થએલી અપૂર્વ અવસર એ પદ** ઉપર વિવેચન લખવાની ભાવના ફલવતી કરવા આ ગુરુદેવના જન્મ તીથિને નિમિત્તે લખવાનો આરંભ કર્યો

પદ ઉપર વિવેચન લખવાનું કાર્ય અતિ ગહન છતાં એ કાર્ય એ પરમકૃપાળુની હૃદયકૃપાથી સફળ થશેજ એવી દૃઢ શ્રદ્ધાથી આ પુસ્તક લખવાનું કાર્ય આદર્યું છે. આ પદ જોકે ગુજરાતી ભાષામાં લખાયું છે અને તેથી શબ્દાર્થની સરળતા જણાય દેખાશે પણ તે પદમાં જૈન દર્શનનો આદર્શ માર્ગ દર્શાવેલો હોવાથી, જીજ્ઞાસુ દશાથી લઇ પરમપદ—મોક્ષ—ની પ્રાપ્તિ સુધીનો અદ્ભૂત અને પરમ તત્ત્વ રહસ્યમય ગુણ [illegible] શ્રેણી હેતુથી તથા આધ્યાત્મિક માર્ગના

ગોથી નિરપેક્ષ હિંદુ મુસલમાનોના હૃદયોને પ્રેમ સૂત્રથી સાંધી અહિંસા પરમોધર્મ એ સૂત્રથી આત્માની તો ઉન્નતિ છે પણ દેશની ઉન્નતિ પણ એજ અહિંસાત્મકભાવથી થવાની છે એમ ભારતના દરેક ભાગમાં તે પરમસૂત્રના પ્રચારને પ્રસરાવનાર **મહાત્મા ગાંધીજીએ** અહિંસાત્મક અસહકારની ધ્વનીથી સેંકડો વર્ષોની પરાધીનતામાં સુતેલી ભારતની આર્યપ્રજાને પ્રમાદ નિદ્રામાંથી જાગૃત કરી તે વિશાળ અને મહાન્ સનાતન સત્ય તથા મહત્તા શાની છે

સમાજ ઉદ્ધારક **સ્વામી દયાનંદજીએ** પોતાના **સત્યાર્થ પ્રકાસ** નામે પુસ્તકમાં કેટલે સ્થળે આશય સમજ્યા વિના જૈનદર્શન ઉપર અનુચિત પ્રહારો કર્યા છે તેમણે જ્યારે સનાતન પોતાની જાતને દૂર કરવા ખંડનાત્મક શૈલીની પ્રકૃતિ જૈન ન રચને જૈન દર્શનના સિદ્ધાંત ધર્મનું એવું કર્તવ્ય હતું કે, જૈન ધર્મના મહાન્ સૂત્રો તથા સિદ્ધાંત સૂત્રો બતાવી જૈન દર્શન એ સંપ્રદાય નથી—સંકુચિત મત નથી સંકુચિત ધર્મ નથી પણ પરમ કલ્યાણકારી સમાગમ આપનાર પરમાત્મદૃષ્ટ ધર્મ છે એમ સિદ્ધ કરી દેખાડવું જોઈતું હતું

જૈનદર્શનના ઉપર કરાયેલ જ્ઞાનના ધોધો સ્વામીજીએ તેના ઉપર અનુચિત અને અસભ્ય પ્રહારો કર્યા છે અને નાશ પ્રકૃતિના વર્ગમાં એક મહાન્ દર્શન ઉપર અપૂર્ણ આક્ષેપો થયા છે જૈનસમાજની આધુનિક સ્થિતિ વિચક્ષણ વિદ્વાનોને તેના પવિત્ર દર્શનનું મહાત્મ્ય ન જણાય તેવી થઈ ગઈ છે તે સુધારવા અર્થાત્ જૈન દર્શન ઉપર ચડી ગયેલ અજ્ઞાનના તિમિર પડળોને એમની **શ્રીમાન વિજયધર્મસૂરિજીએ** પોતાના સદ્બોધ અને પરમ જ્ઞાનરૂપી વાયુના પ્રચંડ જોરથી નાશ કરી, જનસમાજની આગળ જૈનદર્શનની મહાન્ આ

દર્શાતા સિદ્ધ કરી છે, એ જૈનદર્શનના પાઠકો અને જનસમાજનાં સદ્ભાગ્ય છે શ્રીમાને વિચારશૂન્ય શુષ્ક ક્રિયાસક્ત જૈનસમાજમાં કેવો અપૂર્વ સન્માર્ગ દર્શાવી, જૈનદર્શનનો મધ્યજીવનભાવ પુનરુદ્ધાર કર્યો છે, તે આ પદના વિવેચનથી વિચારશીલ નિષ્પક્ષપાતી સત્ય શોધક જીજ્ઞાસુ વાચકવર્ગને સુગમતાથી સમજાય તેમ છે અને તેમ આ વાત લેખક સમજાવી શકે તો તે તેના પ્રયાસની સફલતા, ભાગ્યની મહત્તા, અને જીવનની સાર્થકતા માનશે

આ પદની ૨૧ ગાથા છે તેમા પ્રથમ ગાથામા સન્માર્ગની મહત્તા દર્શાવી, તે પ્રાપ્ત કરવા જીજ્ઞાસા વૃત્તિથી માર્ગની અપૂર્વતા જણાવી છે

પદની ૨૧ ગાથામા પ્રથમની ૧૨ ગાથાનો **પૂર્વવિભાગ**, અને પછીની ૯ ગાથાનો **ઉત્તરાર્ધભાગ** એમ બે વિભાગો પાડવામા આવ્યા છે

પૂર્વ વિભાગમા **૧ મુમુક્ષુતા, ૨ તીવ્રવૈરાગ્ય, ૩ સમ્યગ્જ્ઞાન અને ૪ આત્મચારિત્ર** એમ ૪ ભૂમિકાઓ વર્ણવી છે, અને ઉત્તર વિભાગમા **૫ ક્ષેપકશ્રેણી ૬ કેવલજ્ઞાન** અને **૭ મોક્ષ** એમ ત્રણ ભૂમિકાઓનુ વર્ણન છે

એ સાતે ભૂમિકાઓમા ચૌદ ગુણસ્થાનકોનો સમાવેશ કર્યો છે પ્રસ્તાવનામા દરેક ગાથાઓનો સંક્ષેપ નિર્દેશ બનાવવા વિચાર હતો, પણ જૈન સમાજ અને જૈન શાસ્ત્રની વર્તમાન સ્થિતિના વર્ણનમા વધારે લખાયાથી પ્રસ્તાવના વધી જવાના વિચાર ગાથાના સંક્ષિપ્ત નિર્દેશને ભૂમિકાઓના રૂપમાજ જણાવી પ્રસ્તાવના સમાપ્ત કરવામા આવે છે

આ પદ [illegible] ભાવ અને ગંભીર રહસ્યથી ભરેલ છે

વાથી ઘણે ભાગે ગહનભાવોના મર્મ વર્ણનમાં ક્ષતીઓ રહી જવા
સંભવ છે

જેથી વાચકોને મારી નમ્ર પ્રાર્થના છે, કે મારી અલ્પજ્ઞતાને
ક્ષમ્ય ગણી વિવેચનમાં રહી ગએલી ક્ષતીઓ બનાવવા કૃપા કરે
તો તે તેઓના આભારવશ બની પરમ ઉપકાર માની, બીજી
આવૃત્તિમાં તે ખામીઓ સુધરી લઈ શકાશે. આ પદના વિવેચન
કરવાની ભાવનાને વિશેષ જાગ્રત કરવાની પ્રેરણા કરનાર, માડવી
નિવાસી તથા ભિમાસર નિવાસી મારા પરમ સ્નેહી સુમિત્ર
શ્રીયુત રામજીભાઈ વઘજી પારેખ, નથુભાઈ નેમીદાસ.
તથા મેતા વીરચંદભાઈ ઝવેરચંદ વિગેરેના તથા આ પુસ્તક
છપાવિ પ્રગટ કરવામાં આર્થિક મદદ આપનાર નારણપુર નિવાસી
શ્રીયુત વાલજીભાઈ જેઓનો તથા બીજી સહાયતા આપનાર સભ્ય
જનોનો સહર્ષ આભાર માની વિરમુ છુ ૐ શાન્તિ શાન્તિ શાન્તિ

સં ૧૯૭૯ ચૈત્ર અમાશી ગુરૂવાર

શુભસ્થળ નાગરદ નિવાસ   અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ.

લી॰ સતગુરૂપાસક,

મુનિ જય.

ॐ

तत् सत्

શ્રી ગુણસ્થાનક ક્રમારોહણ.

મંગલાચરણ

पार्श्वनाथ नमस्तुभ्य, निघ्नविध्वंसतायिने,
निर्मल सुप्रभात ते, परमानंद दायिन १
अश्वसेनावनीपाल, कुक्षीचूडामणे प्रभो,
वामासुनो नमस्तुभ्य, श्रीमत् पार्श्वजिनेश्वर २
मर्हादेया कुक्षीरत्न, शब्दजीन प्रवरात्मज,
शुभ राजश्चंद्र नमस्तुभ्य, तत्वलोचन दायक ३

મહોપકારી મહામતિ, મહાબુદ્ધિ નિધાન
વંદુ મ ત કૃપાળને, પ્રગટાવ્યું નિજ ભાન.
પરમપુરૂષ પ્રભુ સદ્ગુરૂ, પરમજ્ઞાન સુખધામ
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.
દેહ છતા જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

મૂળ પદ

अपूर्व अवसर एवो क्यारे आवशे ?
क्यारे थईशुं बाह्यांतर निर्ग्रंथ जो ?
सर्व संबंधनुं बंधन तीक्ष्ण छेदीने,
विचरीशुं कव महत् पुरुषने पंथ जो   अपूर्व १

૧ લી ભૂમિકા જિજ્ઞાસુવૃત્તિ

વાક્યાર્થ—બાહ્ય તથા અભ્યંતરથી નિર્ગ્રંથ થવાનો જેના કારણથી સર્વ સબંધો રહ્યા છે તે તીક્ષ્ણ બંધનને છેદવાનો, તથા મહાન પુરૂષો જે માર્ગે પ્રવર્ત્યા છે તેમ માર્ગે વિચરવાનો અનંત કાળના પર્યટને તથા અનંત સાધન સેવનની પ્રવૃત્તિએ પણ પૂર્વે જે માર્ગની પ્રાપ્તિ થઈ નથી તેવા અનંત ભવ તથા અનંતકર્મ વિનાશક પરમ લાભકારી માર્ગ પ્રાપ્ત કરવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

વિવેચન

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? પૂર્વ સંસ્કારને લઈ જ્યારે આત્માને જિજ્ઞાસુભાવના ઉદ્ભવ છે ત્યારે તેને કોઈ અલૌકિક તત્ત્વ સમજવાની વૃત્તિ સહજ સ્ફુરાયમાન થાય છે તેની શોધને માટે અનેક વિચારો ભાવનાઓ અને પ્રયત્નોથી તે મેળવવા પ્રયત્નશીલ થાય છે, કારણ તેને નિશંક સમજાય છે કે સંસારના ભૌતિક પદાર્થો અને કલ્પિત સુખો એ વાસ્તવ સુખ નથી, પણ સંસાર પરિભ્રમણ કરાવનાર દુઃખ પુંજ છે એમ જાણવાથી ભવ પરિભ્રમણથી ઉદ્વેગ પામી, ભવબંધન પર્યટન અને તેનાથી અનુભવેલા અનંતકષ્ટો અસહ્ય જણાયો, અને તજ્જન્ય દુઃખોથી છૂટવા પ્રથમ તો મૃગતૃષ્ણા જળવત્ ભટકે છે, પરંતુ પૂર્વસંસ્કારના બળને લઈ એટલું તો નિશંક સમજાય છે કે, આ દૃશ્ય પદાર્થો, ભૌતિક

સુખો અને કલ્પનાઓથી સુખ શાંતિ અને આનંદ અણુમાત્ર નથી માત્ર દુઃખજ છે, ત્યારે સુખ શાથી અને કેવી રીતે પ્રાપ્ત થાય? તે મેળવવાનો સત્ય માર્ગ શું છે?

આ વિચારની શ્રેણિમાં પોતાના જીવન અને પ્રવૃત્તિઓ તરફ એક વખત વિચારદૃષ્ટિ કરવાનો પ્રસંગ આવે છે, અને પોતે કરેલી જે જે અશુભ પ્રવૃત્તિઓ અને વિચારો તરફ ઘૃણા આવે છે, એટલુંજ નહીં પણ શુભ વિચારો અને જપ તપાદિ શુભ પ્રવૃત્તિઓનું સેવન કર્યા છતાં પણ જ્યારે આત્માના સુક્ષ્મ વિચારપૂર્વક નાંખ નજર કરે છે ત્યારે સમજાય છે કે, તે પ્રવૃત્તિઓ પણ શુદ્ધ નિર્મળ અને નિર્મમત્વ ભાવથી સુખ શાંતિ અને આનંદદાયી થાય તેમ નથીજ (કેમકે કેટલોક સમય તેનું સેવન કર્યા છતાં પરિણામ ફલદાયી થયુંજ નથી) જેથી તેના લક્ષમાં નિશ્ચિત વિચાર ઉદ્ભવે છે કે માર્ગ આ નથી, પણ કાંઈ બીજોજ હોવો જોઈએ; તપ જપાદિ અનેક શુભ ક્રિયાઓ અને સાધનો કર્યાં છતાં, સાચા સુખ શાંતિ અને આનંદનો અણુમાત્ર પણ અનુભવ થયો નથી, તેથી આ બધી પ્રવૃત્તિઓ કરતાં કાંઈ જુદીજ પ્રવૃત્તિ જુદીજ વસ્તુ રહી જાય છે કે જેના અભાવે અનંત સાધનો સેવ્યા છતાં, ભવભ્રમણ ભવપર્યટન અને ભવદુઃખ જરા પણ ક્ષીણ ન થતાં, તેવા ને તેવાજ રહેતાં ઉલટાં વધતાં જાય છે, આવી પરિસ્થિતિ જોતાં સંસારદૃષ્ટના ઉદ્વેગની આકુળતા અને સત્ય મેળવવાની જીજ્ઞાસા જતી ઉત્કટતાને લઈ શોધક વૃત્તિ જાગૃત થાય છે કે એવું શું સાધન રહી ગયું કે જેના વિના અનંત સાધનો નિષ્ફળતાને પામ્યાં, અને જેની પ્રાપ્તિથી સર્વ નિષ્ફળ થયેલ સાધનો સફલ પરિણામ થઈ પરમ કલ્યાણની પ્રાપ્તિ કરાવે છે જે પૂર્વ નવ માસથી ભવ ભ્રમણ થાય છે અને સમતાથી ભવ ક્ષય થાય છે એવું જે અમૂલ્ય સમ્યગ્-સાધન, કે જે પૂર્વકાળના અનંત ભવ પર્યટનમાં પણ કોઈ વખતે મળ્યું નથી તેનેજ જ્ઞાનીઓ અપૂર્વ સાધન કહે છે, પૂર્વ પ્રાપ્ત

થએલ તે પૂર્વ અને ન પ્રાપ્ત થએલ તે અપૂર્વ. પૂર્વે શું કર્યું છે અને શું નથી કર્યું તેનું પ્રથમ અવલોકન કરવાથી પૂર્વ તથા અપૂર્વના ભાવની સમજ સુગમતાથી જણાશે

પૂર્વે શું કર્યું?

મિથ્યાત્વ મોહ, અજ્ઞાન અને રાગદ્વેષાદિ આત્મવાની દોષોથી ક્ષણે ક્ષણે થતા અનંત કર્મવર્ગણાના બંધનથી જન્મ મરણાદિ અનંતા અનંત ચાર ગતિ દેવ મનુષ્ય તીર્યંચ નારકીના ચારે ગતિના ભવોના કષ્ટોને ભોગવતો આધિવ્યાધિ અને ઉપાધિના દુઃખોથી દુઃખી થતો, ધન કુટુંબ અને પૌદ્ગલિક પદાર્થોની તૃષ્ણાના પ્રબળ પ્રવાહમાં તણાતો અને તે મેળવવાની ધૂનમાં નાચતો, છેદન ભેદન શીત તાપ ક્ષુધા તૃષા પરાધીનતા અને વધ બંધનાદિકના અનંત અનંત પ્રકારના અનંત દુઃખ સહન કરતો આ જીવાત્મા મોહાચ્છાદિત અંતઃકરણથી અનંત દુઃખદાયી પદાર્થોમાં પણ કલ્પિત ભાવનાથી સુખમાની, મૃગતૃષ્ણાવત્ વા આકાશ પુષ્પવત્ આશાતૃષ્ણાની જાળોમાં ગુંથાતો ફસાતો ધન કુટુંબાદિ મેળવવા અનેક કષ્ટો વેઠી સતત્ પ્રયાસ કરે છે

જ્ઞાની મહાત્માઓએ સંસારના વાસ્તવ્ય સ્વરૂપને જાણી નિશ્ચયતાથી કહ્યું છે કે, આ જગતના નશ્વર પદાર્થોમાં અણુમાત્ર પણ સુખ શાન્તિ છે જ નહિ. છતાં મોહાંધ જીવાત્મા દુઃખ પરિણામિક પદાર્થોમાં સુખમાની તેને મેળવવા સાચવવા અને ભોગવવામાં પોતાનું જીવન નષ્ટ કરતાં જરા પણ પાછુંવાળીને જોતો નથી એ કેવી ખેદની વાત છે!

ધનાર્થી જીવાત્માઓ ધન પ્રાપ્તિમાં સુખમાને છે પણ તેને મેળવવા અથાગ પરિશ્રમ અને અનેક કષ્ટો વેઠવા પડે છે. મળ્યા પછી તેને રક્ષણ કરવામાં પણ અત્યંત ભય અને અસીમ દુઃખ વેઠવા પડે છે, તેવીજ રીતે સ્ત્રી પુત્ર કુટુંબાદિ સર્વે દ્રવ્ય પદાર્થો

માત ભવના પર્યટનમા ભગતીઓટના ડાલકમણુની માફક, અનત વાર સયોગ અને વિયોગની પ્રાપ્તિ થયા છતા, સુક્ષ્મ દ્રષ્ટિથી નિરિક્ષણ કરતા યોગ્ય જણાશે કે તે પદાર્થોની સયોગવિયોગ બને પરિસ્થિતિઓ દુખદાયી છે, ભવ વર્ધકજ છે તેથી તે પૂર્વે અનંત વાર મળ્યા છતા સુખ શાતિ કે આનંદનુ કારણ થયા નથીજ આવી રીતે ભાતિક પદાર્થોની સ્થિતિ દર્શાવી તેની ક્ષીણતા અમારતા સિદ્ધ કરી છે અસ્તુ! આ તો પાદગલિક ક્ષણિક સુખની લાલસાએ દુખ પરિણામિક દશા આવી-મજન કરી-પણ ધર્મ અને કલ્યાણની કપનાએ થએલી પ્રવૃત્તિઓ પણ પુત્રભાવજ (સમાર ભાવજ) છે તે પરમયોગી મહાત્મા શ્રીમાન્ રાજચંદ્રજી પ્રણિત એક ઉત્તમ ત્રોટક પદથી જીજ્ઞાસુ જીવાત્માને સુગમતાથી સમજાશે,

ત્રોટક છંદ

યમ નિયમ સંયમ આપ કિયો,
પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દ્રઢ આસન પદ્મ લગાય દિયો
મનપૌન નિરોધ સ્વબોધ કિયો
હઠજોગ-પ્રયોગ સુતાર ભયો
જપભેદ જપે તપ ત્યૌંહિ તપે
ઉરસેંહિ ઉદાસિ લહી સબપે
સબ શાસ્ત્રન કે નય ધારહિયે,
મતમંડન ખંડન ભેદ લિયે
વહ સાધન બાર અનંત કિયો,
તદપી કછુ હાથ હજુ ન પર્યો,

આપ કહો ન નિદાન હે મનમેં
કછુ ઓર નહીં ઉન સાધનસેં
જિન સદ્ગુરુ કોઉ ન સે લહે
સુખ આગમ હે કહ ભાન મેં ?

ભાવાર્થ—સ્થાન અને પાંચ યમ કહે છે તેનો અર્થ ઉન પાંચ મહાવ્રત કહે છે પાંચ મહાવ્રત (૧ પ્રાણાતિપાત વિરમણવ્રત અખિલ વિશ્વના ત્રસ સ્થાવર પ્રાણી ઉપર, સ્થાવર અને ત્રસ જીવોના અનંત જીવો માંહેના એક પણ સ્થૂલ વા સૂક્ષ્મ હિંસાનો મન વચન કાયાના યોગોથી સર્વથા ત્યાગ કરવો તે) આથી અગાધ અહિંસા સ્વરૂપ આત્મધર્મની પ્રાપ્તિ થયા છતા.

મહાવ્રત ૨જુ મૃષાવાદ વિરમણવ્રત–સર્વ પ્રકારના સ્વપર અહીતકારી તથા અસત્યના સર્વથા ત્યાગ કરી સત્યવ્રત મહા સદ્ગુણની પ્રાપ્તિ થયા છતા.

મહાવ્રત ૩જુ અદત્તાદાન વિરમણવ્રત–જડ પુદ્ગલના સર્વ દ્રવ્ય પર્યાયો તરફ પ્રીતિ આસક્તિપણું માલિકીપણાનો સર્વથા ત્યાગ કર્યા છતા.

મહાવ્રત ૪ થુ મૈથુન વિષય વિરમણવ્રત–મન વચન કાયાના ત્રણે યોગથી સ્થૂલ તથા સૂક્ષ્મ વિષયનો સર્વથા ત્યાગ કરવો ત્રિવિધ યોગથી પવિત્રતા વિશુદ્ધિ તથા ઇન્દ્રાણી સહ સ્વર્ગની અપ્સરાઈની ઉર્વશી રંભાના સંગમમાં અને તેની કામ ઉત્પન્ન કરનાર વિકારી ચેષ્ટાઓમાં તથા તેના લાવણ્યતા સૌંદર્યની મધુરી માધુરીમાં પણ અપ્રમત્ત વિકારની કલ્પના ન થાય, એવું મહાન બ્રહ્મચર્ય વ્રત પ્રાપ્ત થાય છતા.

મહાવ્રત ૫ મું પરિગ્રહ પરિમાણ વિરમણવ્રત–આ જગતના અનંત દ્રવ્ય પદાર્થોમાંથી એક પણ જડ-ચેતન સુક્ષ્મતર પદાર્થની પણ

સ્પૃહા ઇચ્છા મૂર્છા વા આસક્તિ રહિત, સર્વ પદાર્થની તૃષ્ણા-વાસના ઉપશામ પરિણામી થઇ જાય, જગતના કોઇ પણ પદાર્થના સંયોગ-વિયોગમા ના ગ્રહણ-ત્યાગમા હર્ષ-શોકનો વિરામ થાય, સમતા પરિણમે, એવો નિસ્પૃહી નિરૂપાધિક અસગ અકિંચનરૂપ મહાન્ ગુણ પ્રગટ થયા છતા

આવરણ સંસારની પરિક્ષીણતા કેમ ન થઇ ? ત્યારે શુ મહાન્ ગુણધારક પાચ મહાવ્રતની શુભ પ્રવૃત્તિ પણ અપૂર્વ નહિ ? આની અમાપ્રમાણ શક્તિરૂપ ધર્મ પ્રવૃત્તિઓ પણ પૂર્વ પરિણામિક સમજવી ? ત્યારે અપૂર્વ પરિણામિક પ્રવૃત્તિ વા કર્તવ્ય કે સાધન શુ ? તેનો સક્ષેપ ભાવાર્થ શુ ?

ઉત્તર—અપુર્વતાની વ્યાખ્યા સર્વ પુરિક પ્રવૃત્તિઓનુ વર્ણન કર્યા પછીજ કરવામા આવશે, પણ સામાન્યત તેની સક્ષેપ વ્યાખ્યા એજ છે કે જે જે શુભ ના અશુભ ક્રિયા પ્રવૃત્તિઓ સેવ્યા છતા, જેનું પરિણમન સંસારપરિણામી થાય તે પૂર્વ, અને જે ક્રિયા પ્રવૃત્તિ પરમાર્થિકપણે પરિણમે તે અપૂર્વ, આ વાક્યાર્થથી એ પણ સિદ્ધ થાય છે કે જે ક્રિયા શુભ હોય છતા જેનું પરિણમન સંસારફલ હોય તેને ક્રિયા વા પ્રવૃત્તિ કહેવુ અને જે ક્રિયાનું પરિણમન પરમાર્થ ફલદાયી હોય તેનેજ સાધન વ્યવહાર, વા ધર્મક્રિયા કહી શકાય છે આ શબ્દાર્થ પ્રમાણે પૂર્વતા અને અપૂર્વતાના ભાવને લક્ષગત કરી, ઉપરોક્ત વિચાર તપાસતા જણાશે કે પાચ મહાવ્રતરૂપ ચારિત્રો પણ એક વખત નહિં પરંતુ અનંત વખત સેવન કર્યા છતા, ભવ ક્ષીણતા થઇ નહિ, તેની સાથે બીજા પણ નાના મોટા નિયમો સંયમ અને વ્રતો સેવ્યા છતા, વળી ત્યાગ વૈરાગ્યને પણ અનેક વખતે ધારણ કર્યા, સંસારની માયિક પ્રવૃત્તિ અને સંસગ દોષનો પણ ત્યાગ કરી વનવાસના એકાત નિવૃત્તિ સ્થાનમા રહ્યા, ક્લેશ વિક્ષેપના કારણભૂત વચન-ભાષાનો પણ

ત્યાગ કરી મૌનદશા ધારણ કરી વચન યોગની સાથે કાયાની સ્થિરતા અને સંયમ માટે દ્રવ્યાસન વાળી આત્મશ્રેય તથા આત્મોન્નતિ માટે અનેક પ્રયત્નો સેવાય છે, મનોયોગ પણ યોગ દ્વારા નિરોધ કરી નેતી ધોતી નૌલિકર્મ વિગેરે યોગ પ્રક્રિયાદ્યિમ નિયમ પ્રાણાયામ આસન પ્રત્યાહાર ધ્યાન ધારણા અને સમાધિ વિગેરે યોગના અંગોની ઉપાસનાપૂર્વક પવન રૂંધનથી ચિત્તની વૃત્તિઓ ને મનનો પણ નિરોધ–સંયમ–કરી પ્રભુ સ્મરણ ભજન સ્તવન અને ધ્યાનના વિવિધ પ્રકારની એકાગ્રતાથી વિવિધ જાતના તપોથી અગણિત કષ્ટ અને સહિષ્ણુતા ધારણ કર્યા છતાં આત્મોન્નતિ ન થઇ બાહ્ય ક્રિયાયોગ અને બાહ્ય ભક્તિયોગની સાથે બાહ્ય જ્ઞાનયોગના અભ્યાસની સ્થિતિ જણાવે છે કે ન્યાય, વ્યાકરણ છંદ અલંકાર નીતિ ક્રિયા અને ધર્મના અનેક ગ્રંથો શાસ્ત્રો તથા સૂત્રોના પ્રગાઢ અભ્યાસથી છએ દર્શનશાસ્ત્રમાં પ્રવિણ થઇ શાસ્ત્રાભ્યાસના મદરૂપી અજીર્ણ રોગ ગ્રસ્ત બની શબ્દાતીત (આત્મસ્વરૂપ) ને સાધવાની ઉપાસવાની રીતની સદ્પ્રવૃત્તિને છોડી રૂઢ–બાજુપર મૂકી સમાગમાસક્ત સંપ્રદાયમુગ્ધ જીવોની વિચાર શૂન્ય શુષ્ક પ્રવૃત્તિ તરફ કારુણ્યભાવે ન નિરખતા ઘૃણાભાવે જોઇ, ખંડન–મંડનની વિક્ષેપ વર્દ્ધક વાદશૈલીમાં ગુલતાન બની આત્મસાધનનારૂપ સાચી શૈલીને ભૂલી જઇ શાસ્ત્રાભ્યાસની શબ્દ જાળમાં પોતાનાજ આત્માને ફસાવી જડ઼ા ઋજુ ચરમ માર્ગવાહા એ સૂત્રના ભાવની માફક, શાસ્ત્રોના ઉપર બોજો બની પ્રવૃત્તિ જન્ય ઉપાધિરૂપ દુષ્ટ વ્યસનથી આત્માનું હિત કરી શક્યો નહિ

શ્રીમાન્ ચંદ્રજી મહારાજ પણ આજ ભાવને અનુસરતા એક પદમાં જણાવે છે —

સમકિત નવિ લહ્યુંરે તાતે રૂલ્યો ચતુર્ગતિમાંહી
ત્રસ સ્થાવર કી કરૂણાકીની, જીવ એક ન વિરાધ્યો

તીન કાલ સામાયક કીનુ, પણ શુદ્ધ ઉપયોગ ન લાંયો ર

અર્થાત્ યમ, નિયમ, સયમ, તપ જપાદિ અનત સાધનો અને અસખ્ય શાસ્ત્રોના અભ્યાસની પ્રવૃત્તિ પણ આ ત્રસસાર પરિભ્રમણમા અનતવાર સેવ્યા છતા પણ કલ્યાણ નિમિત્ત ન થઇ તેનુ શુ કારણ? આવી મહાન્ પ્રવૃત્તિઓ પણ અપૂર્વતારૂપે નહિં પરિણમતા પૂર્વતારૂપે કેમ પરિણમી?

ધર્મશાસ્ત્રકારો જણાવે છે કે કારણથી કાર્ય વ્યવહારથી નિશ્ચય, યા સાધનથી સાધ્ય, થાયજ તો પછી યમનિયમાદિ સાધનો અનતવાર કર્યા છતા શ્રેય ન થયુ તેનુ શુ કારણ? આવી શ્રેયાર્થે સેવાએલી શુભ પ્રવૃત્તિઓ પણ સાધન નહિં? સાધનતાની પરિસ્થિતિ શુ?

ઉત્તર-પુર્વસસ્કાર, જીજ્ઞાસા સદાજ્ઞા અને ધ્યેય પુર્વક જે શુભ ક્રિયા પ્રવૃતિ તેજ સાધન અને તેજ અપૂર્વ છે આ વાર હેતુ શ ય પાય મહાન્તાં ગમે તેવી શુભ પ્રવૃત્તિઓ હોય તો પણ તે સાધન નથી, પણ પ્રવૃત્તિ છે, પૂર્વ છે, અને સ સાર પરિણામિક છે

આવી અ તિ પ્રવૃત્તિઓ થયા છતા શ્રેય ન થવાથી અને સસાર પયટનના અનંત બધનો તથા દુ ખોથી ઉદવેગ પામી જીજ્ઞાસુ જીવાત્મા સત્સની શોધમા નિકળતા પૂર્વ જન્માતર ના પુનિત સસ્કારાથી સ દ્ગુરૂ મળતા, તેના હૃદયમા અપૂર્વ ભાવના પ્રેમ અને ઉત્સાહ જાગ્રત થાય, અને તેથી જ્ઞાની મહાત્મા જીજ્ઞાસુ જીવને જણાવે છે '—

> અબ ક્યો ન વિચારત હૈ મનસે,
> કછુ ઓર રહા ઉન સાધનસે,

તુ હજી તારા મનમા વિચાર કેમ કરતો નથી અનત સાધનો જેના વિના નિષ્ફલતાને પામે । તેવુ કોઇ અનેરિક અદભૂત અપૂર્વ સાધન બાકી રહ્યુ છે જે સાધન સદ્ગુરુ ની કૃપા વિના કદાપિ તને લક્ષગત થવાનુજ નથી એ નિશ્ચય દ્રઢ માનજે

જૈનદર્શન શાસ્ત્રની પ્રણાલિકા પ્રમાણે જણાવ્યુ છે કે જ્ઞાનાવરણીય કર્મની ૩૦, દર્શનાવરણીયની ૩૦, અંતરાયની ૩૦ વેદનીયની ૩૦, ગોત્ર તથા નામકર્મની ૨૦, અને મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે અનંત ભવ પર્યટનમા અનંત દુઃખો સહન કરતા અકામ નિર્જરા (કર્મનુ ખરવુ)ના યોગે બળવાન કર્માને મંદ પરિણામી કરતા તે સાતે કર્મની ૨૦-૩૦ અને ૭૦ કોડાકોડીની સ્થિતિને વર્ષના છેલ્લા દિવસની છેલ્લી રાત્રીના છેવટના કલાક જેમ રાત દિવસ, અઠવાડીઉ પક્ષ માસ અને વર્ષની સ્થિતિ ૧ કલાકની રહે છે તેમ સર્વ કર્મની એક કોડાકોડી સાગરોપમની સમપરિણામ સ્થિતિ રહે છે તે સ્થિતિને યથાપ્રવૃત્તિકરણ કહે છે આવી પરિસ્થિતિમા જીવ આ અનંતવાર આવ્યા છતા, સન્માર્ગની ક્ષીણતા કરી શકતો નથી જેથી આ પણ પૂર્વ પરિસ્થિતિ છે

જ્યારે યથા પ્રવૃત્તિકરણમાથી મુક્ત થઇ નીચે દર્શાવેલ આત્મિક ગુણોને મેળવી, અપૂર્વકરણના આરંભક બને છે ત્યારેજ અપૂર્વ પરિસ્થિતિને પ્રાપ્ત થાય છે

આ પ્રમાણે પૂર્વ અને અપૂર્વની વ્યાખ્યા કરી અપૂર્વતા શુ છે તેનુ બ્યાન, તેની મહત્તા તથા આવશ્યકતા દર્શાવવા માટે પહેલી ભૂમિકા સ્થાપિત કરી હવે અપૂર્વતાનુ વર્ણન જણાવે છે

સન્માર્ગની શોધ યા જીજ્ઞાસુ વૃત્તિ
ભૂમિકા ૧ થી ૩ નુ વર્ણન

૧ મુમુક્ષુતા ૨ તીવ્ર વૈરાગ્ય ૩ સમ્યક્જ્ઞાન

નિચે દર્શાવેલા ૭ આત્મિક ગુણો (સાધનગુણો) ના અભાવે, પૂર્વે અનંત સાધનોની ઉપાસના કર્યા છતા, અપૂર્વતાની પ્રાપ્તિ થઇ નથી તે ગુણો દર્શાવે છે

અપુર્વતાના ૭ આત્મિક ગુણો

૧ પૂર્વસંસ્કાર ૨ જીજ્ઞાસા ૩ સદ્ગુરુની સાચી ઓળખાણ ૪ સ્વરૂપ ભક્તિ ૫ અંતરત્યાગ વૈરાગ્ય ૬ ક્ષપકશ્રેણી ૭ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ

૧ પૂર્વસંસ્કાર.

જીવાત્માને સુખદુઃખની ભાવનાના અનંતસંસ્કારો ઉત્પન્ન છે અને વિનાશ થાય છે, પરંતુ જે સંસ્કારથી આંતરિક શક્તિઓ જાગ્રત થાય, કર્માવરણથી મલીન થએલ આત્મા તે આવરણબંધનને તોડવા શક્તિમાન થાય, તથા જે સંસ્કાર સતસ્વરૂપ સમજાવવા અને પ્રાપ્ત થવામાં યોગ્ય વા સાધનભૂત થાય, તેનેજ પૂર્વસંસ્કાર વા સત્સંસ્કાર કહે છે

૨ જીજ્ઞાસા.

પરમાર્થતત્ત્વ પામવાની સાચી ભાવના તેને જીજ્ઞાસા કહે છે અહિં ઘણા જીવાત્માઓને પ્રશ્ન ઉદ્ભવ છે કે કલ્યાણ કરવાની તો લાખો જીવોને ભાવના થાય છે તો તેઓની ભાવના અપૂર્વ વા જીજ્ઞાસા યુક્ત ન કહેવાય?

ઉત્તર—કુનાચારના સંસ્કારોને લઇ કલ્યાણ કરવાની જે ભાવના તે સાચી જીજ્ઞાસા નથી, પણ કુનાચારના સંસ્કારોથી ઉત્પન્ન થએલી કૃત્રિમ ભાવના છે, કલ્યાણની ભાવના સાચી તેનેજ ઉદ્ભવી કહી શકાય કે, અકલ્યાણરૂપ જે સંસારની વૃદ્ધિ કરનાર ક્રોધ, માન, માયા લોભ, એ ચાર કષાય, મોહ મિથ્યાત્વ અજ્ઞાન અનીતિ, અધર્મ, સ્વાર્થ વિષયવિકાર, મૂર્છા, મમત્વ તૃષ્ણા, પૌદ્ગલિક પદાર્થો તરફ પ્રીતિ, આસક્તિ તથા રાગદ્વેષાદિ આત્મઘાતી દોષો સેવન કરવાથી તથા વધારવાથી પાછો હઠે, જો તેમ ન થાય પણ તે દોષો વધારવા જીવન પસાર થાય તો તે જીજ્ઞાસા નથી પણ કૃત્રિમ ભાવના વા કલ્પના છે

ઉપરોક્ત આત્મવાની જેઓની ક્ષણે ક્ષણે મુક્ત થવા મનર પુ ષાર્થ ન્રતો હોય અને મંસારના અનન મોહ પદાર્થોમા મવથી ઉત્કૃષ્ટ મોહ પદાર્થો સ્ત્રી ધન કુટુમ અને દેહ છે તે આગ્રે મેળ વવા સાચવવા અને ભોગવવામા જે પ્રેમ રહ્યી છે તેના મ્રના વધારે પ્રીતિ પરમાથ મ ગ તરફ થય અને માયિ- પદાર્થો નતેની પ્રીતિ આસક્તિમા મ ન્દ પરમાર્થ સાધન તરફ ભાવના તથા પ્રેમની વિશેષ જાગ્રતિ થાય અને તે મેળવવા વિશેષ પુરુષાર્થ થાય તેને સાચી ગુણમા કહે છે પુનમસ્મર અને ઉજ્વામા એ બે ગુણોના નણ થી પ્રથમ મુમુક્ષુતા તથા બીજી જીજ્ઞામા એ બે ભૂમિ ાનુ ધ્યાન આવી જાય છે

૩ સદ્ગુરૂની સાચી ઓળખાણ

એક પરમાણુથી માડી અનન વિશ્વાત્મક જગતના જે જે દ્રવ્ય પદાર્થો અને વિનાશ ને વિનાશી છે જડ છે તેથી અસત્ છે તે સર્વ પદાર્થની પ્રીતિ આસક્તિ અને આવરણથી રહિત અને વિશુદ્ધ સચિ દાનંદ અવિનાશી એવુ સત્ સ્વરૂપ જેના હૃદયમા પ્રગટ થયુ છે તે જ્ઞાની છે સદ્ગુરૂ છે

સદ્ગુરૂની ઓળખ ણ તેના બાહ્યાચરણને બાહ્ય દ્રષ્ટિથી નહીં જેના તેના સ્વરૂપ ચારિત્ર અને આ મજ્ઞાનની અપૂર્વ મહત્તાને અન્તદૃષ્ટિથી યથાર્થપણે જાણવુ તે મરૂપ ઓળખાણ છે

આ ત્રણ ભૂમિકામા શાસ્ત્રેના આનરિક ત્રણ ગુણો પ્રાપ્ત થવાથી અનંતમઆર વર્દ્ધક અનતાનુબંધિ કષાય (ક્રોધ માન માયા લોભ) નો ઉપશમ (શાન્ત) થાય છે કષાય મિથ્યાત્વ સહ આત્મભ્રાતિ મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ સ્વરૂપ પ્રતિબન્ધ તથા દુરાગ્રહનો નાશ, અને નિષ્પક્ષપાત દૃષ્ટિ તથા સરળતા પ્રગટે છે (અનંતાનુબંધી કષાય તથા મિથ્યાત્વાદિનુ વિશેષ વર્ણન આ લેખકકૃત શ્રી સદ્બોધ સંગ્રહ નામ પુસ્તકમા આવી ગયુ છે જેથી અત્રે સક્ષેપમાજ તેનું વર્ણન કર્યુ છે)

૪. સ્વરૂપભક્તિ.

જગતના કોઈ પણ પદાર્થની ઇચ્છા તથા મૂર્છા વિના તેમજ ઇહ-પરલોકના ભૌતિક સુખની યાચના વિના, આત્માર્થવતી પવિત્ર ભાવનાએ નિષ્કામપણે ત્રિવિધ યોગની શુદ્ધિથી, સત્ તત્ત્વની પ્રાપ્તિ માટે, પ્રેમ આજ્ઞા અને શ્રદ્ધાપુર્વક પરમકૃપાળુ સદ્ગુરૂ ભગવાનની ઉપાસના સેવા ભક્તિ કરવી તે નિષ્કામ સેવા વા સ્વરૂપભક્તિ કહે છે

સ્વરૂપ ભક્તિના સાધનભક્તિ અને સાધ્યભક્તિ એમ બે ભેદ છે સાધનભક્તિ મન વચન કાયાથી પીડાતા, વન અને રાગથી પીડાતા દુઃખી થતા દીન પરાધીન જીવોના દુઃખોને દૂર કરવા નીતિ દયા પ્રેમ અને ધર્મપૂર્વક પ્રયત્ન કરવું તેમની ઉન્નતિ કરવી, ત્રિધા યોગથી તેમની સેવા સુશ્રુષા કરવી પોતાના તન મન ધન અને જીવનનો સર્વથા ભોગ આપી તેમને દુઃખમુક્ત કરવા હિંસક પ્રાણીઓ જાલિમ સત્તાઓ અને અનેક ભયંકર આફતોમાંથી તેમને રક્ષણ કરવા તથા શરીર મન અને ધનથી સદ્ગુરુની સેવા કરવી, પર્યુપાસના કરવી, તે સાધન ભક્તિ છે

સાધ્યભક્તિ—પરમતત્ત્વસ્વરૂપના ધ્યેયપૂર્વક જગદાસક્તિ અને દેહાધ્યાસ ભાવથી મુક્ત થઇ, ભૌતિક સુખની અલ્પ પણ ઇચ્છાનો ત્યાગ કરી પરમકૃપાળુ સદ્ગુરૂ ભગવાનની નિષ્કામપણે, શ્રદ્ધા પ્રેમ અને આજ્ઞાવર્તિપણે, ત્રિધ યોગથી સેવા-ભક્તિ કરવી અખિલ બ્રહ્માંડના અનંત જીવાત્માઓના પ્રારબ્ધ જન્ય દુઃખો તથા આકસ્મિક અકસ્માતો દૂર કરવા માટે પોતાના સર્વસ્વ જીવનની આહુતિ આપીને પણ નિષ્કારણ કરૂણાથી જીવોનું શ્રેય કરવું તેમજ દેહાધ્યાસદૃષ્ટિ અને રાગદ્વેષથી બીજા જીવો પ્રત્યે ઉચ્ચ નીચની ભાવનાથી રાગદ્વેષ વા વિષમ પરિણામ વૃત્તિ થાય છે તેનો ક્ષય કરી, "आत्मवत् सर्व भूतेषु यः पश्यति स पण्डित " અખિલ

વિશ્વના અનંત દેહાત્માઓ પ્રત્યે આત્મસ્વરૂપે જોવાની અભેદ દૃષ્ટિ અને વિશ્વવ્યાપિ પ્રેમ પ્રગટ થાય તેને સાધ્યભક્તિ વા સ્વરૂપ ભક્તિ કહે છે

૫ અંતરત્યાગ—વૈરાગ્ય.

આત્માને આવરણ અને બંધન કરનાર તથા સંસારપરિભ્રમણ કરાવનાર જે જે આત્મઘાતી દોષો છે તેનો સૂક્ષ્મદૃષ્ટિ પૂર્વક વિચાર કરી તેનો નાશ કરવો તેનું નામ અંતરત્યાગ અને તે દોષો નાશ કરવામાં માયિક પદાર્થો તરફ જે ઉપેક્ષા આસક્તિની મંદતા-ઉદાસીનતા તેનું નામ વૈરાગ્ય

ધન ધાન્ય કુટુંબ સ્ત્રી વા ઘરબાર છોડી ત્યાગી થઇ જંગલમાં રહેતો હોય પણ જો આન્તરિક દોષોનો નાશ ન થયો અને સમભાવ ન પ્રવર્તતો હોય તો તે સાચો ત્યાગ નથી પણ બાહ્ય ત્યાગ છે અને એવો શુષ્ક બાહ્ય ત્યાગ તો અનેક ગરિબ મનુષ્યો ભિખારીઓ વા જંગલના પશુ-પક્ષીઓમાં પણ દેખવામાં આવે છે છતાં તેનું શ્રેય થતું નથી કેમકે તે પુન: બંધનરૂપ છે જે ત્યાગથી આત્મા જાગ્રત થઇ પ્રયત્નશીલ બની કર્મ બંધનથી મુક્ત થવા અને નિર્વાણના વા વિશુદ્ધિ ઉત્પન્ન થાય તેજ સત્ય ત્યાગ-વૈરાગ્ય છે

૬ સદ્વિચાર શ્રેણી.

અનાદિ કાલ થયાં અજ્ઞાનપણાને લઇ કર્મવાસનાથી ઉત્પન્ન થએલ બંધન કુટુંબાદિ મોહવદ્ધક દૃશ્ય પદાર્થોમાં મમત્વ ભાવના કરી તૃષ્ણા આસક્તિ પૂર્વક તેને પોતાના (આત્માના) માની તેમાં તન્મયપણે રમી રહ્યો છે તેજ અધર્મ છે તેજ બંધન વા સંસાર છે માયા આસક્તિ મૂર્છા અને અજ્ઞાનનો ત્યાગ કરી, તે બંધનથી મુક્ત થવા આત્માનું સ્વરૂપ વિચારવું

અર્થાત્—હું કોણ છું ? ક્યાંથી થયો ?
શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?

કોના સબંધે વર્ગણા છે ?
ગણ્યુ કે ? એ પન્હરૂ ?

એ સત્ક્રિયાનુસારે આત્મા કોણ છે ? તેનુ શુ સ્વરૂપ છે ક્યાથી ઉત્પન્ન થયો છે વા અનુત્પન્ન છે ? આત્માને કેનો સંબધ વા બધન છે ? તેનો કેમ નાશ થાય ? આત્મા અરૂપિ ચેતન્ય છતા તેને જડ રૂપિ કર્મનુ આવરણ કેમ આવી શકે ? તે આવરણ વસ્તુ રૂપેજ છે કે અમાત્મક પણે માન્યતા રૂપ બધન વા આવરણ છે ? આવરણનો નાશ કેમ થાય આવરણ બધન અને ભવ ભ્રમણાની ઉપાધિ કેમ દૂર થાય ? એનો સુક્ષ્મ વિચાર કરવો સદગુરુની આજ્ઞાપૂર્વક વર્તિ શ્રદ્ધા ભક્તિ તથા નમ્રતાદિ આત્મિકગુણો જાગ્રત કરી, ઞાનગ વિચાર પૂર્વક શોધ કરવાથી જડ તથા શુદ્ધ ચૈતન્યાત્માની ભિન્નતા સમજવામા તથા ભેદ ભિન્ન સ્વાત્માનુભવ થવામા જે શુદ્ધ વિચાર જ્ઞાન તેનુ નામ સદ્વિચાર શ્રેણી વા વિવેક છે

૭ સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ

વિવેકજ્ઞાનને લઇ જડપદાર્થની આસક્તિ આવરણ અને અજ્ઞાનને દૂર કરી શ્રદ્ધા વૈરાગ્ય અને ભક્તિવી આત્માનો સ્વાનુભવ થાય, તે સમ્યક્ત્વજ્ઞાન છે આ વિષયનુ વર્ણન આ પદની ૩ જી ગાથામા વિશેષતાથી આવશે જેથી અહિં સક્ષેપમા જણાવ્યુ છે

આત્માની જાગ્રતી નિરાવરણતા અને વિશુદ્ધિ થવામા ઉત્કૃષ્ટ સાધનભૂત આ સાત ગુણો જેમા રહેલા છે એવી જે શક્તિ તેને અપૂર્વ અવસર કહે છે જેની પ્રાપ્તિથી આત્મા સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રને મેળવી પરમપદની સિદ્ધિ પામે છે, તેજ અપૂર્વ અવસર પ્રાપ્ત કરવા પૂર્વ સંસ્કારી જીજ્ઞાસુ જીવાત્મા એ પોતાના હૃદયમા દૃઢ ભાવના પ્રગટ થતા પ્રયત્ન પુરુષાર્થ સેવી તે શક્તિ મેળવવા પરમ ભાગ્યશાળી બનવુજ જોઇએ એ તેનુ કર્તવ્ય છે, જે અપૂર્વ શક્તિ

આત્મા સંસાર મુક્ત થશે નહિ તથા વિવેક જ્ઞાનને પામશે નહિ સમાધાન સમજ્યા વિના બીજાં બધાં બાહ્ય સાધનો બંધનરૂપ થવાથી આત્મહિત સાધવાનો સમાગમ હાથમાંજ ન આવ્યો, માટેજ જ્ઞાનીઓ કહે છે કે સત્પુરુષની કૃપા મેળવ્યા વિના તપજપાદિ સર્વે સાધનો ભમ પ વા આવ ણ ક બંધનરૂપજ છે

આત્મહિત થવામાં પરમસાધનભૂત સદ્ગુરુ સમાગમ - પરમ શાન્તિ પ્રાપ્ત કરવાનો પરમભાગ્યશાળી એવો અપૂર્વ અવસર ક્યારે આવશે? આ ભાવનાથી બીજે પણ અનેકાન્તિભાવ નીકળે છે નિષ્કામભક્તિ વાળો પુદ્ગલાનંદિ જીવ કોઇ દેવની ઉપાસના કરતાં, પ્રસન્ન ચિત્ત થએલ દેવ કૃપાસિંધુ વર માગવાનું કહે તો સકામનાસક્ત અજ્ઞાની જીવ તો ભૌતિક પદાર્થની વા ક્ષણિક સુખની માગણી કરે, પણ નિષ્કામભક્ત મહાત્મા **શ્રીમાન રાજચંદ્રજી** પ્રાર્થના પૂર્વક જણાવે છે કે સંસાર બંધન, દુઃખ અને ભવભ્રમણથી મુક્ત થવા માટે બાહ્યાભ્યંતર ત્યાગની પરમ નિસ્પૃહી નિગ્રંથદશા પ્રાપ્ત થવાનો અપૂર્વ અવસર આપના કૃપાવંત થાઓ એજ અભ્યર્થના છે

વાસના વૃત્તિ અને મનના સંયમ વિના બાહ્ય ત્યાગ એ સાચો ત્યાગ નથી પણ ઉપાધિરૂપ છે, તે કલ્યાણરૂપ નથી પણ દુઃખના રૂપ છે વિષય કષાય અજ્ઞાન અને રાગદ્વેષાદિ અંતર દોષોના નાશ પૂર્વક આભ્યંતર ત્યાગથીજ આત્માની સિદ્ધિ છે

પ્રશ્ન—આવા કલ્યાણમાર્ગી આભ્યંતર ત્યાગની ભાવના કરવી એ તો ઉચિત છે પણ સાથે બાહ્ય ત્યાગની ભાવના **શ્રીમાને** શામાટે દર્શાવી છે?

ઉત્તર—'બાહ્ય તથા અભ્યંતર નિર્ગ્રંથ' એ વાક્ય બાહ્ય ત્યાગની મહત્તા દર્શાવી છે કે બાહ્યભાવથી નહિ પણ સ્વસ્વરૂપ નિશ્ચય ભા ણી છે આભ્યંતર જ્ઞાન જાગ્રતિ વિના કેવળ બાહ્ય ત્યાગથી આત્માનું કલ્યાણજ નથી ત્યારે આભ્યંતર ત્યાગ કેવળ

આત્માનુ શ્રેય છે પણ વિશ્વનુ કલ્યાણ નથી કેમકે બાહ્યત્યાગ ધારણ કર્યા વિના અભ્યંતર ત્યાગી આત્મજ્ઞાની મહાત્માને સંસાર વાસનામા આસક્ત થએલ માણિસ જો બાહ્ય દ્રષ્ટિથી જોતાં તેમને ઓળખી શકતા નથી કોઇ પૂર્વ સંસ્કારી વિરલ આત્માજ અંતર્દૃષ્ટિથી તેમને જ્ઞાની તરીકે ઓળખી શકે છે

અને તે કારણમાટે બાહ્યદૃષ્ટિ જીવો ન ઓળખી શકવાથી મહાત્માના સંગમા આવતા આત્મહિત કરવાને બદલે તેમની નિંદા, અવગણના અને આશાતના કરી અનંત સંસાર વધારી બેસે છે આભ્યંતરજ્ઞાની જો કે વિશ્વનુ કલ્યાણ કરવા શક્તિમાન છે અર્થાત્ વિશ્વનુ હિત કરવાની શક્તિ તેમના હૃદયમા રહેલી છે પણ લોક તેમને જ્ઞાની તરીકે ન જાણવાથી સમાજ તથા વિશ્વ તે મહાત્માની પાસેથી શ્રેય સાધના કરીશકતા થતુ નથી, જ્યારે આભ્યંતરત્યાગ પૂર્વક બાહ્યત્યાગ હોય તો તેમના સદુપદેશ તથા સદાચરણની અસર જનસમાજના સમૂહ ઉપર થાય છે અને તેથી ઉન્નતિ કરી શકે છે બાહ્યાંતર ઉત્કૃષ્ટ ત્યાગને ધારણ કરનાર તીર્થંકરાદિ સર્વ પ્રભુઓ એ જનસમાજના અનંત જીવોનુ જેટલુ હિત કર્યુ છે તેટલુ હિત બાહ્યત્યાગ રહિત આભ્યંતરજ્ઞાની કે ગૃહસ્થ જ્ઞાની કરી શક્યા નથી માટે વિશ્વ ઉદ્ધારની અનંત કારુણ્યભાવના તથા અપરિમિત નિષ્કારણ કરુણાથી જ આત્મજ્ઞાની મહાત્માઓને આભ્યંતર ત્યાગની સાથ બાહ્યત્યાગની પણ પ્રાગ્ભાવ ભાવના સ્ફુરાયમાન થાય છે અપૂર્વ શક્તિરૂપ અપૂર્વ અવસર બાહ્યાંતરત્યાગરૂપ અપૂર્વ અવસર અને તે સર્વ સંસારનુ મૂળ નિકંદન છેદી

સબંધ ભાવ બે પ્રકારે છે સમવાય સબંધ અને સબંધી સબંધ

સુવર્ણની સાથ જે પીળાશ છે તે સમવાય સંબંધ ગુણી અને ગુણના અભિન્ન સબંધ રહ્યા છે પરંતુ તેની સાથ જે ધુળનો સબંધ

છે તે સર્વેની મળ છે, આ સંબંધ ક્યારે અને કેવી રીતે થયો તે જો કે આપણે જાણી શકતા નથી, પણ કયા સાધનોથી અને કેવી રીતે તે સંબંધ (ધુળી સંબંધ) દૂર થશે અને સુવર્ણ શુદ્ધ થશે તે આપણે જાણીએ અને કરી પણ શકીએ છીએ તેમ આત્મા અને સમ્યગ્જ્ઞાન દર્શન આદિનો સંબંધ સમવાય જેવા અભિન્ન સંબંધે છે, પરંતુ આત્માની સાથે જે રાગદ્વેષ અજ્ઞાનાદિનો સંબંધ છે તે તેવી સંબંધ છે

અનાદિ કાળના અનંતસમય પરિણમનમાં આત્માની સાથે કર્મનો સંબંધ ક્યારે અને કેવી રીતે થયો તે આપણે જાણી શકતા નથી, પણ સુવર્ણ અને ધુળ સંબંધ અગ્નિ ખાર તથા સોની આદિ સાધનોથી દૂર થઈ શકે છે તેમ આત્માની સાથેનો કર્મ સંબંધ પણ જ્ઞાતામાં સદ્‌ગુરુ સંગ, સદ્‌ભાવ તીવ્ર વૈરાગ્ય તથા સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રાદિ સાધનોથી દૂર થઈ શકે છે આત્માની સાથેનો કર્મ સંબંધને નાશ કરવાની જ ભાવના કલ્પિત તરંગ નથી પણ વાસ્તવિક સમજણ છે, અશક્ય વા અસંભવિત નથી પણ શક્ય-સંભવિત છે, એટલું જ નહિ પણ અગમ્ય છતાં પ્રાપ્ય છે

સંબંધ શું અને કેવા સ્વરૂપ છે તે જણાવે છે.

કર્મ સંબંધના ૩ ભેદ

૧ બાહ્ય સંબંધ—શરીર ધન કુટુંબ સ્ત્રી તથા ઘર વિગેરે

૨ અભ્યંતર સંબંધ—મન વચન ક્રોધ, માન માયા, લોભ હાસ્ય, રતિ, અરતિ ભય, શોક, દુર્ગંછા, ત્રણ વેદ ઈત્યાદિ સો, તથા જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો અર્થાત્ નોકષાય કષાય અને દ્રવ્યકર્મ, ઈત્યાદિ

૩ સૂક્ષ્મ સંબંધ—રાગદ્વેષ અને અજ્ઞાન વા ભાવ કર્મ.

આ સર્વે સંબંધો અને તેથી ઉત્પન્ન થતા અનંત કર્મો, આસ્રવો, ભવબંધો, સુખદુઃખની અનંત વેદનાઓ, દુઃખો, તથા તેની

ન્યુનાધિક્તાનુ મૂળ મરણ વા મન મનાદિ સૂક્ષ્મબંધન તે રાગ દ્વેષને અજ્ઞાન છે તેજ સૂક્ષ્મબંધ ના ભાવકર્મ છે વા તેજ સર્વ ઉમ મમત્વ મૂળ વા ઉપાદાન કારણ ના સમાધારણ કારણ છે વિષ વૃક્ષના ડાળા-પાંદડા નાશ થવાથી ખરી જવાથી વા ન્યુનાધિક થવાથી વિષ વૃક્ષના નાશ થતો નથી પણ તેના મૂળનો નાશ થવાથીજ ઝાડનો નાશ થાય છે તેમ માત્ર દ્રવ્ય કર્મો ન્યૂનાધિક થવાથી બંધન વા ભવ ભ્રમણનો નાશ થતો નથી પણ સર્વ સંબંધ અને બંધનના મૂળ સૂક્ષ્મ ભૂત જે ભાવકર્મ છે તેનો તીક્ષ્ણ નાશ આત્યાતિક નાશ વા મૂળમાંથી નાશ થવાથીજ સંસારરૂપ વૃક્ષનો અભાવ થાય છે સર્વ સંબંધ બંધનરૂપ અનંતભવ વૃક્ષ આના મહાન્ વિશાળ ભાવકર્મનો નાશ કરનાર એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

નિચરીશુ કવ મહત્ પુરૂષને પથજો ”

ગચ્છમતની જાળ રહિત મમત્વ મનાગ્રહને સંપ્રદાયના મોહ રહિત, માન પૂજાના ગર્વ સ્વાર્થ રહિત પૌદ્ગલિક પદાર્થોની આસક્તિ ઇંદ્રિયોની તુચ્છના તથા વમના વગ પ્રપંચ ।। અધર્મો અને દુઃખ ઉપાધિ તથા આવરણ બંધન રહિત કનેરાભાવ સંકુચિત દૃષ્ટિ કુસંપ અને કલુષિત પરિણામ રહિત અને જગતભર દૃષ્ટિ દેહાધ્યાસ તથા રાગદ્વેષાદિ બંધનો રહિત એવો પરમ કલ્યાણકારી માર્ગ કે જે માર્ગમા સમભાવ વિશ્વવ્યાપિ પ્રેમ આત્માકાર વૃત્તિ પ્રભુ સ્વરૂપ વિશ્વ દ્રષ્ટિ વા વિશ્વનુ ઉદ્ધારકત્વ રહ્યુ છે, વળી જે માર્ગમા પ્રેમ ઐક્ય અને અભિન્નતાના અનંત પ્રવાહો ઉછળતા હોય જે માર્ગથી આત્મા સમાજ દેશ અને વિશ્વની ઉન્નતિ-આઝાદી થતી હોય, મળ વિક્ષેપ આવરણરૂપ અનંત કર્મો- બંધનોનો નાશ થતો હોય એવા પુનિત માર્ગે જ્ઞાની મહાત્માઓ વિચરી

[illegible] છે તેવા [illegible]
સ્યાદ્વાદનો અને
" [illegible]
અરિહંત [illegible]
[illegible]
[illegible]
તમને અને અખિલ વિશ્વને [illegible] હો !

નવમ ભૂમિકા અને પ્રથમ શાખા

સમાપ્ત.

ોનતામાં શુ
ાબ્દાર્થભાવ
માન્ય અર્થ
૨૭-૨૩૫માં
છે, જેથી
। ભિન્નતા

। વીતરાગ
આત્માથી
ો આસક્તિ
ાસના પ્રત્યે
ાગ્ય તેનો
ોગરાગતા
ઉદાસીન
ને રાગે

ાના ત્રણ

૨ જી ગાથા ૨ જી ભૂમિકા–તીવ્ર વૈરાગ્ય

મૂળ

સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો અપૂર્વ

વાક્યાર્થ—સર્વભાવોથી અંતર વૃત્તિ ઉઠાવી (વિરક્ત ભાવ) બનાવી દેહને માત્ર સંયમના માર્ગે રાખી સંયમના કારણ અને વીતરાગ દશાની પ્રાપ્તિ વિના અન્ય ભાવો ત્યાગ કરી દેહ પ્રત્યે અલ્પપણ મૂર્છા રાખ્યા વિના અમૂર્છિત અને ઉદાસીન પણે વિચરવાનો મહાન્ ભાગ્યશાળી અપૂર્વ અવસર ક્યારે આવશે?

વિવેચન

સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી ઉદાસીનતા એ એક મહાન્ આત્મ ગુણ છે પરંતુ ઘણા જીવો માંઓ તેના રહસ્યો સમજતા ન હોવાથી ઘણી વખતે ઉદાસીનતાને દીનતા વા ગરીબાઈના રૂપમાં ઘટાવે છે એ ભૂલ છે દીનતામાં ગરીબાઈ સ્વાર્થ ગરજ વા નિરાશ્રયતાનો ભાવ હોય છે જેથી તે આત્મિક ગુણ નથી પણ દુઃખી સ્થિતિમાં ઉપજતી મનની નબળાઈ છે જો કે દીનતા શબ્દનો કોઈ સ્થળે ઉદાસીનતા અર્થ જણાયો છે પણ ક્વચિત્ પ્રસંગેજ તેવો અર્થ હોય છે ઉદાસીનતાના ભાવને અનુસરતા ૩ ભાવ છે
૧ દીનતા વૈરાગ્ય અને ઉદાસીનતા

દીનતાનો ભાવ દર્શાવ્યો હવે વૈરાગ્ય અને ઉદાસીનતામાં શું તફાવત છે તે જણાવે છે વૈરાગ્ય અને ઉદાસીનતામાં શબ્દાર્થભાવ સરખો છે, પણ રહસ્યાર્થ ન્યારો છે વૈરાગ્ય શબ્દનો સામાન્ય અર્થ વિરક્તદશા થાય છે અને આ ભાવને વિકલ્પદશાને વીતરાગસ્વરૂપમાં ઘટાવિએ તો વૈરાગ્ય અને ઉદાસીનતા એક રૂપ થાય છે, જેથી તે ભાવોને વિચાર પૂર્વક સ્પષ્ટતાથી જણાવી બનેની ભિન્નતા જણાવે છે

વૈરાગ્ય અને ઉદાસીનતા એ મનોભાવો (તરંગો) વીતરાગ દશાના અંગો છે દેહાધ્યાસદૃષ્ટિ અને જગદાકારવૃત્તિથી આત્માથી ભિન્ન જે પરપદાર્થરૂપ જગતના ભૌતિક-માયિકમાં રહેલી આસક્તિ વિગેરે બંધનોપના નાશની શરૂઆત અર્થાત્ સંસારવાસના પ્રત્યે પ્રીતિ મોહનો અભાવ થઇ વિરક્તદશાની શરૂઆત એ વૈરાગ્ય તેનો વિશેષતાથી નાશ એ ઉદાસીનતા અને સર્વથા નાશ એ વીતરાગતા

વૈરાગ્ય એટલે સંસાર પ્રત્યે ઉપેક્ષા અનાસક્ત વૃત્તિ ઉદાસીનતા એટલે વિરક્તદશા વા દ્વેષાભાવ અને વીતરાગતા એટલે રાગદ્વેષાદિ સુક્ષ્મકર્મનો અભાવ

પ્રશ્ન—આ ત્રણે શબ્દોનો ભાવ એક સરખોજ છે છતાં ત્રણ શબ્દો મુકવાની શું જરૂર છે?

ઉત્તર—આવરણ કર્મની તરતમ્ય (ન્યૂનાધિક) ક્ષીણતાને લઇ, અન્તરાત્મા (શુદ્ધમન) ની તરતમ્ય ક્ષયોપશમતાને લઇ તથા આત્માની તરતમ્ય શુદ્ધિને લઇ એક ભવની ન્યૂનાધિક્તા દર્શાવવા ત્રણ શબ્દોનો શાસ્ત્રકારોએ ઉપયોગ કર્યો છે અને સુક્ષ્મતાથી વિચારતા તે યથાયજ છે

પૂર્વસંસ્કારની જાગૃતિને લઇ જીજ્ઞાસાથી સમ્યગ જ્ઞાનની પ્રાપ્તિ સુધીમાં એટલે પ્રથમ ગુણસ્થાનકથી ચોથા ગુ સુધીમાં કષાયની

ઉપશાંતિ તથા આવરણની મ ન ને લઇ તેમજ સદ્ગુરુનો સમાગમ શ્રદ્ધા, સદુપદેશ ભક્તિ અને ક્રમ તથા પુરુષાર્થને લઇ સમારવર્દ્ધક ઉદ્ભૂતમોહજ ય મા ર્કનિમિત્તો-પ થોની અ કર્ષણ પ્રીતિ તથા આસક્તિની મદતાને ન ! સમાર પ્રતેની જે વિરમ્ન ભ ના-ઉપેક્ષા વૃત્તિ તેને જ્ઞાનીઓ વૈરાગ્ય કે છે

સમારવર્દ્ધક અને મધ્ર કરનાર જે જે નિમિત્તો જેના કે ગચ્છ મન્નાગ્રહ કીર્તિ યાશક્તિ, અસદ્ગુરુમોહ તથા સ્ત્રી ધન કુટુંબ દેહાદિ આસક્તિ તે અશુભ નિમિત્તો છે તેના પ્રત્યે પ્રથમ અરુચિ અનાસક્તિ અને ઉપેક્ષા એમ અનક્રમે વર્તન પરિણમન થાય છે એ વૈરાગ્યનુ પ્રથમ પરિણમન છે અને પછી કષાય વિષયની ઉપશાંતિ થાય છે અને આત્માને સ માર્ગે દોરી જનાર (સ માર્ગ) જાગ્રત કરનાર અને શુદ્ધિ કરનાર તથા આવરણ કર્મબંધનથી મુક્ત કરનાર શાસ્ત્ર ક્રિયા સ દેવ સદ્ધર્મ સદ્ગુરુ તરફ આકર્ષણ પ્રીતિ શ્રદ્ધા અને ભક્તિ જાગે છે જેથી સમાર તરફ ઉપેક્ષા ના અનાસક્ત ભાવ ઉપજે તે વિરક્તભાવ ને વૈરાગ્ય કહે છે વૈરાગ્ય પ્રથમ ગુણ સ્થાનકે જિજ્ઞાસુ વૃત્તિમા ઉદ્ભવે છે અનેપછી વૃદ્ધિ પામતો તીવ્રતા રૂપ થઇ ચાથે ગુણસ્થાનકે ઉદાસીનતા સાથે પરિણામે છે વા ઉદાસીનતાના રૂપમા પરિણામે છે

વૈરાગ્યની સ્થિતિ પ્રાપ્તિ અને પરિણમનભાવ શોધ કે વૈરાગ્યની સ્થિત સમાર પ્રત્યે ઉપેક્ષારૂપ વિરક્ત શા પ્રાપ્તિ પ્રથમ ગુ સ્થાન તિમા અને પરિણમન-સમ્યગ્પ્રાપ્તિ સ્થાનક ચોથે ગુણ થનક અર્થાત્ સમારવર્દ્ધક અશુભનિમિત્તો ન ! ઉપેક્ષા અનાસક્તવૃત્તિ તથા પરમાર્થ સાધનો રૂપ શુભ નિમિત્તો પ્રતે પ્રીતિ આસક્તિ અને અનંતાનુબંધિ કષાયનો ઉપશમ એ સ્થિતિને જ્ઞાની મહાત્માઓ વૈરાગ્ય કહે છે

ઉદાસીનતા.

સમ્યગ્જ્ઞાનદશા પ્રાપ્ત થયા પછી પૂર્વપ્રારબ્ધ કર્મથી શુભાશુભ કર્મના ઉદય સમયે હર્ષ-શોક ન કરતા તન્મય ના થતા રાગ ન થતા અશુભ તરફ અરુચિ અને શુભ તરફ પ્રીતિ કરવારૂપ વિષમ દશા ન લાવતા હિંસા મૈથુન તથા આરંભ પરિગ્રહાદિ ગમે તેવી અશુભ પ્રવૃત્તિ, તથા કિનષ્ટકષાય અને રાગદ્વેષ જન્ય ગમે તેવા અશુભ વિચારો તથા ધ્યાન ચારિત્ર મહાવ્રતાદિ ગમે તેવી શુભ પ્રવૃત્તિ, તથા ક્ષમા ધીરજ સહનતા કરૂણા પરોપકાર ભક્તિ ને જ્ઞાન વિગેરે ગમે તેવા ઉત્તમોત્તમ સદ્વિચારોમા આત્મોપયોગ પૂર્વક સમપરિણામે, અલિપ્તતાએ, તથા દ્રષ્ટાભાવે જે શુભાશુભ પ્રારબ્ધનુ વહન કરવુ તેનુ નામ ઉદાસીનતા કહેવાય છે

વૈરાગ્યમા કષાયનો ઉપશમ થાય છે અને તેથી બંધનકારક અશુભ વૃત્તિઓ વા અશુભ કર્મોનો નાશ અને આત્મકસાધક શુભકર્મોની વૃદ્ધિ થાય છે, જ્યારે ઉદાસીનતામા સમવેદનતાથી શુભાશુભ કર્મ બન્નેનો નાશ થાય છે કેમ બન્ને ભાવો તરફ અનાસક્તતા અને સમવેદનતા હોય છે

વૈરાગ્યમા કષાયનો ઉપશમ હોવાથી પરમાર્થ સાધક પુન્ય બંધાય છે, અને ઉદાસીનતામા કષાયનો ક્ષયોપશમ હોવાથી શુભાશુભ બન્ને કર્મોની નિર્જરા થાય છે તેમજ ઉપયોગ તથા સ્થિરતાની તન્મયતાને લઇ નિર્જરાની સાથે પુન્યાનુબંધિપુન્ય પણ બંધાય છે

પ્રશ્ન—નિર્જરા સાથે પુન્યાનુબંધિ પુન્ય બંધાય છે તો નિર્જરા અને બંધ બન્ને સાથે કેમ હોય ?

ઉત્તર—જ્યા સુધી વીતરાગ દશા આવી નથી ત્યા સુધી ૪ થા ગુ થી લઇ ૭ મા ગુ સુધિમા જે ભાવચારિત્ર છે તે સરાગ સંયમ છે, અર્થાત્ જગતના લૌકિક શુભાશુભ પ્રારબ્ધમા ઉપયોગ સ્થિરતા, અને હર્ષ-શોકનો અભાવ આત્મજ્ઞાનીને રહે છે, પરંતુ

૬-૭ ગુ સુધિ ચારિત્રાવરણીય કર્મનો સર્વથા નાશ થતા નથી, સજ્વલની કષાય રૂપ કન્ય કષાય તથા હાસ્યાદિક નોકષાયરૂપ ચારિત્રાવરણીય કર્મ રહ્યુ છે જેથી સદ્ગુરૂ સ્વરૂપભક્તિ અને નિષ્કારણ કરૂણા વગેરે કેટનાક પરમાર્થસાધન મ ગુણોમા તથા મત્પ્રવૃત્તિઓમા અપરિમિત પ્રીતિની તન્મયતામા અનન્તગુણનું પરિણમન થવાથી તીર્થંકર ગત્ર અને પુન્યાનુબંધી પુણ્યનો બધ થાય છે, માટે નિર્જરાની સાથે પરમાર્થ પુણ્યનો બધ હોય જો કે મોક્ષ માટે તે બધનો પણ અભાવ હોય છે જેથી જેમ વૈરાગ્ય અને ઉદાસીનતામા તફાવત છે તેમ ઉદાસીનતા અને વીતરાગદશાનો તફાવત પણ સ્પષ્ટ જણાય છે

ઉદાસીનતા ૪થા ગુ. થી ૭ મા ગુ સુધિ હોય છે અને તે દશામા જો ક્ષયોપશમ સમ્કિત હોય તો અનતાનુબધિકષાયનો ક્ષય અને અપ્રત્યાખ્યાનીકષાય વગેરેનો ક્ષયોપશમ હોય છે અને ક્ષાયક સમ્કિત ન હોય તો અનતાનુબંધિ વગેરે સર્વેનો ક્ષયોપશમ હોય છે

વીતરાગદશા,

આત્મોપયોગની તીન જાગ્રતી સ્થિરતા અને વિશુદ્ધિથી વિશેષ નિર્જરા કરતો પ્રારબ્ધ કર્મને ક્ષય કરી, અપ્રમત્ત સયમ, અખડ ઉપયોગ અને પરમ નિવારણતાને વીતરાગદશા કહે છે, જે ૮ મા ગુ ક્ષપક શ્રેણીમાજ શરૂ થઈ ૧૩ મા ગુ. કેવલજ્ઞાનની પ્રાપ્તિમા સંપૂર્ણ વીતરાગતા પ્રગટે છે

પ્રશ્ન—ઉપયોગ અને સ્થિરતાનો નિરોધ કરનાર જે ઘાતીકર્મ તેનો સર્વથા નાશ થાય ત્યારેજ પૂર્ણ વીતરાગતા પ્રગટે છે તો ૮ મા ગુ થી ૧૨ મા ગુ. સુધિમા ઘાતીકર્મનો આવરણ પ્રબધ છે છતાં તેને વીતરાગતા શામાટે કહી છે?

ઉત્તર—૮ મા ગુ થી ૧૨ મા સુધિમા ક્ષપક શ્રેણી હોવાથી અખંડ ઉપયોગ અને અવિચ્છિન્ન આત્મસ્થિરતાને લઇ પુન્યાનુબંધિ પુન્ય બંધનો પણ અભાવ છે અને માત્ર નિર્જરા છે, તે પણ અનંત વિશેષ કર્મની નિર્જરા થતી હોવાથી વીતરાગ દશા જ સુની છે, વસ્તુત્વ તો કર્મનો સર્વથા અભાવ તેજ વીતરાગતા છે

વૈરાગ્ય—કષાયનો ઉપશમ, શુભબંધ અને ૧ લા ગુ થી ૪ થી ગુ સુધિ સ્થિતિ છે

ઉદાસીનતા—કષાયનો ક્ષયોપશમ, નિર્જરા અને ૪ થા થી ૭ મા સુધિ સ્થિતિ છે

વીતરાગતા—કષાયનો અભાવ, મોક્ષ અને ૭-૮ માથી ૧૪ સુધિ સ્થિતિ છે

ઉદાસીનતાની વ્યાખ્યા દર્શાવી હવે પદના વિવચન તરફ વિચાર કરીએ એકપરમાણુથી માંડી અખીલ વિશ્વના અનંત પદાર્થો, શુભાશુભ પ્રવૃત્તિ તથા વિચારો, અને પ્રારબ્ધકર્મો, મન વચન કાયાના ત્રણ યોગ સ્ત્રી દેહ કુટુંબ અને ધનાદિ બાહ્ય સંબંધો, ક્રોધાદિ આભ્યંતર સંબંધો, તથા રાગદ્વેષાદિ સુક્ષ્મ સંબંધો તેમજ સાધન ચારિત્ર તથા પાંચમહાવ્રતાદિ દ્રવ્ય ચારિત્ર વિગેરે સર્વ પ્રારબ્ધો અને ભાવો પ્રત્યે ઉદાસીનતા અનુભવવાનો એટલે સર્વ પ્રારબ્ધ ભાવોને શુદ્ધોપયોગ આત્મ સ્થિરતા સમપરિણામ અને દ્રષ્ટા ભાવે વેદવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

પ્રશ્ન—સર્વ ભાવથી ઉદાસીનતા લાવવા છતા દેહની સ્થિતિ શામાટે રહે છે?

ઉત્તર—વીતરાગ દશામા સર્વ કર્મો વા સર્વ ભાવનો અભાવ હોય છે, પણ ઉદાસીનતામા સર્વ પ્રારબ્ધ કર્મો વા ભાવનો નાસ નથી પણ સ્થિતિ હોય છે, અને તે સર્વ ભાવોના પ્રારબ્ધ સમયે ઉપયોગની જાગ્રતિ અને સ્થિરતા હોય છે તેથા શુભાશુભ કર્મના

નિર્જરા થાય છે ઉદાસીનતમા તો ત્રણ યોગ અને દ્રવ્ય-ભાવકર્મ બંનેનો પ્રારબ્ધ હોય છે, જેથી કર્મપ્રારબ્ધને લઈ દેહ પ્રારબ્ધનો યોગ છતા દૈહિક દ્રષ્ટિ પ્રીતિ તન્મયતા વા આસક્તિ ન હોવાથી કાર્મણજન્ય શુભાશુભ પ્રારબ્ધમા જેમ આત્મોપયોગ પૂર્વક વેદન હોવાથી કર્મની નિર્જરા થાય છે તેમ દેહ પ્રારબ્ધમા પણ ઉપયોગ જાગ્રતીને દ્રષ્ટાભાવ હોવાથી કર્મો અબંધ થાય છે જેથી સર્વ ભાવના પ્રારબ્ધમા ઉપયોગ જાગ્રતીપણે ઉદાસીનતા હોવાથી દેહની હયાતી છતાં તે સ્થિતિ આત્માને બંધન આસક્તિ વા આવરણનુ કારણ થતી નથી પણ નિર્જરાનુ કારણ થાય છે અને તેથીજ-માત્ર દેહ તે સંયમ હેતુ હોયને-એમ કહ્યું છે અર્થાત્ દેહ સંયમના લક્ષાર્થે પ્રારબ્ધ ભાવથી રહેલ છે મૂર્છાભાવ વા આસક્તિ ભાવથી રાખેલ નથી

—શરીરમાદ્યખલુ ધર્મસાધન—

જીજ્ઞાસુનું શરીર, જૈન સમાજના દીન દુખી રોગી પરાધીન જીવાની સેવા, સદ્ગુરુભક્તિ અને આત્માનાત્મિ સાધન માટે હોય છે અને મહાત્મા પુરુષોનો પુનિત દેહ પ્રારબ્ધ કર્મને ભોગવવા જીજ્ઞાસુ જીવાત્માઓની ઉન્નતિ કરવા અને સમાજ દેશ અને વિશ્વનો ઉદ્ધાર કરવા માટેજ હોય છે

અન્યકારણે અન્ય કશુ કલ્પે નહિ—

જે મહાત્માઓના હૃદયમા ઉદાસીન ભાવ તથા સમ્યક્ચારિત્રનો આવિર્ભાવ થાય છે, ત્યારે તેમના વિશુદ્ધ હૃદયમા અપ્રતિબંધક ભાવ જન્ય ... સકલ્પની સ્ફુરણા થાય છે વા નિસ્પૃહી નિર્મમ અને નિર્લેપતાની પ્રાપ્તિ થાય છે કે જેથી આત્મસાધન કરતા સંપૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ અને સહજ પ્રારબ્ધ તથા નિષ્કારણ કરૂણાથી ઉદ્ભવતી ભવ્યાત્માના ઉદ્ધારની પરમ કરૂણા તથા આત્મ સ્થિરતારૂપ ભાવ સમતા રમણતાના પરમાનંદ સિવાય

આ વિશ્વના અણમાત્ર પદાર્થની ઇચ્છા આકર્ષણ પ્રીતિ કે આસક્તિ કંઇ પણ નહિ જોઇએ

અરે! કાયા આ વિનાશી-માયિક વિશ્વ સાથે મેનાનુ થઇ જાય તો એ અમારે તો તે તણવત્ છે, એવી વિશ્વ મોહનીથી મુક્ત થએલ મહાત્માને જે શરીર પ્રારબ્ધ છે તે ઉદય ભોગવવા સંપૂર્ણ વીતરાગતા પ્રગટ કરવા અને—અવિ જીવ કરૂ શાસનરસી-એવી વિશ્વોદ્ધારક ભાવના ગુણે વિશ્વના કેનાસવા, (અર્થાત્ ભવ્યાત્મોની ઉન્નતિ કરવા) શિવાય આ વિશ્વના એક અણમાત્રની ઇચ્છા કિંચિત્ પણ પ્રીતિ નથી તો તેવા નિર્મોહિ મહાત્માઓને અનંત પરમાત્માઓના સ્વરૂપ આ ક્ષણિક વિનાશી દેહ પ્રત્યે ઇચ્છા વા પ્રીતિ હોયજ ક્યાથી? આવા હેતુથી ઉદાસીનતાએ દેહ રહે છે તેથીજ, કહે છે કે

દેહે પણ કીંચિત્ મૂર્છા નવ જોયતે.

દેહ ઉપર એક અણુના અનંતાશ જેટલી પણ મૂર્છા નથીજ

જે દેહ ઉપરોક્ત ત્રણ કારણોથી રહેલ છે જેવા જે પ્રકૃતિ પ્રારબ્ધ દેખથી, વા અશુભ કર્મના પ્રમત્ત પ્રારબ્ધોદયથી દેહ પ્રારબ્ધ આત્માના ઉપયોગ તથા સ્થિરતાને જરાપણ સ્ખલિત કરનાર વા આવરણ કે બંધનના કારણભૂત થતો જણાશે તો આત્માની ઉન્નતિ માટે તે વિનાશી દેહનો તપ, સંયમ, અને ઉત્કૃષ્ટ ચારિત્ર ધર્મ સાધનથી નાશ કરવામા જરા પણ વિચાર ખેદ કે વિકલ્પ નહિં થાય એવી જેના હાડે હાડ રોમરોમ વ્યાપ્ત પ્રમત્ત ભાવના છે, સન્મતી અને આત્મનક્ષ છે તે મહાત્માને દેહ વા દેહ પ્રારબ્ધ તરફ અણુમાત્ર પણ પ્રીતિ આસક્તિ વા મૂર્છા હોતીજ નથી, એવી મહાન્ દશા ધારક અપૂર્વ અવસર ક્યારે આવશે? ૨

ભૂમિકા ૨ જી અને ગાથા ૨ જી સમાપ્ત.

સુચના.

પરમજ્ઞાની મહાત્મા શ્રીમાને ૨૧ ગાથાના પદનો સાર આશય અને ઉદ્દેશ પ્રથમની બે ગાથામાં પ્રસ્તાવનારૂપે દર્શાવ્યો છે અર્થાત્ પ્રથમની બે ગાથામાં પદની પ્રસ્તાવના, ઉદ્દેશ, ભાવના અને રચનાનો ચિતાર દર્શાવ્યો છે અને ત્રીજી ગાથાથી સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્ર શું છે? તેની કેમ પ્રાપ્તિ થાય? તે પ્રાપ્ત થયેથી મહાપુરૂષનું જીવન કેવું હોય? એ વર્ણન દર્શાવે છે

સમાપ્ત

૩ જી ગાથા-૩ જી ભૂમિકા તત્વજ્ઞાનની પ્રાપ્તિ.

મૂળ.

દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાનજો, અપૂર્વ

વાક્યાર્થ—દર્શનમોહનીયકર્મના નાશથી જે પરમબોધ ઉપજે થાય છે તેજ બોધસ્વરૂપથી દેહભિન્ન વ્હાતીત-શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્યાતિ આત્માના અનુભવ થાય છે અને તે અનુભવજ્ઞાનથી ચારિત્ર મોહકર્મની પ્રક્ષીણતા-અલ્પતનાતા-અનુભવાય છે તે અનુભવનાનો તથા શુદ્ધ સ્વરૂપના ધ્યાનમા વર્તવા-રમણ કરવા-નો અપૂર્વ અવસર ક્યારે આવશે?

વિવેચન —સમ્યક્ત્વાધિકાર.

જ્ઞાની મહાત્માઓએ જીવાત્માના અનંત આવરણકર્મ જોઇને તે કર્માની અનંત પ્રકૃતિઓનું વર્ણન કરતા સ્થુલ બુદ્ધિવાન્ જીવાત્માને સમજણમા આવી શકે નહીં વા બુદ્ધિગ્રાહ્ય થઇ શકે નહીં એમ જાણી અનંત આવરણોનુ મૂળ શું છે અને તેનો નાશ કેવી રીતે થાય છે તેવી જીજ્ઞાસુ જીવાત્મા કર્મપ્રકૃતિના જ્ઞાન ગુણને સુગમતાથી સમજી શકે તથા તે આવરણોને દૂર કરવામા સરળતાથી શક્તિમાન થઇ શકે એ હેતુવી અનંત આવરણોની સંક્ષેપ સ્થિતિ અને મૂળ કારણ જણાવ છે.

ગણિતશાસ્ત્રના નિયમ પ્રમાણે આ સંખ્યાના લબ્ધસંખ્યા અને ઉપલબ્ધસંખ્યા એમ બે ભેદ છે. ૧ થી ૯ સુધીના અંકને લબ્ધ સંખ્યા કહે છે. તેને ગમે ત્યાં અને ગમે તેવી રીતે આગળ પાછળ ગોઠવતાં પણ તેની ગણના થઈ શકે. અને '૦' અનુસ્વાર છે તે ઉપલબ્ધ સંખ્યા છે. સંખ્યા વિના તેની ગણના થઈ શકતી જ નથી. એટલે ઉપલબ્ધ સંખ્યાની મદદના સિવાય લબ્ધસંખ્યાની હાનિ વા આગેવાનીને ઇતર તેજ છે. જો ૧ થી ૯ સુધીના લબ્ધસંખ્યાના અંક પણ એ શિવાય ઉપલબ્ધ સંખ્યા પર જે અનુસ્વાર તેની પાછળ પચીસની સંખ્યામાં મૂકતા પણ સંખ્યાની ગણના થઈ શકે તેમ છેજ નહિ. જ્યારે લબ્ધસંખ્યાના ૧ થી ૯ સુધીના અંક પણ એની સર્વે અનુસ્વરોને ૧ થી આગળ મુકતાં પણ તે ગણનામાં આવી શકે છે.

આ સમાચારવ્યવહાર પ્રચલિત સમાજમાં ગણિતજ્ઞાન છે. પણ કર્મ પ્રકૃતિના વર્ણનમાં ઉત્તમતારૂપ પરિણામે છે. જેમ લબ્ધસંખ્યાની અંક સંખ્યા ૧ થી ૯ સુધી છે અને ઉપલબ્ધ સંખ્યા અનુસાર ૧ થી ક્રમ વા ક્રોડ ગમે છે. તેમ તત્વજ્ઞાનપ્રણીત અધ્યાત્મજ્ઞાનની વાત વિશેષ સમજવા મહાપુરુષોએ જ્યાં જ્યાં દ્રવ્યાનુયોગ (તત્ત્વવર્ણન)નું વર્ણન કરેલ છે-પ્રબોધ કર્યો છે ત્યાં ત્યાં દ્રવ્યાનુયોગના સત્ય સ્વરૂપને સમજવા તથા અનુભવવા માટે પ્રકૃતિની ગણના કરી છે અને તે ગણનાને આપણે પરમાર્થગણિત નામે ઓળખશું.

આત્મગુણની વિશેષતા દર્શાવનારા જ્ઞાની મહાત્માઓએ ઉપચારિતનયથી આત્માના અસંખ્ય પ્રદેશો જણાવ્યા છે અને તે એક પ્રદેશે અનંત કર્મની વર્ગણા (આવરણ) જણાવી છે. એક પદાર્થ વિશેષના ભાવની અનંતતાને વિચાર કરતાં સર્વજ્ઞ પ્રભુ શિવાય છદ્મસ્થ (અલ્પજ્ઞાની) જીવો શક્તિમાન નથી અને જ્યાર અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવાન્ અનંત ભાવોને વિચારી તથા અનુભવી શકે છે ત્યારે એ ભાવની નાનાનુવર્તિતા જીવો શક્તા નથી, એક એક ભાવની

અનતતાનુ વર્ણન કરતા કાલ પણ અનત વ્યતીત થાય છે અને સર્વજ્ઞ પ્રભુનુ પણ આયુષ્ય પરિમિત સમયાવિત હોવાથી અનતકાલના અનતાશને લઇ, એક ભાવની અનતતાને અનતજ્ઞાની પણ વર્ણવી શકતા નથી, તો પછી સામાન્ય શક્તિ અને અલ્પજ્ઞતાવાળો જીવ અનતભાવોની અનતતાનો અલ્પ પણ વિચાર કરવા ભાગ્યેજ શક્તિ માન હોય જેથી જ્ઞાનીમહાત્માઓએ પદાર્થભાવોની અનતતાના દર્શનની દુર્ઘટતામા મુઝાતા જીવોને આવરણ કર્મની શક્તિ સમજવા ની તથા તેનો નાશ કરવાની સુગમતા માટે કર્મ પ્રકૃતિની ગણનામા પણ લઘુસખ્યા અને ઉત્કૃષ્ટ સખ્યા દર્શાવી કર્મની સૂક્ષ્મતા તથા મૂળ સ્થિતિનુ વર્ણન કરે છે

કર્મ અનત પ્રકારના, તેમા મુખ્યે આઠ
તેમા મુખ્યે મોહનીય, હણાય તે કહુ પાઠ,
કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ
હણે બોધ વીતરાગતા, અમુક ઉપાય આમ

કર્મના અનત આવરણો વા અનત પ્રકૃતિઓ છે તે બધાનો ઉપનય સખ્યામા સમાવેશ કર્યો છે એ અનત કર્મોમા મુખ્ય જે આઠ કર્મ છે તેનો લઘુસખ્યામા સમાવેશ કર્યો છે, લઘુસખ્યાના ૧ થી ૯ અકમા પણ જે ૧ છે તે સર્વ સખ્યાનુ મૂળ વા આદિ ઉત્પત્તિ સખ્યા છે, તેમ આઠ કર્મની લઘુસખ્યાનુ મૂળ (અનત આવરણ કર્મની ઉત્પત્તિનુ કારણ) મોહનીયકર્મ છે

કર્મના ૩ ભેદ—૧ બાહ્યકર્મ—૨ અન્તરકર્મ ૩ સૂક્ષ્મકર્મ

૧ કુટુબ સ્ત્રી ધનાદિ સબધ પાચ ઇન્દ્રિયો દેહ અને વચન તે બાહ્ય કર્મ છે

૨ અભ્યતરકર્મ—રાગ દ્વેષ આદિ નોકર્મ વિષય તૃષ્ણા મૂર્છા તથા ક્રોધ માન માયા લોભ વિગેરે કષાય જ્ઞાનાવરણીય આદિ ૮ કર્મરૂપ દ્રવ્યકર્મ

— સૂક્ષ્મકર્મ—રાગ દ્વેષ અને અજ્ઞાન તે ભાવકર્મ છે તે. ભાવકર્મ ચમપ્રાણ ને અસ્તનગકર્મ દ્રવ્યમનપ્રાણ છે, અને સૂક્ષ્મકર્મ અંતરાત્મા (સૂક્ષ્મ મન) પ્રાણ છે અને શુદ્ધ ચૈતન્યરૂપ ચૈતન્યાત્મા આ ત્રણે પ્રાણ છે. કર્મો તેને ગ્રહણ કરનાર (ભાવ પ્રાણ) સૂક્ષ્મ મન તથા સ્થૂળ મન એ ત્રણ માર્ગો અને આત્માના વિશે ગર્ભ ભાવના અંગે [ ] અનુપન્ન ઉપયોગી સૂક્ષ્મ પરિણામી ભાવ દશા છે

ભાવોથી અજાણ્યા બાળક વિદ્યાર્થીઓને પણ ક્યાંક ચિત્ર ગત પટ તથા ગામની ગણતરીથી દેશનું જ્ઞાન સમજાવી શકાય છે તેમ આ મહાજ્ઞાનની ઉપમાના કરનાર જિજ્ઞાસુ જીવોને નાની નાની પ્રકૃતિઓથી મહાન કર્મોની સ્થિતિ જણાવી સમજાવી છે, નકશામાં જેમ ગામ દેશ વિગેરેનો સમાવેશ થાય છે તેમ અનંત કર્મના અનંતાનંત પરમાણુ કર્મમાં મૂળ કર્મ અને પ્રકૃતિઓનો સમાવેશ થાય છે.

વસ્તુતઃ કર્મ એ ચાર રંગ વા સ્થૂળ મન દ્રવ્ય જુદી જુદી વસ્તુઓ વા પદાર્થો નથી, અગાધ બંધન કે ભિન્ન ધનારૂપ લેપ નથી પણ અંતરાત્મા સૂક્ષ્મ (મન) ના જ્ઞાનોપયોગ પરિણમનથી ઉત્પન્ન થએલ ભ્રમાત્મક વૃત્તિ ભ્રાંતિ માયા વાસના વા દોષ છે તે ભ્રમાત્મક વાસનાની અનંતતા ઇચ્છા અને શક્તિના કાર્ય પરિણમન ભાવને જાણી તેનું કાલાયુષ્ય તથા પ્રકૃતિ સ્વરૂપ વર્ણન કર્યું છે. સુક્ષ્મની સાથે સંબંધ સંયોગથી રહેતા પુદ્ગલ પરમાણુઓને મન તો ગ્રહણ કરે છે અને આત્માની સાથે સંબંધ સંયોગ રહેલ વાસનાને ભાવ રૂપ આ કર્મ કહે છે, તેનું મોહનીય કે જ્ઞાનાવરણીય એવું કોઈ પણ નામ હોય નહીં પણ સંસારની વ્યવહાર પ્રવૃત્તિ ચલાવવા જન્મ પામેલ બાળકનું જેમ કલ્પિત નામ પાડી જગતમાં તેની ઓળખાણ કરાવે છે તેમ જ્ઞાનીઓએ કર્મો સમજાવવા માટે તેના ૮ નામો અને ૧૫૮ પ્રકૃતિઓના નામોની ગણના

જણાવી છે. વસ્તુત કર્મનું નામ કે સંખ્યા કાંઇ નથી, પણ ભાવ છે, કેમકે જો કર્મના અનંત આવરણો વા અનંત કર્મો ગણાવ્યા છે તો અનંતતામાં સંખ્યાનું નિયમિતપણું હોયજ નહિં. વાત જેને ભ્રાંતિ વા માયા કહે છે, સાંખ્ય જેને પ્રકૃતિ કહે છે, તેનેજ જૈન કર્મ કહે છે.

આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં સૂક્ષ્મ મનની અજ્ઞાનતા અને અપ્રતીતિ અસ્થિરતાથી ઉત્પન્ન થતી ભ્રાંતિ, જગદાકારવૃત્તિ વા વિશ્વભાવે મનનું પરિણમન એજ માયા પ્રકૃતિ, વા એજ કર્મ છે.

પ્રજ્વલિત અને પ્રકાશિત દીપક ઉપર આચ્છાદન કરનારી વસ્તુ મૂકવાથી પ્રકાશનો અભાવ થતોજ નથી, માત્ર અભાવ દેખાય છે, આચ્છાદક વસ્તુ દૂર થતાં દીપક જે સ્થિતિમાં પહેલાં હતો, તેજ સ્થિતિમાં છે, અને આચ્છાદન સમય પણ તેજ સ્થિતિમાં રહ્યો હતો, તેમજ—

સ્ત્રીના વસ્ત્ર પહેરેલ પુરૂષને દૂરથી દેખતાં દૃષ્ટિ વિપર્યાસને લઇ સ્ત્રીભાવની સંકલ્પ વૃત્તિ થાય છે, પણ તેથી તેના પુરૂષત્વનો અભાવ અને સ્ત્રીત્વની ઉત્પત્તિ થતીજ નથી. તેજ મનુષ્ય સમીપ આવતાં દૃષ્ટિ પ્રત્યક્ષ થવાથી, તેને પુરૂષપણે જાણવાથી પ્રથમ કરેલ સંકલ્પ વૃત્તિનું પરાવર્તન થાય છે પણ તેથી તે પુરૂષમાં સ્ત્રીત્વનો અભાવ અને પુરૂષત્વની ઉત્પત્તિ થઇ નથી. તેનો જેવો હતો તેવોજ છે. આ બંને દૃષ્ટાંતો ઉપરથી અનંત જ્યોતિ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યાત્મા દેહમધ્ય તથા કર્મ મંડળના આચ્છાદન ભાવને લઇ પોતાના સ્વરૂપ ધર્મથી અપગત પણ ચ્યુત વા ભ્રષ્ટ થયો નથી. અંતઃકરણની અજ્ઞાનતા, મલીનતા, અને માયાસક્ત દોષને લઇ, અંતરાત્માને શુદ્ધ ચૈતન્યાત્મા આત્મત્વ રહિત થયો હોય તેમ સમજાય છે. તેમાં આત્માનો દોષ નથી. આત્માના સ્વરૂપની શૂન્યતા નથી, પણ માયાસક્ત અંતઃકરણનીજ ભ્રમાત્મક ભૂલ છે.

ટિ પ્રકાશ થતા કલ્પિત ભ્રમણાઓ ટળી પૂરો જેમ પુરાણ જુએ છે તેમ પૂર્વસંસ્કાર જિનમાં અને સદ્ગુરુના સમાગમથી આત્માની અનુભૂતિ [illegible] અને વિપર્યાસનો બુદ્ધિનો નાશ થતા શુદ્ધ ચૈતન્ય [illegible] સ્થિત છે એમ પ્રતીત થઈ [illegible] ત્યાં સુધી તે [illegible] અનુભવ થતા નથી સદ્ગુરુ [illegible] જુદો [illegible] પ્રકૃતિ વા કર્મ એવા [illegible] નાશથી [illegible] સમજાવવા તથા [illegible] કરવા પ્રયત્નશીલ થાય પુરાણ [illegible] એ [illegible] થી [illegible] આપ્યા છે તે અસત્ય નથી પણ વાજબી

આ કર્મ જીવને સમજાવવા મોહનીય કર્મનું [illegible] વર્ણન જણાવે છે

૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય ૩ અંતરાય ૪ મોહનીય (આ ૪ ઘાતીકર્મ) ૫ વેદનીય ૬ નામ ૭ ગોત્ર ૮ આયુષ્ય (આ ૪ અઘાતીકર્મ) મળી આ આઠ કર્મ છે આઠ કર્મોમાં [illegible] મોહનીય કર્મની મુખ્યતા ઉત્કૃષ્ટતા બતાવી છે જે પ્રતિબંધક આત્માનો આવરણ કરનાર મોહિત કરનાર વા ભ્રમ કરનાર થાય તેને મોહનીયકર્મ કહે છે તેના દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ મુખ્ય બે ભેદ છે

આત્મામાની બુદ્ધિ પ્રતીતિ અને અનુભવનો આવરણ કરનાર દર્શનમોહનીય કહ્યું છે જેનાથી સમ્યગ્જ્ઞાન—આત્માનો અનુભવ—સમ્યગ્દર્શન—આત્માની પ્રતીતિ—સમ્યક્ચારિત્ર—આત્મ સ્વભાવમાં રમણતા—એ ત્રિગુણ [illegible] આત્મશક્તિનો [illegible] થાય છે

દર્શન મોહના નાશથી અનુભવાતા સમ્યગ જ્ઞાન દર્શનનું સ્વરૂપ

સદ્ગુરુને અંતર્દૃષ્ટિથી ઓળખી, તેના સદુપદેશને શ્રવણ કરી,

નિષ્કામ ભક્તિ અને શ્રદ્ધાથી તેની ઉપાસના કરી, ઇંદ્રિયાસક્તવૃત્તિ તૃષ્ણા, મૂર્છા અને વિષય કષાયાદિ વૃત્તિઓનો ઉપશમ તથા ક્ષયોપશમ કરી, ત્યાગ વૈરાગ્યને ધારણ કરી, સદ્વિચાર શ્રેણીરૂપી વિવેક જ્ઞાનથી આત્માના અને સૂક્ષ્મ મનના કેટલાક સૂક્ષ્મ સાદૃશ્ય ધર્મોનું અવલોકન કરી વિચાર ક્ષયોપશમ અને વૃત્તિ જ્ઞાનને જાગૃત કરી આત્માસક્તિ રૂપી સૂક્ષ્મ મનના કેટલાક સાદૃશ્ય ધર્મો-ગુણો આત્માના મનાય છે તે અવગણ્ય માન્યતાને દૂર કરી, મિથ્યાત્વ મોહની મિશ્ર મોહની તથા સમકિત મોહનીની દર્શન આવરણીય ત્રણ આવરતી પ્રકૃતિનો નાશ કરી જગતના પદાર્થો બાહ્યાંતર ત્યાગ, મન વચન કાયા અને સૂક્ષ્મ મનથી શુદ્ધ ચૈતન્યાત્માની નિશ્ચલ પ્રતીતિરૂપ જે આત્મસાક્ષાત્કાર થાય, તેજ જ્ઞાનીઓ દર્શન મોહનો નાશ આત્માનુભવ વા સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કહે છે

તો આ પણ આત્માને દેહથી ભિન્ન જાણું છે ત્યાં આ બધા મનુષ્યો સમ્યગ્જ્ઞાની વા આત્મજ્ઞાની કહેવાય?

ઉત્તર—દેહાદિથી ભિન્ન આત્મા રે' એ ઉપરની ગાથામાંજ સ્પષ્ટ કરી બતાવ્યું છે કે ચૈતન્યાત્મા દેહથી ભિન્ન છે ઉપયોગી છે અને નિત્ય અવિનાશી છે એ વાત તો બરાબર છે પણ ભિન્ન ઉપયોગી અને અવિનાશીપણાનો જ્યારે અનુભવ થાય ત્યારેજ આત્મજ્ઞાન પ્રગટ થયું કહેવાય. એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી ભિન્ન ઉપયોગી અને અવિનાશી પણાનો સદ્ગુરુના ઉપદેશ સમાગમથી અનુભવ થાય ત્યારે તત્ત્વજ્ઞાન પ્રગટ થાય નહિં તો શબ્દજ્ઞાનજ કહેવાય.

અગ્નિને સ્પર્શ કરવાથી બળાય એમ સમજનાર અગ્નિકાયથી જો તેનો યથાર્થ સમજ્યો કહેવાય પણ જો અગ્નિથી બળાશું, વા વિષપાનથી મરાય એમ સમજ્યા છતાં સ્પર્શ કરવા તથા વિષપાન કરવા પ્રયત્ન કરે તો તેનું સમજવું ભ્રમરૂપ વા મિથ્યા છે તેમ પરમાર્થ પામવાની ઈચ્છા કરનાર જીવાત્મા અભ્યંતર સંસારના વૃદ્ધિ કરનાર અનંતાનુબંધીય કષાય માયા અજ્ઞાન આસક્તિ અને રાગદ્વેષમાંજ જીવન પસાર કરતો હોય તો તેની કલ્યાણ કરવાની જે ઈચ્છા એ જિજ્ઞાસા નથી પણ [illegible] પના ના કેનાચાર સમાગ કે ભ્રમ છે, તેમજ દેહથી આત્મા ભિન્ન છે એમ સમજ્યા છતાં આત્માનુભવ ૫ માન ન અનુભવનો લાભ પણ ભાર મા અભક્તિ ના મહાધ્યાસબુદ્ધિની તન્મયતામાંજ જીવન પસાર થતું હોય વળી આત્મા ઉપયોગી વા છે એમ માત્ર છતાં આળસ-પ્રમાદ અને અજ્ઞાનમાંજ રમણતા કરતો હોય અને આત્મા નિત્ય અવિનાશી છે એમ જાણ્યા છતાં અનિત્ય અને અસારરૂપ સંસારના લૌકિક પદાર્થોમાંજ મોહની વિચિત્ર વ્યાકુળતા ખેદ હર્ષ પ્રીતિ આસક્તિ તાદાત્મ્યાકાર વિકલ્પ તૃષ્ણા અને તન્મયતામાંથી

ઉત્પન્ન થાય તેનું નામ આત્મજ્ઞાન નથી, પણ " દર્શન મોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે " દર્શન મોહના નાશથી જે બોધ (આત્માનુભવ) ઉત્પન્ન થાય તે બોધ કલ્પનાજ્ઞાન, શબ્દજ્ઞાન કે બાહ્ય સમજણરૂપ નથી પણ તેથી ભિન્ન એવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનો આવિર્ભાવ પ્રતીતિ અને અનુભવરૂપ આત્મજ્ઞાન સમ્યગ્ જ્ઞાન વા આત્મસાક્ષાત્કાર છે, અને એજ સત્ય યથાર્થ અને અવિનાશી જ્ઞાન છે

તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો.

વળી દ્રવ્યાનુયોગ-તત્ત્વજ્ઞાનના શાસ્ત્રો વાચન શ્રવણ, તથા અભ્યાસથી જે બોધ થાય છે તે સ્વરૂપ દર્શન વા આત્માનુભવ નથી પણ તે વિશ્વા બોધ વા બાહ્યબોધ છે, તેવા શબ્દ જ્ઞાનજન્ય બાહ્ય-શુષ્કબોધથી આવરણ કર્મનો નાશ થતો નથી 'ભ' વેતાદિ પુસ્તકો જૈન સૂત્રો અને કર્મગ્રંથાદિ દ્રવ્યાનુયોગના ગ્રંથોને વાચનાર, તેના બે પ્રકૃતિ અને બંધનના બાજુ બારીકાઇથી જાણનાર અને કર્મપ્રકૃતિઓ ગણુના ગણતા આંગળીઓમા એવડા સમાગ પડ્યા હોય નયનિક્ષેપ અને સપ્તભંગીઓની અનેક ઘટક બારીકીઓ જાણનાર અર્થરચના અને ઉપદેશની છટાથી હજારોને મોહિત કરનાર એવા ઘણાક વિદ્વાનો માને છે કે અમને શાસ્ત્ર શ્રવણ મનનથી જે જ્ઞાન ઉત્પન્ન થયું છે તે તત્ત્વજ્ઞાન છે આમ માનતા છતા દર્શનમોહના વાદળ નમા [illegible] જે જે દોષો કમા [illegible] આજ પણ તેનો નાશ ન થયા [illegible] જ્ઞાનથી ઉત્પન્ન થતા જે જે આત્મિક ગુણો આનંદ [illegible] વધ્યો હોય તા તે જ્ઞાન મિથ્યા છે જાણ [illegible] મિક છે જેમ નિરાકત થી સમ જ્ઞાનું છ

હોય છે તે મોહ તથા કર્મોનો મર્મ જાણીને આત્મિક ગુણો
મન્દ સરાગ વૈરાગ્ય અને વિવેકાદિ પ્રબળ પુરૂષાર્થથી નષ્ટ
કરવો તેને દર્શનમોહનો નાશ કહે છે. એ દર્શન મોહના નાશથી
અપૂર્વ આનંદ પ્રતીતિ તથા અનુભવરૂપ જે આત્માનો બોધ-તત્ત્વજ્ઞાન
થાય તેને મહાત્માઓ આત્માનુભવ વા આત્મજ્ઞાન કહે છે.

જગતના કૃત્રિમ જડ માયિક પદાર્થોની પ્રાપ્તિ વખતે પણ
કંઈક આનંદ થાય છે પરંતુ તે આનંદ ઇન્દ્રિયગત તથા મોહજન્ય
હોવાથી કર્મ ભોગ સમયે ક્ષણિક અને ઉભરાની પેઠે જ વખતમાં
વિનાશી વા વિષમ થાય છે જ્યારે આત્માનુભવથી ઉત્પન્ન થતો
આનંદ ચિરસ્થાયી અને અતીન્દ્રિય ઇન્દ્રિયગત થતો નથી, અને
તેથીજ તે આનંદ અવિનાશી છે અને આત્મતત્ત્વથી ઉત્પન્ન થયો
છે એમ યથાર્થ જણાય છે.

પરમયોગી શ્રીમાને "દર્શનમોહ વ્યતીત થઈ ઉપ
જ્યો બોધ જે"

આ પદમાં સદ્ભાવ સ્વરૂપ સાધ્યરચના કરી છે. આ વચન
રચનાથી એ સિદ્ધ થાય છે કે આ ભવ્ય ઉત્પન્નજ્ઞાનની નહિતા
નથી પણ આત્માનુભવથી વેદાયેલા અપૂર્વ અને ઉત્કૃષ્ટ પરમાનંદના
ઉદ્ગારો જ ઉચ્ચાર્યા છે. શ્રીમાનજીના આ મોક્ષમાર્ગની સત્યતા
મૂળ મારગ સાંભળો જિનનો રે એ પદમાં જેવી જે રીતે જણાવી
આ પદમાં પણ અનુભવની વાણી છે. મૂળ મારગ એ પદમાં
જણાવ્યું છે કે દેહમાં દેહાતીતની ભિન્ન ઉપયોગી અને અવિનાશી
છે પણ એમ ગુરુના ઉપદેશથી ચિત્ત ... તે જ્ઞાન યથા
ર્થ જાણે-અનુભવે તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. તેમ આ પદમાં
પણ જણાવ્યું છે કે, દર્શનમોહનું સ્વરૂપ સમજનારી, જે બોધ

દશા થાય તેનુ નામ આત્મજ્ઞાન નથી, પણ "દર્શન મોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે' દર્શન મોહના નાશથી જે બોધ (આત્મા નુભવ) દશા થાય તે બોધ કલ્પનાજ્ઞાન, શબ્દજ્ઞાન કે બાલ સમજણરૂપ નથી પણ દેહથી ભિન્ન એવા શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્માનો આવિર્ભાવ પ્રતીતિ અને અનુભવરૂપ આત્મજ્ઞાન સમ્યગ્ જ્ઞાન વા આત્મસાક્ષાત્કાર છે, અને એજ સત્ય શાશ્વત અને અવિનાશી જ્ઞાન છે

તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવુ શુદ્ધ સ્વરૂપનુ ધ્યાન જો.

વળી દ્રવ્યાનુયોગ-તત્ત્વજ્ઞાનના શાસ્ત્ર વાચન શ્રવણ, તથા અભ્યાસથી જે બોધ થાય છે તે સ્વરૂપદર્શન વા આત્માનુભવ નથી પણ તે વિચારબોધ વા બાહ્યબોધ છે તેવા શબ્દ જ્ઞાનજન્ય બાલ-શુષ્કબોધથી આવરણ કર્મનો નાશ થતો નથી કેમકે વેદાંતાદિ પુસ્તકો જૈન સૂત્રો અને કર્મગ્રંથાદિ દ્રવ્યાનુયોગના ગ્રંથોને વાચનાર તેના ભેદ પ્રભેદ અને વર્ણનને બહુજ બારીકાઇથી જાણનાર અને કર્મપ્રકૃતિઓને ગણના ગણતા આંગળીઓમાં બેવડ પડ્યા છતા નયનિક્ષેપ અને સપ્તભંગીઓની અનેક પ્રકારની જાળીઓ ગુંથનાર ગ્રંથરચના અને ઉપદેશની છટાથી હજારોને મોહિત કરનાર એવા હજારો વિદ્વાનો માને છે કે અમને શાસ્ત્ર શ્રવણ, મનનથી જે જ્ઞાન ઉત્પન્ન થયુ છે તે તત્ત્વજ્ઞાન છે આમ માનવા છતા દર્શનમોહના વર્ણનમાં જણાવેલા જે જે દોષો કહ્યા છે તે માંહેનો નાશ ન થયો હોય અને તેના નાશથી ઉત્પન્ન થતા જે જે આત્મિકગુણો આનંદ અને આત્માનુભવ ન વર્તાયો હોય તો તે જ્ઞાન મિથ્યા છે, જાળ રૂપ છે અને સંસાર પરિણામિક છે એમ નિઃશંકતાથી સમજવાનું છે

શાસ્ત્રકાર જણાવે છે કે ज्ञानस्यफलविरति જેનું પરિણામ આત્મામાં વિરક્ત દશા થાય તેજ જ્ઞાન કહે છે શાસ્ત્રજ્ઞાન ભણ્યા છતાં વાસના ક્ષીણ ન થઈ હોય ઇન્દ્રિયાસક્તિ અને દેહાધ્યાસ દૂર ન થયા હો વિષય તૃષ્ણા આવરણ કે મોહનટ ન ગયા હોય પરમાર્થ સાધન કરતાં સ્ત્રી ધન કુટુંબાદિમાં વધારે પ્રીતિ–આસક્તિ હોય તો તે બોધ ભ્રમ વા અજ્ઞાન છે માટે મહાત્માઓ કહે છે કે દર્શનમોહથી ઉત્પન્ન થતા જે જે દોષો તેનો નાશ કરી શ્રદ્ધા ભક્તિ વૈરાગ્યાદિ સદ્ગુણો મેળવી અપૂર્વ આનંદ જાગૃતિ અને વિશુદ્ધિથી આત્માનો સાક્ષાત્કાર થતાં જે બોધ થાય તે આત્મજ્ઞાન છે અને તેથી ચારિત્ર મોહની ક્ષીણતા નહિ પણ પ્રક્ષીણતા થાય તોજ આત્મજ્ઞાન કહેવાય આત્માનુભાવ થયા છતાં પણ પ્રારબ્ધકર્મની બળવત્તરતાને લઇ ઉપયોગની તીવ્ર જાગૃતિ ન રહે તો ચારિત્ર મોહનીયની ક્ષીણતા થાય પણ તે ક્ષીણતા મૂળ રહી ગએલ ડાળા પાંદડાના નાશથી થતા વૃક્ષના નાશ જેવી છે

અર્થાત્ પાણીના સિંચનથી તે વૃક્ષ ફરી નવપલ્લવિત થવાનો સંભવ છે પરંતુ મૂળથીજ ભસ્મિભૂત થએલ વૃક્ષસ્થાન ઉપર હજારો મણ જળનું સિંચન થતાં પણ અંકુરોત્પત્તિ થાયજ નહીં તે પ્રક્ષીણતા છે તેમ મંદક્ષયોપશમ વા મંદઉપયોગવેદનથી ક્ષયોપશમભાવની મંદતાને લઇ ચારિત્ર મોહનીયની ક્ષીણતા પણ અપૂર્ણ થાય છે ઉપયોગવેદનની મંદતા હોવાથી ઉપશમ ભાવની વિશેષતા થાય છે અને તેથી ચારિત્રાવરણીય કર્મ પ્રસંગવશાત્ જ્યારે ઉદયમાન થાય છે ત્યારે તે કર્મ ઉદય સામે ટક્કર ઝિલવા જેટલી શક્તિ ન હોય તો ઉપયોગશૂન્ય થઇ સમ્યગ્જ્ઞાનને આવરણ થવાથી આત્મજ્ઞાનથી પણ પતિત થવાનો પ્રસંગ આવે છે પરંતુ જ્યારે ઉપયોગની તીવ્રજાગૃતિ હોવાથી ક્ષયોપશમભાવની વેદનવિશેષતાથી ચારિત્રમોહની ઘણીજ

પ્રબળતાથી ક્ષીણતા થાય છે જેથી તે કર્મપ્રકૃતિ ફરી ઉત્થાન ન પામે
તેવા અપુનરોત્થાનરૂપ અત્યુગ્ર આત્મશક્તિને મેળવે છે જેથી ચારિત્ર
મોહની ક્ષીણતા નહીં પણ પ્રક્ષીણતા કરી છે, અને પ્રક્ષીણતા થવાથી
પોતાના શુદ્ધચૈતન્યસ્વરૂપમાં વર્તે એટલે રમણ કરે. દર્શનમોહ
નાશ થવાનો, તેના નાશથી શુદ્ધચૈતન્યસ્વરૂપઆત્માનુભવ થવાનો
અને તે અનુભવથી ચારિત્રમોહનીય પ્રક્ષીણતા થઈ આત્મસ્થિરતારૂપ
શુદ્ધચૈતન્યસ્વરૂપમાં રમણ કરવાનો પરમ ભાગ્યશાળી પરમકલ્યાણ
કારી અપૂર્વ અવસર ક્યારે આવશે?

આ ગાથામાં સમ્યક્દર્શનનું સ્વરૂપ બતાવ્યું છે ૐ શાંતિ

ગાથા ૩૭ અને ભૂમિકા ૩૭

સમાપ્ત.

ગાથા ૪ થી-ભૂમિકા ૪ થી આત્મ (ભાવ) ચારિત્ર

મૂળ.

આત્મસ્થિરતા ત્રણ સક્ષિપ્ત યોગની
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો
ઘોર પરિસહ કે ઉપસર્ગ ભયે કરી
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો અપૂર્વ

વાકયાર્થ—ત્રણ યોગના સક્ષિપ્ત ભાવ પ આત્મસ્થિરતા દેહની ઠેઠ પર્યંત એટલી પ્રબળતાથી વર્ત જાણુઘાતક પરિષહ તથા ઉપસર્ગના પ્રયોગે પણ જે સ્થિરતાનો અંત ન આવે એવા અપૂર્વ અવસર ક્યાર આવશે?

વિવેચન—ચારિત્રભાવાધિકાર

પ્રથમ ત્રણ ગાથામા દર્શનમોહનીયના ક્ષયોપશમ અને સમ્યક્ત્વપ્રાપ્તિ એ ત્રણ ભૂમિકાનુ વર્ણન કર્યું છે હવે આ ૪ થી ગાથાથી ૧૨ મી સુધી ૯ ગાથાઓમા દ્રવ્યચારિત્ર તથા ભાવચારિત્રનુ વર્ણન કરવામા આવ્યુ છે ૫ ના પૂર્વ વિભાગ જેમા ૧ થી ૧ ગાથાઓ છે અને ઉત્તર વિભાગ જેમા ૧૩ થી ૨૧ (૯) ગાથાઓ છે એમ બે વિભાગ કર્યા છે પૂર્વ વિભાગમા ૧ સમ્યક્ત્વભાવાધિકાર અને ચારિત્રભાવાધિકાર એમ બે ભાવાધિકાર છે પ્રથમની ૧ થી ૩ ગાથામા સમ્યક્ત્વનુ વર્ણન દર્શાવી ગાથા ૪ થી ૧૨ સુધીમા ચારિત્રાવરણીય કર્મના પ્રકૃતિ તેના નાશનો ઉપાય ને નાશથી પ્રગટતી આત્મસ્થિરતા ચારિત્ર અને ચારિત્રાવરણ વગેરેનું વર્ણન આ ગાથાથી શરૂ થાય છે

સ્વરૂપચારિત્ર-આત્મચારિત્ર વા વીતરાગદશા

આઠે કર્મમા મુખ્ય જે મોહનીય કર્મ તેના દર્શનમોહ અને ચારિત્ર મોહ એ બે મા પ્રથમ દર્શનમોહનું સ્વરૂપ જણાવી હવે ચારિત્ર મોહનુ સ્વરૂપ બતાવે છે

અનન્તસંસાર વૃદ્ધિ જેનાથી થાય તે અનન્તાનુબંધિકષાય (ક્રોધ માન માયા લોભ) અપ્રત્યાખ્યાનિક પ્રત્યાખ્યાનિક સંજ્વલનીય એ ૧૬ કષાય હાસ્ય રતિ આદિ ૭ તથા સ્ત્રીવેદ આદિ ૩ વેદ મળી ૯ નોકષાય એમ ચારિત્રમોહની ૨૫ પ્રકૃતિ છે દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ સમ્યગ્દર્શન-સ્વરૂપ-નો આવરણ કરનાર છે અનંતાનુબંધિકષાયની ૪ પ્રકૃતિ ગણી છે ચારિત્રમોહની પ્રકૃતિમા પણ અનન્તાનુબંધિકષાય દર્શન તથા ચારિત્ર બન્નેનો આવરણ કરે છે, કેમકે અનન્તાનુબંધિકષાય ના ઉપશમથી ઉપશમસમકિત ક્ષયોપશમથી ક્ષયોપશમસમકિત અને ક્ષયથી ક્ષાયકસમકિત થાય છે જેથી વસ્તુત તો તેને દર્શનમોહની સાથેજ ગણવી જોઈએ, પણ ચારિત્રને આવરણ કરનાર પ્રકૃતિઓ, દર્શનને આવરણ કરે વા ન કરે એ ભજના છે પરતુ દર્શનનો આવરણ કરનાર પ્રકૃતિઓ, ચારિત્રને આવરણ અવશ્ય કરે છે જેથી અનન્તાનુબંધિકષાયની પ્રકૃતિના બળવાનપણાને લઈ ચારિત્ર મોહમા પણ તેની ગણના કરી છે દર્શન ચારિત્ર બન્નેને આવરણ કરે છે જેથી બન્નેમા ગણના કરી શકાય છે, કેમકે તે મિશ્રપ્રકૃતિ છે બાકીની અપ્રત્યાખ્યાનીકષાયથી લઈ વેદ સુધીની ૨૧ પ્રકૃતિ ચારિત્રમોહની છે આત્મસ્વરૂપને આવરણ કરે તે દર્શનમોહ, અને આત્મસ્થિરતાનો આવરણ કરે તે ચારિત્રમોહ છે પરપદાર્થમા અનાસક્તવૃત્તિ અને ઉપયોગની જાગૃતિપૂર્વક આત્માનુભવ તથા પ્રતીતિ તે દર્શન-સમ્યગ્જ્ઞાન સમ્યક્દર્શન અને શુભાશુભ પ્રારબ્ધમા સમપરિણામ જેનાથી (આત્માનો સ્વભાવ) તે ચારિત્ર અર્થાત્ ઉપયોગની

જાગૃતિ તે દર્શન અને સમપરિણામે નિષ્કંપ જે આત્મસ્થિરતા તે ચારિત્ર

દર્શનમોહ અને ચારિત્રમોહ તથા દર્શન અને ચારિત્રનું વાસ્તવ્ય સ્વરૂપ

જગતના કોઈ પણ પદાર્થ પ્રત્યે આસક્તિ વા તન્મયતા તે દર્શનઆવરણ વા દર્શનમોહ અને તે આવરણનો ક્ષય થઈ વા ક્ષયોપશમ થઈ (સત્તાગત દર્શન આવરણ કર્મો ઉદય આવે ત્યારે ઉપયોગ પૂર્વક વળી ક્ષય કરવો તેનું નામ ક્ષયોપશમ) આત્માનો સ્વાનુભવ અને પ્રતીતિ થાય તે દર્શન

જગતના કોઈ પણ પદાર્થના પ્રારબ્ધઉદય વખતે આત્મોપયોગની અસ્થિરતા તે ચારિત્રાવરણ અને ઉદય સમયે અસ્થિરતાનો ક્ષય થઈ જ્ઞાતાદ્રષ્ટા અને શુદ્ધતાપૂર્વક આત્માની સ્થિરતા રહે તેનું નામ ચારિત્ર અર્થાત્ ઉપયોગની જાગૃતિ અને પ્રતીતિ તે જ્ઞાનદર્શન અને ઉપયોગની સ્થિરતા તે ચારિત્ર

દર્શનમોહના નાશથી જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ થાય તે આત્મસત્તા ને પ્રગટ થવાથી ક્ષણે ક્ષણે ઉદયગત પુદ્ગલ પ્રારબ્ધ ભોગમાં અનાસક્તવૃત્તિ અને ઉપયોગ જાગૃતિ અને પ્રતીતિ તે આત્મજ્ઞાન અને આત્મદર્શન છે

અનંતાનુબંધી વા અપ્રત્યાખ્યાનીયાદિ ચારિત્રમોહનીયકર્મની પ્રકૃતિના પ્રારબ્ધવેદનમાં ઉપયોગજાગૃતિપૂર્વક સમભાવ ન તથા આત્મસ્થિરતા થાય તે ચારિત્ર, અને ઉપયોગની જાગૃતિ છતાં ચારિત્રાવરણીય કર્મના પ્રબળ પ્રારબ્ધોદયને લઈ હર્ષ–શોકની આકુળતારૂપ વિષમપરિણામ વા અસ્થિરતા થાય તે ચારિત્રમોહ અર્થાત્ દેહથી આત્મા ભિન્ન અનુભવાયા પછી પ્રારબ્ધકર્મમાં આત્મબુદ્ધિ તથા આસક્તવૃત્તિ ન થાય તો દર્શન ધર્મ છે અને હર્ષ શોક રૂપ અસ્થિરતા ન થાય તો ચારિત્ર ધર્મ છે

જ્યારે જ્યારે ચારિત્રાવરણીય કર્મનો ઉદય આવે ત્યારે ઉપયોગની જાગૃતિ સાથે વેગ યની મન્દતા હોય તો પ્રાગ્ધ્યેદનમાં આત્મપ્રતીતિનો ભૂલાવો થતો નથી જેથી સમ્યક્ત્વને આવરણ થત નથી પણ સ્થિરતા ન હોવાથી ચારિત્રને આવરણ થાય છે પરંતુ જ્યારે ઉપયોગની જાગૃતિ સાથે વેગ યની જેમ જેમ વિશેષતા હોય છે તેમ તેમ નિવિકલ્પવૃત્તિ સમપરિણામભાવ અને આત્મસ્થિરતા રહેવાથી ચારિત્ર વરણીય કર્મને નાશ થતો જાય છે અને વિશેષ સ્થિરતા પ વિશેષ ચારિત્રની વૃદ્ધિ થતી જાય છે તેમ થતા ચારિત્રમોહની સર્વ પ્રકૃતિઓ ક્ષય થવાથી અસ્થિરતાનો અભાવ થય છે, અને તેથી અપ્રમત્તસંયમ અને વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે અર્થાત્ વીતરાગતાની શરૂઆત થાય છે અને જ્યારે ચારિત્રાવરણીય કર્મની સાથે જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાય એ સર્વ ઘાતીકર્મના સત્તાગત આવરણો તથા ઉદયગત પ્રાગ્ધ્યનો નાશ થવાથી સંપૂર્ણ આત્મસ્થિરતા થઇ આત્મોપયોગ અખંડભાવે પરિણમે છે ત્યારે સંપૂર્ણચારિત્ર (યથાખ્યાત ચારિત્ર) ના સંપૂર્ણ વીતરાગદશા પ્રગટે છે

પ્રશ્ન—ચારિત્ર એટલે શુ તથા ચારિત્રાવરણીય કર્મ એટલે શુ?

ઉત્તર—આ પ્રશ્નના સમાધાનમા દર્શનમોહ અને જ્ઞાન તથા ચારિત્રમોહ અને ચારિત્રનો સંક્ષેપથી ભાવ દર્શાવે છે

જેમ નયનના સામે આવરણ થએલ વાદળાના ગાઢત્વની ન્યૂનાધિકતાને લઇ પ્રકાશની ન્યૂનાધિકતા અનુભવાય છે પરંતુ તે સૂર્ય અને તેના પ્રકાશની અભિન્નતા હોવાથી વાદળના આવરણને લઇ તેના પ્રકાશની અણુમાત્ર પણ ક્ષતી કે ન્યૂનાધિકતા હોય નહિ તેમ આત્માનુ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ત્રણેકાળ એકભાવ સ્થિત છે પણ મન વચન કાયાને સૂક્ષ્મ કર્મના આવરણો વડે ભાવ મનરૂપ ત્રિયોગ (સૂક્ષ્મ મન કે જેમા અનંત વિચાર ભાવના તથા શ

નિગ્રો ગયેલી છે, તેની મલીનતા તે અજ્ઞાન વા અજ્ઞાન, અથવા તેના તે ચારિત્રમોહ અને તેના ક્ષયાદિ તે અમોહ દેહસ્થિતિ અથાત્ આત્મમર્દન જે યોગ તેની શુદ્ધિ તે જ્ઞાન દર્શન સ્થિરતા તે ચારિત્ર ક્ષીણતા તે વીતરાગતા અને મલના નાશ તે મોક્ષ

૨ જે ગાથાના અર્થનો વિચાર કરીએ કે, આત્મસ્થિરતા કેટલે છે?

—આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની.

ત્રણ યોગની પ્રથમ શુદ્ધિ અને સ્થિરતા થતાં સંક્ષિપ્તતા એટલે ક્ષીણતા થતી જાય તેનું નામ આત્મસ્થિરતા વા ભાવ ચારિત્ર અહિં તે યોગની સ્થાનિ જણાવી છે અને તેથી કહ્યું છે કે

—મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો

તેની સ્થાનિ સુધી યોગની પણ સ્થાનિ છે એ અર્થ નિયમ છે અહિં સ્થિરતાની સ્થાનિ જણાવવો હતું છે કે તે સ્થિરતા મુખ્યપણે એટલે વસ્તુ તે દેહ પર્યંત–દેહની સ્થાનિ સુધી છે

પ્રશ્ન—આત્મસ્થિરતા મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો. એમ કહ્યું છે તો શું દેહની સ્થાની સુધી સ્થિરતા છે અને દેહના વિનાશે સ્થિરતાનો અભાવ થાય? અને જો તેમ થય તો દેહના વિનાશની સાથે ચૈતન્યશક્તિના વિનાશને માનનાર ચાર્વાક દર્શનની નાસ્તિકતા સિદ્ધ થતી નથી? અને હવા કુંઓ રીતિજ આત્મજ્ઞાન તથા આત્મસ્થિરતા મેળવી ને દેહની સ્થાની સુધી રહે અને દેહના વિનાશે સ્થિરતાનો અભાવ થાય તો તેવી વિનાશી સ્થિરતા મેળવવાથી શું આત્માને લાભ થાય?

ઉત્તર—આત્મજ્ઞાન એ અમૂર્ત સ્વરૂપ અને શબ્દાતીત હોવાથી તેને યથાર્થસ્વરૂપે સમજવામાં મતિનો ભુલાવો–મતિવિભ્રમ થાય છે

અભેદ અને શબ્દાતીત સ્વરૂપ છતાં તેને સમજવા માટે જ્ઞાનીઓએ શબ્દવ્યવહારથી તારતમ્યતા દર્શાવી છે તે તારતમ્યતાદ્વારે અધ્યાત્મમાર્ગ વા આત્મધર્મ સમજતાં ઉત્તરોત્તર જીવાત્માએ દીર્ઘ વિચારપૂર્વક વિચારવાનું—સમજવાનું છે અર્થાત્ શબ્દવ્યવહારથી આત્મધર્મ સમજતાં આત્માના અભેદસ્વરૂપે ભૂલી જવાનું વા અન્યથા કલ્પના કરવાનું ન બને તે લક્ષમાં રાખવાની ખાસ જરૂર છે જેમ વિદ્યા એ એકજ વસ્તુ છે પણ તેની શક્તિ પ્રગટ કરવાને માટે ચોપડીઓના જુદા જુદા વર્ગો રાખ્યા છે પ્રથમ ચોપડીનો પૂર્ણ અભ્યાસ કરનાર વિદ્યાર્થી જ્યારે બીજી ચોપડીમાં પ્રવેશ કરે છે ત્યારે પ્રથમ ચોપડીના જ્ઞાનનો નાશ વા ત્યાગ થતો નથી, પણ બીજાના વિશેષ જ્ઞાનમાં પ્રથમ ચોપડીના જ્ઞાનનો સમાવેશ થઇ પહેલી–બીજીના જ્ઞાનની અભિન્નતા થાય છે, વા સમુદ્રમાં પ્રવેશ કરતી નદીઓના જલનો અભાવ થતો નથી, સમુદ્રના અગાધ જલમાં નદીજલનો સમાવેશ થઇ અભિન્નતા ધારણ કરે છે, તેમ રાગની હયાતિમાં જે આત્મસ્થિરતા હતી તે વીતરાગતાનોજ ભાગ હતા, અર્થાત્ રાગ વા દેહભાવની હયાતીમાં રહેલી વીતરાગ શાન્તિ આત્મસ્થિરતા જ છે અને દેહ-યોગના નાશથી રહેલી આત્મસ્થિરતા સંપૂર્ણ વીતરાગતામાં સમાવેશ પામે છે, એમજ ક્રમાવરણની સૂક્ષ્મ વિચારતા તથા ગહનતાને લઇ જ્ઞાનીઓ જાણે છે કે જ્યાં નિયમ ત્યાં રાગ છે અને એક ત્યાં મેં છે એ દ્વંદ્વભાવનાના પ્રકૃતિ નિયમ પ્રમાણે જ્યાં સ્થિરતા છે ત્યાં અસ્થિરતાનો સંભવ છે, શમાં ગુણસ્થાનક વા વીતરાગભાવો પણ વટાવી ઉપશમ શ્રેણીએ ચડેલ ઉપશમ વીતરાગી મહાત્માઓ આવરણ કર્મના સૂક્ષ્મ દોષથી ૧૧ મે ગુણસ્થાનકેથી પડતા, આત્મસ્થિરતા તો અસ્થિરભાવ આવરણને પામે છે પણ ઘણી વખતે અનન્તવને પણ આવરણ કરી અજ્ઞાનદશાને પામે છે, જેવી દહની હયાતિએ રહેલી આત્મ

સ્થિરતાનો જેના વિનાનો અભાવ કે ક્ષીણતા હતી જ નથી પણ સંપૂર્ણ વીતરાગતામાં તેનો સમાવેશ થાય છે સંપૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી મહાન પુરુષોએ તેનું સ્થિરતા નામ આપ્યુ છે અને તે સ્થિરતાથી પતન વા આવરણ હીન થવાનો પ્રસંગ ન આવે તેને માટે પરમ જાગૃતી સાવધાનતાની આવશ્યકતા પાછળી મ [illegible] ૧૧૧ છે

ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી.
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો

પરિષહ અને ઉપસર્ગમાં તફાવત શુ? અને તેનું સ્વરૂપ શુ? તેની વ્યાખ્યા અજ્ઞાન આસક્તિ અને આર્તરૌદ્રધ્યાનના કિલષ્ટ પરિણામથી ક્રોધકષાય વશ બની દીન દુખી ને પરાધીન એવા જીવાત્માઓ પ્રત્યે તથા મનપણે ધ્યાન કરતા ચિંતવતા માન વશ બની બીજા જીવો પ્રત્યે ઘણા જનના ધિક્કારના ગર્વિષ્ઠ બની અધમ અનીતિના પાપ કર્મો કરતા તથા આરંભ સમારંભના મહાન કાર્યો કરતા માયાવશ બની બીજાને ત્રાસ આપતા, છેતરતા પોતાના સ્વાર્થ માટે બીજાના ધન પ્રાણ ને જીવનને હરણ કરતા—અને લોભવશ બની બીજા જીવાની અનેક પ્રકારે પાપમાંથી કરતા હિંસા અધમ દુરાચાર વગેરે અકૃત્યો—અઘોર પાતક કરતા જે પાપમય કિલષ્ટ કર્મબંધ થાય છે તે કર્મોના દુખરૂપ વિપાક પ્રારબ્ધ મળે તાની પુરેશ ઉપસર્ગ તથા પરિષહ કહું છે

પ્રશ્ન—પાપકર્મના બંધથી ઉદયની વિપાક [illegible] વા અશાતા અને ઉપસર્ગમાં ફેર શું?

ઉત્તર—અજ્ઞાન દશામાં બાંધેલા જે પાપકર્મો તેનો પ્રારબ્ધોદય ને ઉદય [illegible] થાય અને આકુળતાપૂર્વક અજ્ઞાન દશામાં આવે તો તો અશાતાનું વેદકર્મ કહે, અશાતાવેદનીય મથી ઉત

થએલી જે વેદના અજ્ઞાનતાપૂર્વક ઉદયમાન્ હોવાથી આકુલતા એ આર્તધ્યાન, ભય, વિકલ્પ તથા હાધ્યાસ વગેરે દોષોથી વેદનાને ભોગવતા મોહાધ નપણે પરિણમી નવિન કર્મબંધનનું કારણ થાય છે અને તેથીજ તેને અશાતા વદનીય કહે છે અને અજ્ઞાનદશામા કરેલા પાપકૃત્યોથી કર્મબંધ થયા પછી તે પાપ કર્મોના ઉદય પ્રાપ્ત થતે જ્ઞાનદશામા આત્મોપયોગની જાગૃતિપૂર્વક સમપરિણામે વેદન હોવાથી તેને ઉપસર્ગ તથા પરિષહ કહે છે આ પ્રમાણે ઉપસર્ગ-પરિષહ તથા અશાતા વદનીયની ભિન્નતા બતાવી હવે ઉપસર્ગ તથા પરિષહો તફાવત બતાવે છે

પૂર્વકર્મના વેર સબધને લઇ દેવો વગેરેનો આક્રમણરૂપ દૈવ શક્તિથી તથા અસાધારણ નિમિત્તોથી પ્રાણઘાતક પ્રારબ્ધને ઉપસર્ગ કહે છે, અને અશુભ કર્મો યથા ઉદયગત દૈહિક રોગો તથા શીત તાપ ક્ષુધા તૃષાદિના કુદરતી પ્રતિકૂળતાથી ઉત્પન્ન થતા કષ્ટો વા પ્રાણવિનાશક દુ ખરૂપ જે પ્રારબ્ધ તેને પરિષહ કહે છે

ઉપસર્ગ તથા પરિષહ બનેની દુ ખ વેદનામા ઉપયોગ જાગ્રતિ અને સમપરિણામ વા આત્મસ્થિરતા હોય તોજ તે ઉપસર્ગ તથા પરિષહ કહેવાય નહિતો તો અશુભ કર્મનો ઉદય વા અશાતાવદનીય કહેવાય એ લક્ષ રાખવાનુ છે

યોગની વૃદ્ધિ સયમ, સ્થિરતા અને ક્ષીણતા થવારૂપ જે આત્મસ્થિરતા તે કેવી હોવી જોઇએ તે બતાવે છે

-ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,

મરણાંત કષ્ટ શી શીત તાપ ક્ષુધા તૃષા વિગેરે તથા વધાદિ પ્રાણઘાતક પરિષહો ક્રુર રાક્ષસો દાનવ અને દેવોની વિશ્વ સહારક દૈવિક શક્તિના ઉપદ્રવો તથા સમાવાલ ણ જાતિઓ અને અગ્નિ, સર્પ, [illegible] ઇના દ્રવ્ય વિનાશક ઉપસર્ગોથી પણ અપ્રમાન

ગાથા ૫ મી

મૂળ

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં
અંતે થાય નિજસ્વરૂપમાં લીન જો અપૂર્વ.

મન વચન કાયાના ત્રણે યોગની પ્રવૃત્તિ માત્ર સંયમના રક્ષણ અર્થેજ રાખવાનો અને તે પણ આસક્તિભાવ તથા યોગમાર્ગપણે નહિ પણ સ્વરૂપજાગૃતિ અને ઉદાસીનપણે પ્રવર્તના રહેવાથી રાગની ક્ષીણતા થઈ યોગાતીત એવા નિજસ્વરૂપમાં સ્થિત રહેવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

વિવેચન

–સંયમના હેતુથી યોગ પ્રવર્તના

સંયમની વ્યાખ્યા સમ્યક્ પ્રકારે યમ તે સમ્યગ્જ્ઞાનપૂર્વક યમ નિયમની પ્રવૃત્તિમાં ઉપયોગ અને સ્થિરતાના અપૂર્વ આનંદમાં વિચરવું તેનું નામ સંયમ

સંયમના ૪ ભેદ.

૧ નામચારિત્ર ૨ સ્થાપનાચારિત્ર ૩ દ્રવ્યચારિત્ર ૪ ભાવચારિત્ર

૧ બાહ્યચરિત્ર

આરાધકપણું તત્ત્વજ્ઞાન અને સદ્ગુરૂ સમાગમના અભાવે ઘણા જીવો સંયમના વાસ્તવસ્વરૂપને ન સમજવાથી સંયમના નામ થી ઓળખાતી નીચે બાહ્ય પ્રવૃત્તિનેજ સંયમ માની રહે છે અને તેથીજ

સત્યની પ્રાપ્તિ થતી નથી સમ્યગ્જ્ઞાન (તત્ત્વજ્ઞાન) પૂર્વક જે યમાદિ નિયમોનુ સેવન થાય તેજ સયમ અને સયમધારી હોય તે સયમી સિવાય તત્ત્વજ્ઞાન રહિત તથા પરમાર્થ ધ્યેય અને સદ્ગુરુની આજ્ઞા રહિત જે જે બાહ્યપ્રવૃત્તિઓ ધર્મના નામે સેવાય છે તે સયમ વા સાધન ચારિત્ર નથી પણ બાહ્યચારિત્ર એટલે આભાસ વા મિથ્યા ચારિત્ર છે

સયમધારી સયમી વા ગુરુ કોણ હોય? સમાજ, દેશ અને વિશ્વને કપટ ક્લેશ અને પરતત્રતાના અઘોર પાપમાથી મુક્ત કરનાર તેના રક્ષણ વા ઉન્નતિ માટે પોતાના તન મન ધન જીવનાદિ સર્વસ્વનો ભોગ આપનાર, અર્થાત્ દેશ સમાજ અને વિશ્વની ઉન્નતિરૂપ યજ્ઞ વેદીમા પોતાનો જીવનનુ બલિદાન આપનાર કુદરતી કોપો, ભયકર રોગો દુષ્કાળના ત્રાસજનક સકટો જાલીમ અમલદારો, અને જુલમી રાજ્યસત્તાની ભયકરઆપત્તિમા સપડાએલા એવા દીન દુખી પરાધીન પ્રાણીઓની ઉન્નતિ માટે પ્રાણ ભોગ આપી સેવા કરનાર પ્રેમ, ઐક્ય અભેદતા કરુણા અને પરમાનદના એકરૂપ યોગથી સમાજ દેશ અને વિશ્વનો ઉદ્ધાર કરનાર, કષાય વિષય અજ્ઞાન માયા અને મોહાદિ કર્મશત્રુઓને જીતનાર પ્રાણાતઆપત્તિ અને સામ્રાજ્ય સપત્તિમા પણ હર્ષ-શોક ન કરનાર તથા આત્માની જાગૃતિ શુદ્ધિ અને સ્થિરતાના પરમાનદમા રમણ કરનાર તેજ સાધુ, તેજ મહાત્મા, તેજ યોગી વા તેજ સયમી છે આવા સયમ વિનાની સર્વ પ્રવૃત્તિ તે બાલ પ્રવૃત્તિ છે

સમ્યગ્જ્ઞાનરહિત અને પૂર્વસંસ્કાર તથા જીવાત્મામા પ્રગટ થયા વિના કુલાચાર અને સપ્રદાયમોહથી કલ્પિત કલ્યાણની ભાવનાની કલ્પનાવશ બની સ્વચ્છદ પ્રતિબધ, અસદ્ગુરુનીઆજ્ઞા અને સકામ વૃત્તિ (દેવલોકના સુખ પુણ્યબધ તથા ભૌતિક પદાર્થોના સુખની વાછના) થી દેહાધ્યાસ અને અજ્ઞાનમતિ (મિથ્યાત્વમોહનીય અને

અનંતાનુબંધીય કષાયના ઉપશમ કે ક્ષયોપશમ વિના તેના ઉદયપૂર્વક સામાયિક પ્રતિક્રમણ, પૂજા, જપ તપ તથા યમનિયમાદિ બાહ્ય મન વચનની શુભાશુભપરિણામપૂર્વક ક્રિયા કરી તેને બાહ્ય ચારિત્ર કહે છે ના વેષ ચારિત્ર કે આભાસસંયમ કહે છે જે સાધન ચારિત્ર પ્રવૃત્તિ સાધ્યલક્ષ તથા સાધનપ્રાપ્તિ વિના થાય તે આભાસ વા મિથ્યા છે, સંસારપરિણામિક છે

અથવા ઇંદ્રિય દમન દેહાધ્યાસબુદ્ધિ વસ્ત્ર પાત્ર શિષ્ય સંપ્રદાય અને ક્ષેત્રાદિનો મોહ ધર્મના નામે મારા તારાની મમત્વ ભાવના વેશ બાહ્યપ્રવૃત્તિ વ્રતો તથા વિધિનિષેધનો સમજ્યાવગર ખોટો દુરાગ્રહ એ વિચાર વિવેક શ્રદ્ધા, વિવેક ધ્યેય તથા વિજ્ઞાનરહિત શુભાશુભપરિણામપૂર્વક શુષ્કક્રિયા તે બાહ્ય ચારિત્ર છે આવા મિથ્યા વા આભાસરૂપ અનંતવાર બાહ્યચારિત્રો અનંતભવભ્રમણમાં ધારણ કર્યાં છતાં આત્મા સંસારબંધન અને ભવપરિભ્રમણથી મુક્ત થયો નથી. જેથીજ જ્ઞાની મહાત્માઓ કહે છે કે તેવી શુષ્કપ્રવૃત્તિ ઓથી મુક્ત થઇ સાધ્યની પ્રાપ્તિ થાય એવી કલ્યાણકારી સાધન પ્રવૃત્તિનું સ્વચ્છંદી થઇ રહિત થઇ સદ્ગુરુની આજ્ઞાએ રહી, સાધન કરવું એજ જીવનનું લક્ષણ છે ઉપરોક્ત શુષ્ક શુભપ્રવૃત્તિ કરતા જેટલી મનના નિગ્રહમાંની શુભભાવના કે તેવા સ્થૂલ મનની પવિત્રતા સ્થિરતા હોય તેટલા પ્રમાણમાં પુણ્યબંધ કરી મનુષ્ય ગતિ શાન્ત વા દેવગતિ અને ઋદ્ધિ સમૃદ્ધિનું પૌદ્ગલિક ભોગોનું ક્ષણિકસુખ તથા વિદેશનામાં પ્રમત્ત પુણ્યબંધનથી નવનિધાનમાં પૌદ્ગલિકસુખનો સંપાદન કરી ક્ષણિક આનંદ ભોગવી માયામાં ન પડે તે સુખ પ્રારંભમાં તલ્લીન થઇ અનંતભવો ઉપાર્જન કરી અનંતભવભ્રમણમાં ભટકે, રખડે છે અને જો શુભપ્રવૃત્તિમાં અશુભપરિણામપૂર્વક સેવન કરતો હોય તો પાપપરિણામ બાંધી દુ:ખનો અનુભવ કરતો સંસાર વૃદ્ધિ કરી રખડે છે શાસ્ત્રકાર કહે

છે કે આવા બાલચારિત્રો મેરૂપર્વતના ઢગલા જેટલા અનંતવાર લીધા છે, છતાં કલ્યાણ થયું નથી માટે હવે કલ્યાણ થવાના કારણભૂત સાધનચારિત્રનું સ્વરૂપ જણાવે છે

૨ સાધન ચારિત્ર

પૂર્વસંસ્કારની જાગૃતિ, જીવાત્મામાં વૈરાગ્ય સદ્દગુરૂની આજ્ઞા અને અનંતાનુબંધીકષાય તથા મિથ્યાત્વના ઉપશમથી સમ્યક્ત્વપ્રાપ્તિ માટે પાંચમહાવ્રતોને ધારણ કરી, આત્મજ્ઞાનરૂપધ્યેયની પ્રાપ્તિના લક્ષપૂર્વક સાધનપ્રવૃત્તિનું સેવન કરે તેને સાધનચારિત્ર કહે છે,

કેટલાક સમાચિત્ત જીજ્ઞાસુ આત્માઓ એવા હોય છે કે હજી સમ્યક્ત્વજ્ઞાન પ્રગટ થયું નથી, પણ પ્રાપ્ત કરવાની તીવ્રજીજ્ઞાસા છે તેવા જીવાત્માને સત્ગુરૂની યથાર્થ ઓળખાણ હોય, નિષ્કામ ભક્તિ, શ્રદ્ધા, અંતરત્યાગ અને તીવ્ર વૈરાગ્ય હોય, સત્પુરૂષની આજ્ઞા તથા સમ્યક્ત્વપ્રાપ્તિના ધ્યેયપૂર્વક તેમજ વિધિ, વિચાર, શ્રદ્ધા, ભક્તિ અને વિવેકપૂર્વક દાન, પુણ્ય, પૂજા, સામાયક, ધ્યાન, તપ, જપાદિ સત્ક્રિયા-સદ્વ્યવહાર કરતો હોય, અને સંસારની પ્રબલવાસના, આસક્તિ, આરંભ સમારંભની વૃત્તિ તથા વિષય-કષાયાદિનો અભાવ વા ક્ષયોપશમ નહિં પણ ઉપશમ હોય અને આવી તીવ્ર સાધન ઉપાસનાથી સમ્યક્ત્વ થયા પછી પણ આરંભ સમારંભરૂપ ગૃહસંસાર અને તીવ્ર કામવિષય કષાયાદિનો પ્રારબ્ધોદય ન આવવાનો હોય તો તેવા જાગૃત સાધક આત્માની વૃત્તિ પ્રકૃતિ અને પ્રારબ્ધકર્મને જાણનાર જ્ઞાની મહાત્માઓ પાંચમહાવ્રત આપી ચારિત્ર ધારણ કરાવે છે, તેને સાધક ચારિત્ર કહે છે ઉપરોક્ત દશાવાળા જીજ્ઞાસુ આત્માની પાંચમહાવ્રત સિવાયની ધ્યાન, પૂજા, તપ જપાદિ સત્ક્રિયાને સાધનક્રિયા વા સદ્વ્યવહાર કહે છે સમ્યક્ત્વ સુધીની સાધનક્રિયાને સદ્વ્યવહાર કહે છે અને પાંચ મહાવ્રતોની શુભક્રિયાને સાધનચારિત્ર કહે છે

મિથ્યાત્વમોહનીય અનંતાનુબંધીકષાય, મહારંભ, પરિગ્રહની વાસના અને તીવ્ર કામોદય એ ચાર વૃત્તિઓનો ઉપશમ હોય તોજ જીજ્ઞાસુ આત્માને જ્ઞાનીઓ સાધનચારિત્ર આપે છે

પ્રશ્ન—આગળ જણાવ્યુ છે કે ઉપરોક્ત ચાર વૃત્તિઓનો ઉપશમ હોય અને સમ્યક્ત્વ થયા પછી પણ ઉપયોગ જાગૃતિ સાચવનારાને જ જ્ઞાનીઓ સાધનચારિત્ર આપે છે પાંચમહાવ્રત આપે છે તો તેવું સાધનચારિત્ર ગ્રહણ કર્યા છતા આ કુમાર આદિ કેટલાક, મુનિઓ તીવ્ર વૈરાગ્ય અને આત્મજ્ઞાન થયા પછી ચારિત્ર લહી વિકારવિષયનો પ્રસંગ પ્રાપ્ત થતા ચારિત્રથી મુક્ત થઇ ગૃહસ્થ-વિષય ભોગી બન્યા તેનું શું કારણ ?

ઉત્તર—આ પ્રશ્ન અતિગહન છે ૫-૭ વર્ષથી આ પ્રશ્ન ઉપર સૂક્ષ્મતાથી વિચારણા તથા પવિત્ર સત્સંગ યોગે સંવાદ કરતા પણ હજી તેના પૂર્ણ રહસ્યને સમજી શક્યો નથી તથાપિ સાધ્યુ પરી પરમકૃપાળુમહાત્મા ગુરુમુનિજિમહારાજના તત્ત્વબોધ અને હાર્દિકકૃપાથી તથા પરમકૃપાળુદેવ શ્રીમાન્ રાજચંદ્રના બોધવચનામૃતના વચન વિચાર મનનથી જે સમજાયુ છે તે પ્રમાણે અત્રે જણાવુ છુ

સમક્તિ થયા પહેલા આગળ જણાવેલ ચાર મહાવૃત્તિઓના ઉપશમથી પાંચમહાવ્રત ધારણ કરે છે તેમજ સમક્તિ થયા પછી પણ ઉપયોગની જાગૃતિ તથા ક્ષયોપશમભાવની સત્તાને લઇ અને વૈરાગ્ય તીવ્રતા હોવાથી ઉપશમભાવની વિશેષતા હોય છે (કેમકે સમક્તિની દર્શનમોહનો ક્ષયોપશમ વા ક્ષય ભાવ કર્યા છતા ચારિત્રમોહનો ઉપશમ પણ હોય છે તેથી ઉપશમભાવની વિશેષતા હોય છે) અને ઉપશમભાવની તીવ્રતા હોવાથી જીજ્ઞાસુ વા સમ્યક્જ્ઞાનીઓને પણ પાંચમહાવ્રતરૂપ ચારિત્રની સ્ફૂરણા થાય છે-વૃત્તિ ઉદ્ભવ છે, કેમકે

ઉપયોગની વિશેષ જાગ્રતિ ત્યાં જ્ઞાનની વિશેષતા
વૈરાગ્યની વિશેષ જાગ્રતિ ત્યાં ઉપશમની વિશેષતા
વૈરાગ્ય અને ઉપયોગ બન્નેની વિશેષ જાગ્રતિ ત્યાં ચારિત્રની વિશેષતા

અર્થાત્‌—વૈરાગ્યની વિશેષતા અને ઉપયોગની મંદતા હોય ત્યારે ઉપશમપરિણામી ભાવ વર્તાય છે, વૈરાગ્યની મંદતા અને ઉપયોગની વિશેષ યા તીવ્ર જાગ્રતિ હોય ત્યારે ક્ષયોપશમિકભાવ વર્તાય છે તથા વૈરાગ્ય અને ઉપયોગ બન્નેની તીવ્રતા વા સમાનતા હોય ત્યારે ક્ષાયિકભાવ વા વીતરાગતા વર્તાય છે

આ પ્રમાણે ઉપયોગની મંદતા અને વૈરાગ્યની વિશેષતાથી ઉપશમભાવની વિશેષતા થવાથી ચારિત્ર લે છે અને ચારિત્ર લીધા પછી સત્સંગ, સત્શાસ્ત્ર વચન, વિચાર, સંયમ, તપ, ધ્યાન અને જ્ઞાનના સતત્ પુરુષાર્થથી વૈરાગ્યની તીવ્રતા સાથે જ્ઞાનની પણ તીવ્રતા થવાથી ઉપશમી રહેલ ચારિત્રમોહનીયની વેદ પ્રકૃતિ પ્રબળતાથી પ્રાગ્ભાવ ઉદયમાં આવતા, ઉપશમભાવ ક્ષયોપશમભાવના રૂપમાં પરિણમી તીવ્રજ્ઞાન વૈરાગ્યના સાધન અભ્યાસથી ક્ષાયિકસમકિત થાય છે

અખંડઉપયોગસ્વરૂપ ક્ષાયિકસમકિત થયા પછી ચારિત્ર મોહનીયની શક્તિઓનુ પૂર્ણજ્ઞાન થાય છે, તેથી આ વેદવૃત્તિ ભોગવ્યા વિના કોઈ પણ ઉપાયે પુરુષાર્થ, વા સાધનથી ક્ષય થાય તેમ નથી જ એમ યથાર્થ જાણ્યાથી તેઓ સાધનચારિત્રથી મુક્ત થઈ પૂર્વ જન્મના સંસ્કારની સંચિત થએલ સ્નેહબાનસાથે પ્રેમપ્રારબ્ધ અને વિકારપ્રારબ્ધની ક્ષીણતા કરવા માટેજ ગૃહસ્થી બને છે, આર્દ્રકુમારાદિ મહાત્માઓ ગૃહસ્થી બની સમાગપ્રારબ્ધ ભોગી થયા છતા પરમજ્ઞાનીમહાત્માઓએ તેમને શિથિલ કહ્યા નથી પરંતુ આ ધિક કહ્યા છે, શાસ્ત્રકાર જણાવે છે કે

दसण भट्टो भट्टो, दसण भट्टस्स नत्थी निव्वाण,
सिज्झति चरण रहिया, दसण रहिया न सिज्झति —

દર્શન એટલે સમ્યક્ત્વથી ભ્રષ્ટથએલ મનુષ્યને મર્સા ધનથી ભ્રષ્ટ-પતન કે ચારિત્રથી પતિત થએલ મોક્ષને પામે છે પણ દર્શનથી પતિત થએલ મોક્ષને પામતો નથી જેથી આત્મ જ્ઞાનીજીવો આત્મોપયોગ વૈરાગ્ય અને જ્ઞાનથી પૂર્વકર્મને સમપરિણામે વદી પ્રારબ્ધકર્મનો (ચારિત્રમોહનો) ક્ષય કરે છે અને પછી દ્રવ્ય તથા ભાવથી ચારિત્ર લની પરમગતિ-મોક્ષને પામે છે

અશુભપરિણામથી હિંસા અને મૈથુનાદિનું સેવન કરતા પાપ બંધ થાય

શુભપરિણામથી હિંસા અને મૈથુનાદિનું સેવન કરતા પુણ્ય બંધ થાય.

આત્મોપયોગપૂર્વક હિંસા અને મૈથુનાદિનું સેવન કરતા નિર્જરા-કર્મક્ષય થાય.

આ પ્રમાણે ઉપશમભાવ ચારિત્ર ધારણ કરી પુન ગૃહસ્થી થએલ આર્દ્રકુમારનું જે દ્રષ્ટાંત છે તે પણ ઉત્સર્ગમાર્ગ નથી પરંતુ અપવાદ માર્ગ છે આ અપવાદી માર્ગ પણ વિચારવા જેવું છે આજે સુપાત્રો ચારિત્ર ધારણ કરીને પણ જો વર્તે ચારિત્ર છોડી ગૃહસ્થી થાય તો જનસમાજમાં ધિક્કારને પાત્ર બને છે ત્યારે આર્દ્રકુમારાદિ મહાનુયોગીઓ ગૃહસ્થ થયા છતાં પણ જગતમાં આરાધ્યપણે તથા સ્વરૂપે ગણી પૂજનીય બન્યા છે, એજ ઉપરથી સિદ્ધ થાય છે કે તે મહાત્માઓનો ગૃહસ્થપ્રારબ્ધ વિષયા સક્તિથી વિષયોપભોગાર્થ ન હતો પણ પૂર્વકર્મની ક્ષીણતા માટે આત્મોપયોગની જાગૃતિપૂર્વક હતો જેથી કર્મક્ષય કરી પરમપદને પ્રાપ્ત થયા છે

સાધન સાધ્યની વ્યાખ્યા ઉપાધ્યાય મહારાજ યશોવિજયજી એ ૧૨૫ ગાથાના સ્તવનની ૭ મી ઢાલમાં સામાન્ય

રેખારૂપે દર્શાવ્યુ છે સાધનચારિત્રની સ્થિતિને મળતી વ્યાખ્યા સંવેગપક્ષી સાધુના જીવન સાથે ઘટતી છે

જેનાથી તત્વજ્ઞાનપ્રાપ્તિરૂપ જે સાધ્યની પ્રાપ્તિ થાય તેજ સાધન અને તે સદ્‌સાધનની ઉપાસના કરવી તે સાધનચારિત્ર છે

૩ દ્રવ્ય ચારિત્રની વ્યાખ્યા.

સાધનચારિત્રમા સાધનની સામાન્ય અને મધ્યમ સાધના ગણાતી છે ના ગણાતી છે

અથવા સામાન્ય અને મધ્યમ સાધનાને સાધનચારિત્ર કહે છે અને અસાધારણ સાધનાને દ્રવ્યચારિત્ર કહે છે કાર્યનીપ્રાપ્તિ કરાવે તે કારણ, અને કાર્યની પ્રાપ્તિ ન કરાવે તે કારણાભાસ વા મિથ્યાપ્રવૃત્તિ નિશ્ચયની પ્રાપ્તિકરાવે તે વ્યવહાર અને નિશ્ચય શૂન્ય વ્યવહાર તે વ્યવહારાભાસ તેમજ ભાવની પ્રાપ્તિ કરાવે તે દ્રવ્ય, અને ભાવશૂન્ય દ્રવ્ય તે દ્રવ્યાભાસ.

ઉપાધ્યાયજી મહારાજ કૃત પચક્રિયાપ્રકરણમા શિષ્યે પ્રશ્ન કર્યો છે કે અમે જે પ્રવૃત્તિ કરીએછીએ તે આત્મભાવ અને ઉપયોગરૂપ તે સમજતા નથી, પણ શુભપ્રવૃત્તિ હોવાથી દ્રવ્ય ક્રિયા તો કહેવાય કે નહિ ? તેવી ક્રિયા કરતા કરતા કોઈ વખતે તો અમારુ કલ્યાણ થશે કે નહિ ?

ઉત્તર—પૂર્વ દિશામા જેનુ ઘર હોય તો તે પૂર્વ તરફ ધીમે ધીમે ચાલે તો પણ ઘેર પહોંચે છે, પરંતુ પશ્ચિમ દિશામા ચાલે તો હજારો ગાઉ ચાલે તો પણ તેની ચલનક્રિયારૂપ વ્યવહારથી ઘેર પહોંચી શકે નહિ, કેમકે તે અસત્ય છે તેમ ભાવતીસિદ્ધિ કરે તેજ દ્રવ્ય વા દ્રવ્યક્રિયા, નહિતો દ્રવ્યાભાસ વા મિથ્યાભાસ છે

એક પરમાણુથી માંડી ચૌદરાજલોકપર્યંતના દરેકપદાર્થો મેળવતા

માટે વા ઇન્દ્રિયજ સુખો અને મલિનવાસનાઓથી મમત્વપણે જે શુભક્રિયા કરે તેને જ્ઞાનીઓ વિષક્રિયા કહે છે

પુણ્યભાવના અને પરલોકના સુખની ઇચ્છાએ જે શુભક્રિયા કરે તે ગરલક્રિયા બીજાને દેખવા તથા માનપૂજાના સત્કાર અર્થે વા ધર્મી કહેવરાવવા વા સમજણ કે વિચાર વિના એકબીજાની દેખાદેખી જે ક્રિયાથી તેને અન્યોન્યક્રિયા થાય વા મિથ્યાક્રિયા કહે છે આ ત્રણે પ્રકારની શુભક્રિયાને બાહ્યચારિત્રમાં ગણી છે જીવાત્મા ધ્યેય સત્પુરુષની આજ્ઞા અને આત્મશ્રદ્ધાપૂર્વક જે ક્રિયા થાય તેને તદ્હેતુક્રિયા (તત્ હેતુ તેની એટલે આત્માની સિદ્ધિને માટે જે ક્રિયા થાય) કહે છે આ સાધનક્રિયા વા સાધનચરિત્ર છે અને આત્મજ્ઞાનપૂર્વક જે ક્રિયા થાય તેને અમૃતક્રિયા કહે છે આ ક્રિયા તે સ્વચારિત્ર છે વા સમ્યક્જ્ઞાન થયા પછી આત્મોપયોગની જાગૃતિ તથા સ્થિરતાથી સમપરિણામે ઉદાસીનભાવે જે જે પ્રારબ્ધકર્મને વેદતા ક્ષય થાય અને તેથી નિજશુદ્ધસ્વરૂપ આત્મસ્થિરતાની વૃદ્ધિ થવાથી પરિગ્રહ રાગ કુટુંબ વિકાર તથા સંબંધપ્રારબ્ધની વૃત્તિઓ ક્ષય થતા તેનાજ દેહપ્રારબ્ધજન્ય દ્રવ્ય સન્માનને ભાવ પ્રારબ્ધકર્મની ક્ષીણતા થતા અન્ય દ્રવ્ય ક્ષેત્ર કાળભાવ પ્રારબ્ધ કર્મના ઉદયથી તથા અન્ય પ્રદેશ–ક્ષેત્રસ્થિત જીવોના શુભ ઇચ્છાનુ આત્મહિત કરવાના પ્રારબ્ધોદયથી સહજ ઉદયગત થએલ બાહ્યસંગત્યાગ (આભ્યંતરસંગત્યાગ તો સમ્યક્ત્વની પ્રાપ્તિમાજ થાય છે) કરવાનુ તથા યથાખ્યાતના ઉત્કૃષ્ટ સ્વરૂપનો આવિર્ભાવ બાર અને ચાર ભાવનાની વૃત્તિઓનો આવિર્ભાવ વગેરે અને દેહના ધૈર્ય અડગતા તથા આત્મવીર્યની સ્ફુરણા આદિ અનેક શક્તિઓના વિકાશરૂપ જે ચારિત્ર તેને અમૃતક્રિયા ચારિત્ર કહે છે

પ્રશ્ન—દ્રવ્યચારિત્ર વિના ભાવચારિત્ર ન થાય તો મરૂદેવીમાતા કુમાપુત્ર તથા ભરતાદિને ભાવચારિત્ર, કેવળજ્ઞાન અને મોક્ષ સુધીની પ્રાપ્તિ કેમ થઇ?

ઉત્તર—દ્રવ્યચારિત્ર વિના ભાવચારિત્ર નજ થાય એ સિદ્ધાંત નિર્યામન અને અબાધિત છે. વેષવૃત્તિના બાહ્યચારિત્રમોહને લઇ અત્યારના સંપ્રદાયમોહાંધ સમયમાં ઘણાખરા બાહ્યચારિત્રરાગીસાધુ ઓ અને ગૃહસ્થો બાહ્યક્રિયા અને વેષનેજ દ્રવ્યચારિત્ર માને છે, પણ તે માન્યતા તદ્દન ખોટી છે એમ ભરતાદિના ચરિત્રોથી સિદ્ધ થાય છે જો વેષાદિ બાહ્યચારિત્રને દ્રવ્યચારિત્ર માનતા હોય, અને તે માનનારા દ્રવ્યચારિત્ર વિના ભાવચારિત્ર નજ થાય એમ પણ સાથે કબુલ કરતા હોય તો, પ્રશ્ન ઉઠે કે ભરતાદિને તેવા (વેષાદિ બાહ્ય) દ્રવ્યચારિત્ર વિના ભાવચારિત્ર અને કેવળજ્ઞાન સુધીની પ્રાપ્તિ કેમ થઇ?

સમાધાન—ઉપરના પ્રશ્નોનુ સમાધાન દ્રવ્યચારિત્રના વર્ણનથી સમજાશે સમ્યક્તવજ્ઞાન વા આત્મોપયોગ સહિત ચારિત્રાવરણીયકર્મના પ્રારબ્ધને સમપરિણામે વેદન કરવાથી જે સ્થિરતા થાય તે ભાવ ચારિત્ર છે અને ચારિત્રાવરણીય કર્મના ક્ષયથી બાર આપુનો તથા પાંચ મહાવ્રતનો જેવા કે અખિલ બ્રહ્માંડના સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર જીવો પ્રત્યે મન વચન કાયાના ત્રિવિધ યોગથી કરૂણા દયા વા અહિંસા રૂપ જે પ્રથમ મહાવ્રત—પ્રાણાતિપાતવિરમણવ્રત

૨ જુ **મહાવ્રત**—મરણાંત કષ્ટે અને પ્રાણઘાતક સમયે પણ ત્રિવિધયોગથી અસત્ય ન બોલવુ તેના મહાન્ સત્ય ગુણધારક મૃષા વિર મણવ્રત.

વાક્યાર્થ—સ્મશાન જેવા વિકાળ સ્થળમાં નિર્ભયતાથી એકાકીપણે વિચરવાનો તથા પર્વતના એકાન્ત અને ભયંકર સ્થળમાં વાઘ અને સિંહ જેવા વિકરાળ પશુઓના શરીર સંગસમો કીધા અને આસનની અચલતા—સ્થિરતાપૂર્વક મનની અડગ અક્ષોભ બનાવી રહેવાનો અને તેઓના સંગમાં પણ જાણે પોતાનો સહોદર

વા પરમસ્નેહી મિત્ર મળ્યો હોય તેમ જાણી-માની નિર્ભય-અક્ષગ, અશોક અને સ્થિર રહેવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

વિવેચન

સ્મશાન જેવા ભયંકર સ્થળોમાં કે જ્યાં મધ્યરાત્રીના સમયે બહાદુર માણસની પણ છાતી ધ્રુજી ઉઠેછે, અનેક મનુષ્યોના શબોના દાહથી રૌરવ-ભયંકર લાગતું એવું સ્થળ પણ મહાન્ પુરૂષોને પરમ વૈરાગ્યનું કારણ બનેછે. સ્મશાન એ નમળી છાતીના બીકણ મનુષ્યોને ભયંકર સ્થાન છે, કેમકે માની લીધેલા ભૂત પિશાચોના વાતાવરણને માનનાર મનુષ્યોને તો તે સ્થાન હૃદય કંપાવી નાખે તેવું ભયંકર સ્થાન છે, અને જ્ઞાની મહાત્માઓને તેજ સ્થાન સંસારની અસારતા અને અનિત્યતાના સૂચક વૈરાગ્યનું સ્થાન છે, કેમકે જ્યાં અનેક રાજા મહારાજાઓના સૌંદર્યસંપન્ન, માનસંપન્ન, શૃંગાર સંપન્ન મનોહર અને દીપ્યમાન શરીરો પણ ભસ્મિભૂત થઇ રાખ બની વિશ્વમાંથી ગ્રહણ કરેલા પુદ્‌ગલપરમાણુઓ દુનીયાની માટી સાથે મળી જાય છે જેથી મહાત્માઓને સ્મશાન એ વૈરાગ્યની આદર્શભૂમિ છે

આવા નિરજન અને ત્રાસદાયી સ્થાનમાં કોઇના સંગ કે સહાય વિના એકાકી વિચરતા છતાં આત્મામાં અણુમાત્ર પણ ખેદ ભય કે વિકલ્પ ન લાવતાં આત્મસ્થિરતાના પરમાનંદમાં રક્ષણ કરવું એજ સંયમી સાધુનું જીવન છે

"વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગજો"—વળી જે સ્થાનમાં મનુષ્યનો વાસ તથા સંચાગણ પણ નહોય વળી જ્યાં ક્રૂર સર્પોના કંપાયમાન કરનારા ફૂત્કારાઓ અને સિંહાદિની ત્રાસજનક ભયંકર ગર્જનાઓથી જે સ્થાન ભય, ત્રાસ વા વિહ્વળતાના આવાસરૂપ હોય, કરાળકાલના સ્થાનરૂપ હોય તેવા અતિ ભયંકર સ્થળમાં પણ નિડરતા વા નિર્ભયતાથી વિચરતા અને પરમાનંદમાં રમણ કરતા મુનિ

મહાત્માઓને કોઈ વિકાળ પ્રાણ ર ન વ્યાઘ્ર કે સિંહાદિનો સમાગમ થતા —ભેટો થતા તેનાથી અણુમાત્ર ભય કે ખેદ નહિ પામતા, આત્મસ્થિરતાની અણુમાત્ર પણ ક્ષતી ન લાવતા અખંડ આનંદમાં વિચરતા

વ્યાઘ્ર—સિંહ આદિ જોઇ જાણે પોતાનો ન્હાનો સહોદર વા પરમસ્નેહીમિત્ર મળ્યો હોય તેમ કાયા—આસનની સ્થિરતા અને મનમા જરાએ પણ ચપળતા કે અસ્થિરતા કે ક્ષોભ થયા વિના નિષ્કંપપણે કા અક્ષોભિતપણે પરમાનંદ થી તેના સહવાસમા રહેતા પૂર્ણ નિર્ભયતા અને અડગતાથી વિચરવાનો મહાભાગ્યશાળી અપૂર્વ અવસર ક્યારે આવશે?

મૂળ

ગાથા ૧૨ મી—ચારિત્રવર્ણન

ઘોર તપશ્ચર્યામા પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો
રજકણ કે સિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો અપૂર્વ

વાક્યાર્થ—વિવિધ પ્રકારની ઘોર તપશ્ચર્યા કરતા મનમાં ખેદ કે તાપ થયા વિના અને પ્રારબ્ધવશાત્ સરસ ભોજન મળતા પણ મનમા આનંદ નથી તથા એક ધૂળના રજકણથી લઇ વૈમાનિક દેવની સિદ્ધિ પ્રત્યે પૃથ્વીના વિકારરૂપ વા પુદ્‌ગલદ્રવ્યના પર્યાયરૂપ સમભાવતા અનુભવવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

વિવેચન

જ્ઞાનીઓને તપશ્ચર્યા પણ સહજ પ્રારબ્ધ છે પણ ઇચ્છા પ્રારબ્ધ નથી. કારણ ઉપાધ્યાય મહારાજશ્રી જણાવે છે કે ઇચ્છા રોધને કરી પરિણતિસમતા યોગે રે ઇચ્છા સહ રોધ સંયમ કરી સમતાયોગના પરિણતિ ભાવમા પોતાના સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર ગુણને ભોગવતો—રમણ કરતો જે સ્વાત્માનુભવ સ્વરૂપ પરમતત્ત્વ છે તેજ તપ છે, અર્થાત્ જ્ઞાનીઓ ઇચ્છા વા

ઉદીરણાથી તપ કરતા નથી, પણ સહજ પ્રારબ્ધોદયથીજ તપ થાય છે

આહારપ્રારબ્ધના અનુદયરૂપ ઉદયનો અભાવ એટલે આહારની અપ્રાપ્તિ, અશાતા ભાવને ઉપયોગ તથા સ્થિરતા ભાવથી સમપરિણામે વેદન કરવુ તેનુ નામ સહજભાવ વા તપ છે સ્વાત્માનુભવમા રમણ કરતા મહાત્માને આહારપ્રારબ્ધના અનુદયથી બે ચાર દિવસ વા માસ છમાસના કાલપર્યંત કદાચ આહારાદિ ન મળે છતા વા ધ્યાન જપ સયમાદિના અનેક કષ્ટોની તપસ્યા થયા છતા અણુમાત્ર પણ મનને ખેદ વિકલ્પ, સતાપ ના આકુલતા ન થાય એવી સ્થિરતામા રહેવુ એ મુનિધર્મ, સયમ, વા તપ છે

આધુનિક મુનિઓ વર્ષાદની ઋતુમા જ્યારે ત્રણ-૪ દિવસની એવી હોય ત્યારે હાથમા ઝોળીપાત્રા ભગવી ખડા ઉભા રાહ જોયા કરે અને જ્યારે વર્ષાદિ બધ રહે તેવુ નજર જણાય ત્યારે આહાર ન મળવાથી ખેદે વિકલ્પોને મુખથી કહાળી ઝોળીપાત્રાને બાલુ મુકતા જણાવે કે હવે આહાર મળ્યો હત તો ચારિત્રની વૃદ્ધિ થાત અને અત્યારે ન મલ્યો તો તપની વૃદ્ધિ થશે આનુ નામ તપ નહીં, પરતુ માયા ના અજ્ઞાન છે, ઇચ્છા વિકલ્પ કે ખેદ વિના સહજ પ્રારબ્ધોદયથી આહાર મળતા છતા પ્રીતિ આસક્તિ નથી અને ન મળતા વિકલ્પ કે ખેદ નથી તેનુ નામ તપ છે, આહાર ન ખાવો તેનુ નામ તપ નથી, પણ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમાન્ હેમચદ્રાચાર્યજી જણાવે છે તેમ

કષાયવિષયાહારા, ત્યાગો યત્ર વિધાયતે,

ઉપવાસો સ વિજ્ઞેય, શેષ લઘનક વિદુ

ક્રોધ માન માયા લોભ એ ચાર કષાય અને પાચ ઇદ્રિયોના વિષયો સહિત આહારનો ત્યાગ થાય તેને તપ કહે છે પણ આહારનો ત્યાગ કર્યા છતા જો કષાય તથા વિષયનો ત્યાગ ન થયા તો તે તપ નથી પણ પણ લઘન વા દેહકષ્ટ છે તપસ્યા કર્યા છતા ક્રોધ માન અને માયાદિ

કુધાય બહિરાત્મદૃષ્ટિ તથા દેહાધ્યાસાદિ દોષોનો નાશ ન થયો તો તે તપ નથી પણ તપના નામે થતી સૂક્ષ્મ માયા વા આ મબંધન છે વૃત્તિઓના સંયમનેજ જ્ઞાનીઓ તપ કહે છે

આહારપોગલના આધારે જે દેહ ટકેલો છે તેનો આહાર વિના નાશ થતો હોય તેવા દેહવિનાશક તપપ્રસંગમાં પણ મનમાં ખેદ વ્યગ્રતા વા અસ્થિરતા ન થાય. અને પ્રારબ્ધ યોગથી સરસ સ્વાદિષ્ટ ભોજન મળતા મનમા જરાપણ પ્રસન્નતા વા હર્ષ ન થાય એવી શુદ્ધ ભાવ પરિણતિ સ્વરૂપ વીતરાગતા પ્રગટ થવાનો અને ધૂળીનાં રજકણો તથા સ્વર્ગની સમૃદ્ધિ એ બન્ને પૃથ્વીના વિકારો છે જડ ન્યના પર્યાયો છે, આત્માથી ભિન્ન પર છે વિનાશી છે, અને પર્યાયગામી છે, એવી એક સ્વભાવવૃત્તિ વા સમાનતા અનુભવવાનો સદ્‌ભાગ્યશાળી અપૂર્વ અવસર ક્યારે આવશે?

પૂર્વ વિભાગ સમાપ્ત.

આ પદના ૧ થી ૧૨ ગાથા સુધીમા પૂર્વ-વિભાગનું વિવેચન કર્યા પછી ૧૩ મી ગાથાથી ઉત્તર વિભાગનુ વિવેચન ચાલે છે

આણુપકારી પરમકૃપાળુ મહાત્મા **શુભમુનિજી** મહારાજના સત્સંગ સદ્‌બોધ તથા હાર્દિક કૃપાથી જે કાંઇ તત્વજ્ઞાનનો બોધબીજ અનુભવાયો છે તેનો સામાન્યતાથી ચિતાર દર્શાવ્યો છે, તેમજ બોધ બીજના અનુભવની સાથે તે મહાત્માના પુનિત સહવાસમા શ્રવણ કરેલ ચારિત્રનુ સ્વરૂપ તથા પરમકૃપાળુ દેવ શ્રીમાન્ **રાજચંદ્રજીના** "રાજચંદ્ર નામક પુસ્તકના વાચન મનનથી તેમજ બીજા મહાત્માઓના સત્શાસ્ત્રોના પરિચયથી વિચારેલ ચારિત્રધર્મને તત્વજ્ઞાનની સાથે અનુમાનથી વર્ણન કરેલ છે સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રનું વર્ણન તત્વાનુભવ તથા વિચારાનુભવની મિશ્રણતાથી ક્ષયોપશમભાવ

અનુસારે કર્યું છે, પરંતુ વીતરાગદશાનું વર્ણન કરવું એ તો મારા અનુભવ (તત્ત્વબોધ) અને અનુમાન (બુદ્ધિ ક્ષયોપશમ) બંનેથી બહાર વા પર હોવાથી અશક્ય છે, પણ પદવિવેચનની પૂર્ણતા કરવા માટે હવે પછીની ૧૩ થી ૨૧ ગાથાઓ ક્ષપકશ્રેણી અને વીતરાગસંયમના વર્ણનવાળી હોવાથી તે વિષયમાં મારી અનભિજ્ઞતા હોવાથી વધારે વિવેચન ન કરતા શબ્દાર્થમાત્રથી ના સંક્ષેપ વિચારથી વર્ણન કરવાનું બન્યુ છે

ઉત્તર વિભાગ

મૂળ

ગાથા ૧૩ મી-ભૂમિકા ૫ મી ક્ષપક શ્રેણી

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં ત્યાં કરણ અપૂર્વ ભાવ જો
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વરૂપજો અપૂર્વ

વાક્યાર્થ—અને વિવેચન' (સાથેજ કરવામાં આવશે) પૂર્વ સગુરુ જીજ્ઞાસા સત્સંગસમાગમ સદ્વાંચન, ભક્તિ, અને ત્યાગ વૈરાગ્યાદિના અભ્યાસથી દર્શનમોહનો નાશ થયા પછી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને આત્માનુભવ થયા પછી ઉપયોગ જાગૃતિ વૈરાગ્ય તથા ઉદાસીનતાથી ચારિત્રમોહનો ક્ષય કરતાં આત્મસ્થિરતારૂપ ચારિત્ર ધર્મથી ચારિત્રમોહનો પરાજય થાય છે જેથી જણાવ્યું છે કે ' એમ પરાજય કરીને ચારિત્રમોહનો ' આ પ્રમાણે ચારિત્રમોહનો પરાજય કરી અપ્રમત્તભાવ અને ક્ષાયિક સમકિતને તથા અખંડ ઉપયોગ અને અવિચ્છિન્ન સ્થિરતારૂપ ચારિત્રથી અપૂર્વ કરણ નામના ૮ મા ગુણ સ્થાનકે આવું આ ગાથામાં ' આવું ત્યાં ત્યાં કરણ અપૂર્વ ભાવ જો ' એ વાક્યમાં શ્રીમાન્ રાજચંદ્રજીની અંતરંગતાનો અદ્ભૂત વિચાર સમજાય છે, ઉત્કંઠાના, ભાવના અને વર્તન એ બે જીવન દશાના સ્થાનો છે જે વસ્તુ પ્રાપ્ત થઇ નથી તેની જીજ્ઞાસા તેનું નામ ભાવના અને પ્રાપ્ત થએલ વસ્તુનું નિભવું તેનું નામ વર્તન.

એ ભાવભૂમિને તે સુજ્ઞાનીએ સમજીને શું પ્રગટ કર્યું? ' આ ૫૦ તથા બીજાં અનેક પદોનો પદોથી સિદ્ધ થયું છે કે શ્રીમાન્

રાજચંદ્રજી ક્ષાયિક સમકિતી ભાવચારિત્રયુક્ત અપ્રમત્તયોગી હતા જેથી 'અપૂર્વ અવસર' એ પદમાં ૧ થી ૧૨ ગાથા સુધીમાં પોતાને પ્રાપ્ત થએલ અપ્રમત્તદશા સુધીનું વર્ણન છે અને ક્ષાપક શ્રેણીથી કેવલજ્ઞાન વા મોક્ષ સુધીની જે દશા પ્રાપ્ત થઈ નથી તેનું વર્ણન નહીં પણ ભાવના છે આ વિચાર વા આશય સત્ય છે એમ સિદ્ધ થવા માટે આ પદના બેજ ઉદાહરણ વાંચકો પૂરતા છે ૧૩ મી ગાથામાં લખે છે કે ચારિત્રમોહનો પરાજય કરી (આવો ત્યાં ત્યાં કરણ અપૂર્વ ભાવજો) એમ નહીં પરંતુ 'આવ્યું ત્યાં ત્યાં કરણ અપૂર્વ ભાવને" એક આ વાક્ય, અને બીજું ૧૪ મી ગાથામાં લખે છે કે "પ્રગટાવું નિજ કેવળ જ્ઞાન નિધાનજો' આ બીજું વાક્ય (જેમાં પ્રગટાવ્યું નિજ કેવળજ્ઞાન નિધાન જ" લખ્યું નથી પણ પ્રગટાવું નિજ—એમ લખ્યું છે) જેથી ભાવના છે ક્ષપક શ્રેણી ચડીની સ્થાને જેમ ભાવના પે જણાવેલ છે તેમ જો જીજ્ઞાસુ આથી છઠ્ઠ અપ્રમત્તદશા સુધીની ત્યાં પણ ભાવના પેદા ન તો એમ પરાજય કરીને ચારિત્રમોહનો' એમ વાક્ય ન આવત પણ' એમ પરાજય કરીના ચારિત્રમોહનો" તેમજ "દર્શનમોહ વ્યતીત થતા ઉપન્યો બોધ જે" એમ લખ્યું નથી પણ "દર્શનમોહન વ્યતીત થઈ ઉપન્યો બોધ જે' આ ત્રીજી તથા ૧૩ મી ગાથાના વાક્યથી દશા પ્રાપ્ત કરવાની ભાવના નથી પણ પ્રાપ્ત થએલ દશાનો પ્રકાશ વા વર્ણન છે, કેમકે ભાવનામાં ભૂત કાલજન્ય શબ્દો પ્રયોગ ન હોય પરંતુ ભવિષ્યદ્‌આશિસૂચક કાળની યોજના વા ભાવના હોય છે તત્ત્વજ્ઞાની મહાત્માઓના વચનો તે શબ્દરચના વા કાવ્યકૃતિ હેતુએ હોતી નથી પણ જીજ્ઞાસુઓના આત્મહિત માટે કોઈ વખત તથા સહજ ઉદ્ભવના ઉદ્ગાર વિચારો તથા અનુભવો છે સમાધિના ઉદ્ગારો તથા અનુભવોની નકલો કરવામાં સામાન્ય પરી પંડિતો વા સાધુઓ પ્રયત્ન કરે છે પરંતુ તેમનું ગુંદ અને નકલી જીવન [illegible] બળથી તેમના નગ્નમાંજ ઝળકી ઉઠે છે, શ્રીમાન્

મહાત્માના "અપૂર્વ અવસર" એ પ નુ અનુકરણ કરનાર એક નકલી સાધુએ કાવ્ય રચ્યુ છે જેમા જણાવ્યુ છે કે—અપૂર્વ સમકિત એવુ કયારે આવશે—આ કાવ્ય લખનારે સાધુપણુ લઇ આચાર્ય પદની ઉપાધિ ધારણ કર્યા છતા હજી તો સમકિત માટે ભાવના કરે છે જેથી સમકિતરહિત સાધુજીવન અને આચાર્યપણુ એ તો ઉપાધિરૂપજ થયુ એમ સહેજે સમજાય છે સાધુજીવનનો ફકો રાખનાર આચાર્ય મહારાજને કાવ્યરચનાની કવિતા શક્તિના મોહમા એટલી પણ ખબર ન રહી કે સાધુને તો વીતરાગસંયમની ભાવના હોય સમકિતની ભાવના ન હોય જ્યારે શ્રીમાન્ મહાત્માનુ આ પદ શબ્દરચના વા કાવ્યકળાથી રચાએલુ નથી પ ણ કારણવૃત્તિ અને સહજભાવથીજ ઉદ્ભવેલુ છે એમ જીજ્ઞાસુ અને તત્ત્વજ્ઞાની જીવો સુગમતાથી સમજી શકે તેમ છે

ચારિત્રમોહનો પરાજય ક્ષય કરી અપૂર્વકરણના અખડ ઉપયોગ અને અવિચ્છિન્ન સ્થિરતા ા સ્થાનમા સત્તાગત તથા ઉદયગત સર્વ ઘાતીકર્મ ક્ષય કરવાની અ તમશક્તિના પરમવિકાશ અને પરમ નિરાવરણરૂપ ક્ષપક શ્રેણીએ સ્થિત થઇ અખડ જ્યોતિસ્વરૂપ એક આત્મસ્વભાવની રમણતા શિવાય અ ય વિશ્વમાત્રના વિક પોનો સર્વથા ત્યાગ કરી અન ત નિરાવરણ અને વિશુદ્ધ સ્વભાવમય વીતરાગતાને પ્રાપ્ત કરવાનો પરમપુનિત અપૂર્વ અવસર ક્યારે આવશે ?

ગાથા ૧૪ મી

મૂળ

મોહસ્વયભૂ રમણસમુદ્ર તરી કરી
સ્થિતિ ત્યા જ્યા ક્ષીણમોહગુણસ્થાનજો,
અ ત સમય ત્યા પૂર્ણસ્વરૂપ વીતરાગ થઇ,
પ્રગટાવુ નિજ કેવલજ્ઞાન નિધાનજો
અપૂર્વ૰

ગાથા ૧૭ મી—ભૂમિકા ૭ મી—મોક્ષપ્રાપ્તિ.

મૂળ

મન વચન કાયાને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો,
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો
અપૂર્વ

વિવેચન

મન વચન કાયાના ત્રણે યોગ અને કર્મની અનંત આવરણ વર્ગણાઓનો નાશ થઈ સર્વ પ્રકારનો પૌદ્ગલિક સંબંધ છુટી જાય છે અર્થાત્ આત્મા ચૈતન્ય અરૂપી હોવાથી તેને જડરૂપી-દ્રવ્યકર્મનો સંબંધ અસંભવ વા અશક્ય છે પણ આત્મા અને કર્મોના સંયોગિક સંબંધ વા નિમિત્ત નૈમિત્તિકભાવથી ઉત્પન્ન થયેલ કર્મપુદ્ગલસંબંધ એટલે કર્મભાવ વા કર્મવાસનાનો સર્વથા નાશ થાય તેવું અને મહાભાગ્યસ્વરૂપ અનંતસુખદાયી સંપૂર્ણ અબંધસ્વરૂપ આવરણ કર્મ-બંધન વા વાસના રહિત યોગાતીત એવા અયોગી ગુણસ્થાનકે સ્થિત થવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

ગાથા ૧૮ મી

મૂળ

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્તમય
અગુરૂ લઘુ અમૂર્ત સહજપદ રૂપ જો
અપૂર્વ

ક્ષાયિકસમકિત અને કેવળજ્ઞાનમાં ઉપયોગ તો સમાનતા છે પણ દર્શનભાવ વા ચારિત્રભાવ–સ્થિરતામાં ન્યૂનાધિકતા છે ક્ષાયિકસમકિતમાં ઉપયોગ અખંડ છે દ્રષ્ટાભાવ ઘાતીકર્મના પ્રારબ્ધોદયમાં છે, અને સ્થિરતા ન્યૂનાધિક છે જ્યારે કેવળજ્ઞાનમાં ઉપયોગ અખંડ છે સ્થિરતા અવિચ્છિન્ન છે અને દ્રષ્ટાભાવ ચારે ઘાતીકર્મનો ક્ષય થવાથી અનંત છે અર્થાત્ અનંતભાવનો દ્રષ્ટા છે આવો અનંતસ્વરૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે?

ગાથા ૧૬ મી

મૂળ

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો

અપૂર્વ.

વિવેચન

ચાર ઘાતીકર્મનો ક્ષય થયા પછી જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે છતાં આયુષ્ય પ્રારબ્ધકર્મને લઈ વેદનીય આયુ નામ અને ગોત્ર એ ચાર અઘાતીકર્મ સ્થિત દેહયોગ પ્રારબ્ધ રહે છે પણ અનંતજ્ઞાનભાવને લઈ તે કર્મ બળી ગએલી સીંદરીની આકૃતિ માફક વા રસહીન શુષ્ક રેતીની માફક નિઃસત્ત્વ અને નિર્બંધન છે જેના આયુષ્યપ્રારબ્ધની સાથે તે કર્મોની સ્થિતિ છે પણ જ્યારે દેહાયુષ્ય પૂર્ણ થતા દેહસ્થિત ચારે અઘાતીકર્મનો પણ નાશ થવાથી દૈહિકપાત્ર સ્થિતપણાનો અભાવ થાય છે, અર્થાત્ ત્રણ યોગરહિત કેવળી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિરૂપ અપૂર્વ અવસર ક્યારે આવશે?

તેના અનુસારે ઉર્ધ્વગામી થનો હશે, આમ અર્થ કરીએ તો આ ત્માની સાથે કર્મસંબંધનો અનાદિભાવ વિરોધ પામી આદિભાવ કરેછે અને આદિભાવ થવાથી કર્મસંબંધી સિદ્ધાંતો બધા અસત્ય કરેછે તેમજ બીજા પણ અનેક વિચિત્ર વિરોધો ઉઠેછે જેથી

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી—એ વાક્યનો વાસ્તવ્ય રહસ્યાર્થ શું છે? તે દર્શાવ છે

ઉત્તર—પૂર્વ એટલે પહેલા એમ અર્થ નથી પણ પૂર્વ એટને મૂળ એમ અર્થ ઘટે છે અર્થાત્ આત્માનો મૂળ સ્વભાવ ઉર્ધ્વગામી છે એટલે અનંતપદાર્થો પરિણામો અને વાસનાઓ પુદ્ગલ–મય અખિલ વિશ્વ, તેનાથી પર ઉપર વા દ્રષ્ટા છે ઉર્ધ્વગામી છે, એટને ઉંચે ઉડવાને વા દોડવાને શક્તિમાન છે એમ અર્થ નથી, કેમ' ઉડવું સ્થિર રહેવું તથા દોડવું ધીમે ચાલવું એ દ્વંદ્વભાવ આત્મામાં નથી, એ તો પુદ્ગલ પુઓનો ધર્મ છે, આત્મા તો તે પ્રવૃત્તિ વા કલ્પનાથી રહિત છે જેથી ઉર્ધ્વગામી એટને અનંત વિશ્વથી પર ઉપર વા દ્રષ્ટા તે, અને તે દ્રષ્ટા સ્વરૂપ ત્રિકાલ તેજભાવ સ્થિત છે, અબાધિત છે, ભૂતકાને પણ તેજ હતો વર્તમાનકાળે કર્મબંધ મનાયા છતા યોગની અશુદ્ધિ અજ્ઞાનતા તથા અસ્થિરતાથી આત્માને આવરણ છે બંધન છે એમ ભ્રમિત દોષથી કલ્પાયા છતા, પણ તેજ (ભૂતકાન) સ્વરૂપજ છે, અને ભવિષ્યમા યોગની શુદ્ધિ તથા સ્થિરતાથી આવરણકર્મનો નાશ થતા પણ તેજ સ્વરૂપ રહેશે માટે વિશ્વના દ્રષ્ટારૂપ જે મૂળ સ્વભાવસંપન્ન રૂપ ઉર્ધ્વગામી ધર્મ વા સ્વભાવમય આત્મા સિદ્ધાલય સ્થિત છે એટને કર્મભાવના ભ્રમજનિત બંધથી મુક્તરૂપ મોક્ષસ્વરૂપ સ્થિત છે, તે અનંતજ્ઞાની શુદ્ધ ચૈતન્યાત્મા દ્રવ્યથી સંબંધ સ્પર્શરહિત છે, અપ્રતિબદ્ધ છે, ક્ષેત્રથી વ્યાપ્ત અવ્યાપ્તના દ્વંદ્વરહિત તથા સાકાર નિરાકાર રૂપ્યા અને માપની કલ્પાનિર્હિન અપ્રતિબદ્ધ છે, તેમજ ગમનાગમનના દ્વંદ્વરહિત છે, કાલથી સમયાવિતરહિત એટલે સમય

વિવેચન

યોગાતીત સ્વરૂપ સંપન્ન થયા પછી એક પરમાણુમાત્રનો સંબંધ આવરણભાવ કે સ્પર્શતા નથી એવી સંપૂર્ણ નિરાવરણતા અને જરા પણ કર્મ આવરણ કે બંધનરૂપી કલંક વિના સંપૂર્ણ વિશુદ્ધ સ્વરૂપ તથા સ્વ સ્વભાવને દૃઢ અખંડિત અડોળ અને અનંત અખંડ સ્થિરતા અનુભવવાનો તેમજ પરમ વિશુદ્ધ જ્યોતિસ્વરૂપ જગતના કોઈ પણ દ્રવ્ય અન્ય પદાર્થો વા પરિણામોની રંજનતારહિત નિરંજન નિરાકાર પરમવિશુદ્ધ જ્યોતિસ્વરૂપ તથા ન્યૂનાધિક્ય ઓછી સમવિષમતારૂપ જે ગુરુત્વ લઘુત્વભાવ તે રહિત અગુરુલઘુસ્વરૂપ, નિરાબાધ અબાધિત અને અનંત વિશ્વથી રહિત અક્ષય એવા અનંત શક્તિધારક અનન્ય સહજ આનંદ સહજ સ્વરૂપમય સિદ્ધ થવાનો અપૂર્વ અવસર ક્યારે આવે ? ૧૮

ગાથા ૧૯ મી

મૂળ

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી
ઉર્દ્ધગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો
સાદિ અનંત અનંત સમાધિસુખમાં
અનંતદર્શન જ્ઞાન અનંત સહિત જો.
અપૂર્વ

વિવેચન

શાસ્ત્રમાં લખેછે કે, આત્મા મુક્ત થયા પછી પૂર્વ પ્રયોગાદિના યોગથી ઉર્દ્ધગમન કરે છે આ વાક્યના શબ્દાર્થ વિચારીએ તો વિરોધ આવે છે

પ્રશ્ન—પૂર્વ આત્માએ ઉર્દ્ધગમન કર્યું હશે અને પછી આવરણ બંધન થવાથી પૂર્વકૃત ઉર્દ્ધગમનની ટેવ આચ્છાદીત થઇ ગઇ છે અને જ્યારે પુનઃ આત્મા આવરણથી મુક્ત થઇ મોક્ષગામી થાય છે ત્યારે પૂર્વની અનુભવેલી ઉર્દ્ધગમનની રીત આવિર્ભાવ વા સ્મૃતિગત થતા તે

આવરણસ્વભાવનો નાશ થવારૂપ આદિભાવને સાધન વ્યવહારથી સમજવાની જરૂર છે, કેમકે કર્માવરણ નાશ થયા પછી આત્માને જ્ઞાન થયુ એમ માનીએ તો પહેલા શુ અજ્ઞાન હતુ? માટે અહિં જે સાદિભાવ બતાવ્યો છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિની આદિના બતાવી નથી પણ કર્માવરણ ક્ષય થવારૂપ આદિસ્વભાવને લઇ ક્ષય થએ ॥ કર્માવરણો હવે અનંત કાળમા પણ આત્માને સ્પર્શિત, દોષિત, વા આવરણીત કરી શકે તેમ નથી, તેથી સાદિ અનંતભાવ દર્શાવ્યો છે, એમ અનંત ધર્મસ્વરૂપ સમાધિમા અને સુખમા સ્થિત થવાનો તેમજ અનંતજ્ઞાન અને અનંતદર્શન સ્થિત થવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે!

અહિં અનંતજ્ઞાન જે કહ્યુ છે તે અનંતપ્રમાણના જ્ઞાન એમ નહીં કેમકે જ્ઞાન અભેદ્ય અવિચ્છિન્ન ને અખંડ છે, જેમા ભેદ વા પ્રકારનો અભાવજ છે પરંતુ અનંતકાળ પર્યંતર થયા છતા જે જ્ઞાન પરિમિતતા વા અનંતપણુ પ્રાપ્ત ન થાય તેવો અપરિમિત અનંતભાવ સમજવાનો છે, અને તે અનંતપણુ અભિન્ન ઐકયસ્વરૂપ હોવાથી જેમા ભૂત વર્તમાન ભવિષ્યમાનનો સમયસબંધ પણ ઘટતો નથી, કેટલાક જીવો સમજ્યાવિના એમ માને છે કે સિદ્ધાત્મા અનંતજ્ઞાની છે માટે ત્રિકાળજ્ઞાની છે અર્થાત્ ભૂતવર્તમાન ભવિષ્ય એ ત્રણેમાનના પરિણમન જ્ઞાનને જાણે છે, પણ આ માન્યતા ખોટી છે, કેમકે જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે એ તો જૈનદર્શનનો સિદ્ધાંત છે તો ભવિષ્યકાળજનિત જ્ઞેયાકારનુ પરિણમન થયા વિના વર્તમાનમા જ્ઞાનપરિણમન થવુ અશક્ય છે, માટે સિદ્ધાત્મા ત્રિકાળ જાણે છે એનો રહસ્યાર્થ ત્રણેમાનનું એક સમયે જાણે છે એમ નહીં પણ ત્રણેમાને જાણવા શક્તિમાન્ છે, અર્થાત્ ભૂત ભવિષ્યને વર્તમાન ત્રણેમાન જ્ઞાનસ્થિત છે, દૃષ્ટાંત કે વા જાણવા શક્તિમાન છે

આવરણસ્વભાવનો નાશ થવારૂપ આવિર્ભાવને સાધન વ્યવહારથી સમજવાની જરૂર છે, કેમકે કર્માવરણ નાશ થયા પછી આત્માને જ્ઞાન થયું એમ માનીએ તો પહેલા શું અજ્ઞાન હતું? માટે અહિં જે સાદિભાવ બતાવ્યો છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિની આદ્યતા બતાવી નથી પણ કર્માવરણ ક્ષય થવારૂપ આવિર્ભાવને લઇ ક્ષય થએલા કર્માવરણો હવે અનંતકાલમાં પણ આત્માને સ્પર્શિત, આચ્છાદિત, વા આવરણીત કરી શકે તેમ નથી, તેથી સાદિ અનંતભાવ દર્શાવ્યો છે, એમ અનંત ધર્મસ્વરૂપ સમાધિમાં અને સુખમાં સ્થિત થવાનો તેમજ અનંતજ્ઞાન અને અનંતદર્શન સ્થિત થવાનો અપૂર્વ અવસર ક્યારે આવશે!

અહિં અનંતજ્ઞાન જે કહ્યું છે તે અનંતપ્રકારના જ્ઞાન એમ નહીં, કેમકે જ્ઞાન અભેદ્ય અવિચ્છિન્ન ને અખંડ છે, જેમાં ભેદ વા પ્રભાગનો અભાવજ છે, પરંતુ અનંતકાલ પર્યંતર થયા છતાં જે જ્ઞાન પરિમિતતા વા અંતપણું પ્રાપ્ત ન થાય તેવો અપરિમિત અનંતભાવ સમજવાનો છે, અને તે અનંતપણું અભિન્ન ઐક્યસ્વરૂપ હોવાથી જેમાં ભૂત, વર્તમાન ભવિષ્યકાલનો સમયસમન્વ પણ ઘટતો નથી કેટલાક જીવો સમજ્યાવિના એમ માને છે કે સિદ્ધાત્મા અનંતજ્ઞાની છે માટે ત્રિકાલજ્ઞાની છે, અર્થાત્ ભૂતવર્તમાન ભવિષ્ય એ ત્રણેસમયના પરિણમન જ્ઞાનને જાણે છે, પણ આ માન્યતા ખોટી છે, કેમ જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે, એ તો જૈનદર્શનનો સિદ્ધાંત છે તો ભવિષ્યસમયજનિત જ્ઞેયાકારનું પરિણમન થયા વિના વર્તમાનમાં જ્ઞાનપરિણમન થવું અશક્ય છે, માટે સિદ્ધાત્મા ત્રિકાલ જાણે છે એનો રહસ્યાર્થ ત્રણેસમયનું એક સમયે જાણે છે એમ નહીં પણ ત્રણે કાલને જાણવા શક્તિમાન છે અર્થાત્ ભૂત ભવિષ્યને વર્તમાન ત્રણે કાલ જ્ઞાનસ્થિત છે, હયાત છે વા જાણવા શક્તિમાન છે.

અનેક નથી અન્તર્યામિ સ્વરૂપ પરમાત્મા વા પરમાત્મતત્ત્વ એકજ છે અને તેનું સ્મરણ તે નિજ ધર્મ છે તેની પ્રાપ્તિમાં એકને મધ્ય મેળવવાના અનુસરવાના માર્ગો અનેક છે માટી ઉત્તમ દૃઢ ઉપાસના વિશુદ્ધપ્રેમ અને અટળ શ્રદ્ધાથી પરમસત્યરૂપી સાધ્યને લક્ષમાં રાખી, અને સાધનોમાંના કોઇપણ સાધનનું સદ્ગુરુની આજ્ઞાએ સેવન કરવાથી તેનો કોઇપણ ધર્મસાધન મતાગ્રહ દર્શન પરત્વે વિરોધ કે ભિન્નતા નહીંજ થાય અને તે સત્સ્વરૂપને અવશ્ય પ્રાપ્ત કરી શકે છે પરમાત્મા અને પરમતત્ત્વ વા સત્ય એકજ છે તેના આટલા બધા ધર્મમતો અને દર્શનભેદો કાં છે? આ પ્રશ્નનું સમાધાન સૂક્ષ્મબુદ્ધિથી વિચારવાથી તે સુગમતાથી સમજી શકાય તેમ છે પરમ સત્ અપૂર્વ છે, મહત્ત છે વિશ્વવ્યાપિ છે, પરંતુ શબ્દ બુદ્ધિ અને મનથી પર છે, અગમ્ય છે, જેથી સ્વાત્માનુભવ થયા વિના શાસ્ત્ર બુદ્ધિ, તર્ક વિદ્યા, અને વિચાર કલ્પનાઓથી અનેક પ્રકારે તેનું શોધન કરતા તેની વાસ્તવ્યતા સમજાતી નથી પણ અન્યથાભાવે સમજાય છે મનાય છે અને તેથીજ અનેક વિરોધના ઉદ્ભવ છે અનેક ધર્મસમાજો અને દર્શનભેદો કેળાય છે જે વસ્તુ સૂક્ષ્મતર મન અને બુદ્ધિથી પણ પર છે તે વસ્તુ સમજવામાં મહાન્ વિદ્વાનો પણ ગોથાં ખાય છે—મુઝાય છે, કેમકે શબ્દાતીત સ્વરૂપને શોધવા—અનુભવવા પૂર્ણ વૈરાગ્ય તથા જ્ઞાનાદિ આત્મિકગુણોથી પવિત્રતા મેળવ્યા વિના શબ્દજાળ તથા બુદ્ધિબળથી જે પ્રયત્ન થાય છે તે પ્રયત્ન ફળદાયી થતોજ નથી નિષ્ફળ થાય છે

ધર્મશાસ્ત્રોના રહસ્યભાવને સમજ્યા વિના કુવાચ્ય તથા સંપ્રદાયમોહથી શાસ્ત્રનો દુરાગ્રહ રાખી શબ્દદૃષ્ટિએ વા બુદ્ધિબળથી શાસ્ત્રો વિચારતા પરમસત્નો અનુભવ કદાપિ થઇ શકતોજ નથી શબ્દાતીત સત્ વસ્તુ શાસ્ત્રમાં નિરુપણ વા વર્ણન નથી પણ તે પ્રાપ્ત

મ્સ્વા માટે મંત્રાભાવ વા ભાવનરૂપ પ્રેરણા છે, શ્રીમાન્ એક કાવ્યમા લખે છે કે—

નહી ગ્રથમાહિ જ્ઞાન ભાખ્યુ જ્ઞાન નહી કવિ ચાતુરી
નહી મત્રતત્રો જ્ઞાન દાખ્યા, જ્ઞાન નહી ભાષા ઠરી
નહી અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યુ જ્ઞાન જ્ઞાનીમા કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાભળો.

શ્રીમદ્ રાજચદ્ર.

આત્મજ્ઞાન એ શાસ્ત્રમા, કવિની ચાતુરીમા, મત્રતત્રના પ્રપચમા, કોઇપણ જાતની ભાષામા, શબ્દમા, વા કોઇપણ સ્થાનમા નથી, પરતુ આવરણ બધન અને અજ્ઞાનરહિત એવા પરમયોગી મહાત્માના વિશુદ્ધ હૃદયમાજ છે

તત્ત્વાર્થી જીવાત્મા જગતભાવમા તત્ત્વ મેળવવાની વૃત્તિને ભૂલી જઇ મહાત્માના હૃદયોજ જુએ ? અર્થાત્ મહાત્માના હૃદયને અતરદ્રષ્ટિથી જોવાથીજ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અન્યથા કોઇ ઉપાયથી થતી નથી, જેથી શ્રીમાન જણાવે છે કે ' જે પદ શ્રી સર્વજ્ઞે દીઠુ જ્ઞાનમા " સર્વજ્ઞ ભગવાને જે સ્વરૂપનો સપૂર્ણ અનુભવ કર્યો છે, છતા સર્વજ્ઞપ્રભુ તે સ્વરૂપને કહી શકતા નથી એટલે શબ્દથી વર્ણવી શકવા શક્તિમાન નથી, 'એ' અનુભવ એ આત્માનો સ્વભાવ છે અને કહેવુ એ વચનનો વિષય છે અને તે તો આગળ જણાવી ગયા છીએ કે આત્મસ્વરૂપ મન બુદ્ધિથી પર છે, તેમજ વચનથી પણ પર શબ્દાતીત છે

સર્વજ્ઞ ભગવાનનુ સૂક્ષ્મ મન સંપૂર્ણ શુદ્ધ થવાથી અને આત્મા સપૂર્ણ નિરાવરણ હોવાથી અનતજ્ઞાનશક્તિથી વિશ્વના અનત ભાવને જોઇ શકે છે–શુદ્ધ મનથી જોઇ શકે છે અનત પદાર્થોને સમજી વિચારી શકે છે, અને શબ્દથી વર્ણવી શકે છે અનેક પદાર્થોના દ્રવ્ય ગુણ પર્યાય, અનતભાવો, તથા અનેક જીવોના પૂર્વજન્મો–

ભાવો વચનયોગથી વર્ણવી શકે છે કેમકે સર્વજ્ઞ ભગવાનનું મન શુદ્ધ હોવાથી એ બધા વિચારો મનગમ્ય છે તેથી વચનદ્વારા વર્ણવી શકે છે પરમસ્વરૂપ તો મન અને બુદ્ધિથી પણ પર હોવાથી વચ નથી પણ પર–અગમ્ય છે જેથીજ 'ફરી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો પોતે સંપૂર્ણ સ્વરૂપ અનુભવતા છતા પોતાના સ્વરૂપને કહી શકતા નથી વર્ણવી શકતા નથી ત્યારે તે અતિગહન સ્વરૂપને અલ્પજ્ઞાની તે શું કહે? સર્વજ્ઞપ્રભુ શિવાયના બીજા છદ્મસ્થ (સાધુ સમકીતી વા મિથ્યાત્વી આદિ) જીવો શું વર્ણવી શકે? સર્વજ્ઞ પ્રભુ પરમયોગી સાધુ વા અખંડ ઉપયોગી સમકીતી મહાત્માઓ તો પૂર્ણસ્વરૂપી જીજ્ઞાસુ જીવાત્માઓ આત્મસ્વરૂપનો સમ્યગ્જ્ઞાન નિર્ધાર કરણાથી સંતાનુગ પણ સમજાવી પોતાના પ્રગટ કરેલી અનુભવ કરાવી શકે છે વા નિષ્કારણ કરૂણાથી ભવ્યાત્માઓના આત્મહિત માટે સતસ્વરૂપનુ સત્તાભાવ કિંચિત પણ વર્ણન કરી શકે છે પરંતુ તે શિવાયના આ સંસારી જીવાત્માઓ તો પરમ સત્તનો વિચાર કરવા પણ શક્તિમાન્ નથી, તો તેનું વર્ણન કરવાની ઈચ્છા કરવી એ તો મૂર્ખતાજ છે વા વચનયોગની ભાષા વૈખરીના પરમાણુઓને ફોગટ વિસરાવવાનુંજ છે આ ઉપરથી વાચક વર્ગને પ્રશ્ન ઉદ્ભવશે કે જ્યારે પરમસત્ આટલું બધુ ગહન–અગમ્ય અને વચનાતીત છે સર્વજ્ઞપ્રભુ સાધુ અને સમકીતી શિવાય તે સ્વરૂપના સત્તાભાવને પણ કોઈ જાણી કે વર્ણવી શકે તેમ નથી, તો તમે (આ લેખક) તેવા પરમસત્ ઉપર આટલા લાંબા વિસ્તારથી વિવેચન કરવાનું સાહસ પણ શા માટે કર્યું? તો જણાવીશ કે પરમસત્તાની શ્રીમદ્ રાજચંદ્રજીના અપૂર્વ પરમતત્ત્વમય પદને સંપૂર્ણ સમજવાને પણ હું શક્તિમાન્ નથી મારી તેટલી પાત્રતા વા યોગ્યતા નથી, તો વર્ણન કરવાનો વિચારજ ક્યાંથી થાય? ત્યારે આ શું કર્યું? એમ પુછનારને જણાવીશ કે આ વર્ણન કર્યું નથી, પણ

પની મહત્તા દર્શાવવા પ્રયત્ન અને સ્તવના આ ભક્તિજ કરી છે અર્થાત્ શ્રીમાન્ રાજચંદ્રજી જૈનદર્શનના પુનરુદ્ધારક, ભારતના આદર્શ સાધુ અને અપ્રમત્તયોગી હતા જેના શુષ્ક ક્રિયા જડતામાં ડુબેલી, અને મતાગ્રહ મોહથી અંધ થએલી જૈનસમાજ તથા તેના કહેવાતા ઠેકાણે મતાગ્રહબોધ સાધુઓ આ પરમયોગી મહાત્મા પ્રત્યે (તેમના મહત્ સ્વરૂપને સમજ્યા વિના) ખાંડાંક નિંદાઓ કરી, તથા મૂર્ખતાભર્યા વિચારો ... અને મંદબુદ્ધિવાળા બાળજીવોને ભરમાવવાનું કરે છે અસત્ માર્ગ પ્રેરે છે અને સન્માર્ગમાં વિઘ્નભૂત થાય છે, તે અટકાવવા, જૈનસમાજમાં પરમ સત્યનો પ્રકાશ ફેલાવવા, તથા બીજા દર્શનાપાસક તરફથી થએલા હૃદયભેદક ટીકાઓ દૂર કરવા તેમજ શ્રીમાન્ નિરભિમાની સમાગ મોહી, માયામકત, વા અજ્ઞાની ન હતા પણ નિરભિમાની, માયામુક્ત પરમજ્ઞાની, આ યુગેયોગી મતમહાત્મા જ હતા, એમ સિદ્ધ કરવા તથા શ્રીમાન મહાત્માના બોધવચનામૃતોથીજ આ અજ્ઞાનાવરણ લીન અસમ હૃદયમાં જ્ઞાનજાગૃતિરૂપ પરમતત્ત્વના સત્ બોધનો સત્યપ્રકાશ વા અનુભવ થયો છે ઉદ્ધાર થયો છે, જેથી પ્રેમભક્તિથી ઉદ્ભવતા પ્રાર્થના વા સ્તવનાભાવને દર્શાવવાજ આ પદ ઉપર વિવેચન લખ્યું છે પરમમસનુ વર્ણન કોતવવાના હેતુથી આ વિવેચન કર્યું નથી પણ ઉપરાન્ત હેતુથી તથા શ્રીમાન્ રાજચંદ્રજીના આદર્શ જીવનની મહત્તા દર્શાવવા, અને પરમકલ્યાણકારી આ પદની અપૂર્વતા વા મહત્તા દર્શાવવા માટેજ આ વિવેચન લખ્યું છે

જગતનો કુદરતી નિયમ એવો વિચિત્ર છે કે પરમજ્ઞાની મહાત્માની હૈયાતીમાં તેમના પરમજ્ઞાનની મહત્તા માયામકત જીવોને સમજાતીજ નથી, તેમાં પણ બીજી સમાજ જ્ઞાની વા દર્શનો પાસેથી મહાત્માની જેટલી મહત્તા જાણે છે તેટલી મહત્તા મહાત્મા જે જ્ઞાતિ સમાજમાં ઉત્પન્ન થયા હોય તે જાણુના ભાગ્યશાળી

અને એ કેટલી અખેદ આશ્ચર્યની ઘટના છે! **શ્રીમાન્** કહેતા હતા કે જ્યારે જ્ઞાની હયાત હોય છે ત્યારે લોકો તેને પત્થર મારે છે અને જ્ઞાનીના મરી ગયા પછી તેજ લોકો તેના નામના પત્થરની મૂર્તિઓ બનાવી તેને પૂજે છે કાઈષ્ટ બુ મ હાવીર આનંદઘનજી અને **નરસિંહ મહેતા** જેવા અવતારીઓ મહાત્માઓ યોગીઓ અને ભ નની તેમની હયાતિમા ન ી ી ૭ પુ ના મ ત્તા ગ્નમમાજ કરી શક્યો નથી તેટલી મહત્તા તેમના મરણ પછી થઇ છે **શ્રીમાન્** મહાત્માને માટે પણ તેમજ બન્યુ કે તેમની હયાતિમા હજારો કાશ દૂર ગોરા દેશયોગી મહા મા ગાન્ધીજીને તેમ ી જેટલી ઓળ ખાણ થ છે તેમના પ મહાનની જેટલી અપૂર્વતા-મ ત્તા જણાઇ છે તેટલી સમીપમા રહેલી જૈન સમાજને થઇ નથી એ સમાજના કેટલા કમભાગ્યની નિશાની છે?

કિ જ્ઞાતીમા ા ' એક માણુસ પૈસા ક થ ય તો બીજાઓને ઇર્ષ્યા થવાને બ ને દયા વા મ થાય છે ગુણહીન જ્ઞાનિમા કોઇ વિદ્વાન પાકે તો ગી ન અભણ મનુ ને ને અ ન થવાને બ ને ઇર્ગન્ય એ થાય ે તેમ કુ પ કનેશ ન્નાથ, અજ્ઞાનના અને પ્રમાદમા ડૂબી ગએલી જૈનસમાજમા સમાજ અને **શ્રીમાન** જેવા પરમયોગી મહાત્મા C૫ ા યના ી ારમાન થવાને બદલે મતાગ્રહ મો ીત અજ્ઞાની લોકો તથા આત્મવેષમોહીત મ નુષ્યો હઠાગ્રહની મળાતા રહી ખે રે છ અને પોતાના મોટા આ.મઅભિમાનને ટ ાી રાખવા ખાતર બાળજીવોને ભરમાવે છે મહા માની નિંદા કરી પોતે અને બીજા અનેક જીવોને દુર્ગ તિગામી બનાવે છે એજ સમાજનુ ભા ન વા દુષમકાળની દુર્ઘટના છે

િ દૂરસ્થાન અને દૂર દેશમા આત્મદર્શી ી તરીકે તરીકે મના એલા દેશોદ્ધારક **મહાત્મા ગાંધીજી શ્રીમાનને** વિષે લખે છે કે,

"હું આજે ત્રીસ વર્ષ થયા હિંદુસ્થાનમાં ધાર્મિક પુરૂષની-તત્વજ્ઞાનીની શોધ કરૂં છું, પણ શ્રીમાન રાજ્યચંદ્રની હરીફાઈ કરી શકે એવો એક પણ આત્મજ્ઞાની પુરૂષ મારા જોવામાં આવ્યો નથી" ત્યારે અમારા મતાગ્રહમોહાંધ જૈન સાધુઓ કહે છે કે **શ્રીમાન્** તો મિથ્યા અભિમાની હતા અથવા ખોટા ઢોંગી હતા આમ કહે છે પરંતુ આ ગુરૂઓને ખબર નથી કે તમારા હાઉઓથી ડરી જવાનો, તમારી કલ્પિત કલ્પનાઓથી ભરમાઈ જવાનો, અને તમારી હાજીહામાં ભળવાનો ગાડરીઆપ્રવાહનો જમાનો ચાલ્યો ગયો છે

મહાન્ પુરૂષના યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના જનસમાજમાં તેમના પ્રત્યે ખોટા વિચારો ફેલાવવાથી મહાત્માના દિવ્ય જીવન વા પવિત્ર ખ્યાતિને અણુમાત્ર પણ આવરણ ખંડનના કે બાધા થતીજ નથી પણ તમારી મૂર્ખતા જાહેર થાય છે માટે તેવી મૂર્ખતા જાહેર કરી પવિત્ર શાસનને વગોવવા તથા તમારા જીવન અને સમાજની અધોગતિ કરવા કરતા સત્યની શોધ કરવા પરમજ્ઞાનીના ઉપાસક બનવા પ્રયત્નશીલ થાઓ, અને જો તમારા દુર્ભાગ્યોદયે તેમ ન બને તો બીજા જીવોની અને સમાજ વા દેશની અધોગતિ કરતા અટકો તોએ તમારા સદ્ભાગ્યની વાત છે

જે **પરમસત્યને** સંપૂર્ણજ્ઞાની પરમાત્મા પણ કહી શક્યા નથી તે સ્વરૂપને બીજાઓ કહી-વર્ણવી શકે એ બને તેવું નથી જેથી "અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો" તે સ્વરૂપ અનુભવ ગમ્ય છે, અર્થાત્ આત્મા પોતેજ પોતાના સ્વરૂપને જાણી વા અનુભવી શકે તેમ છે મન વાણી વા બુદ્ધિમાં આવી શકે તેમ છેજ નહીં એવા અનાદ્ય અગમ્ય **પરમસત્યને** પ્રાપ્ત કરવાનો વા અનુભવવાનો પરમ લાભકારી અપૂર્વ અવસર ક્યારે આવશે

ज

ગાથા ૨૧ મી

મૂળ.

એહ પરમપદ પ્રાપ્ત કર્યું ધ્યાન મેં
ગતઆગમ ને હાલ મનોરથરૂપ જો
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો.

વિવેચન

એ પરમપદ એટલે મોક્ષની પ્રાપ્તિનું મેં ધ્યાન કર્યું અહીં ધ્યાન એટલે ક્ષપકશ્રેણી એમ અર્થ લગાવો નથી, પણ વિચાર વા ભાવના કરી કેમકે ક્ષપકશ્રેણિએ ચઢેલ યોગી અપવર્ત્ત— કેવળજ્ઞાનજ પ્રાપ્ત કરે જેથી મોક્ષપ્રાપ્તિના માટે વિચાર કર્યો પરંતુ 'ગત આગત ને હાલ મનોરથરૂપ જો' ગત આગત એટલે શક્તિ વિના કેવળજ્ઞાન વા મોક્ષ પ્રાપ્તિઅર્થે કરેલ ધ્યાન તે માત્ર પરિણામી ન થતાં ભાવના પરિણામી થયું અર્થાત્ મનોરથ વા ભાવનારૂપેજ થયું

અહીં આ વાક્ય ઉપર ઝીણવટથી વિચાર કરવાની જરૂર છે ૧૦ મી ગાથામાં જણાવ્યું છે કે—'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો' સંસાર અને મોક્ષ બંનેમાં સમભાવ વર્તે સંસારની ઉપેક્ષા નહીં અને મોક્ષની અપેક્ષા વા ઇચ્છા નહીં, એવી ક્ષાયિક સમકિતી અપ્રમત્ત યોગીની પરાકાષ્ઠા સમભાવના દર્શાવી છે તો અહીં 'એહ પરમપદ' એ ચરણમાં મોક્ષની પ્રાપ્તિ માટે ધ્યાન કર્યું આ વાક્યથી સમભાવનો વિરોધ આવે છે આ વિરોધનું સમાધાન એજ હોય શકે છે કે ક્ષાયિક સમકિતી અપ્રમત્તયોગીને જ્ઞાન અને ચારિત્ર બંનેની ઉત્કૃષ્ટતા છે જેથી અપ્રમત્તભાવમાં સંસાર-મોક્ષની ઉપેક્ષા-અપેક્ષાના ઇચ્છારહિત સમભાવ છે, પરંતુ અપ્રમત્ત યોગી જ્યાંસુધી ક્ષપકશ્રેણીઆરૂઢ નથી ત્યાંસુધી અપ્રમત્તભાવ સ્થાયી

અવિચ્છિન્ન, વા અવિનાશી નથી પણ હાસ્યાદિ ષટ્ક, સૂક્ષ્મવેદ, અને સંજ્વલનીય કષાય જન્ય સૂક્ષ્મ પ્રમાદના પ્રારબ્ધોદયથી અપ્રમત્તભાવનુ પરાવર્તન થાય, પ્રમત્તમાન સ્થિત બને કે અપ્રમત્તયોગી ક્ષપક શ્રેણીએ ચડી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારેજ અપ્રમત્તભાવ અવિનાશી હોય છે, પણ કેવળજ્ઞાન ન થાય ત્યાસુધી તેનો કાળ માન અંતરમૂહૂર્તનો છે, અર્થાત્ સૂક્ષ્મ પ્રમાદ પ્રારબ્ધોદયથી અંતરમૂહૂર્તમા આત્મસ્થિરતાની મલીનતા વા મંદતા થવાથી પ્રમત્તભાવમા આવવુ થાય છે અને જ્યાસુધી હાસ્યાદિ ષટ્ક વેદ અને સંજ્વલનીય કષાયની સૂક્ષ્મ પ્રકૃતિઓ સત્તાગત છે ત્યાસુધી તે પ્રકૃતિ વિપાકોદયે પરિણામી થતા પ્રમત્તભાવનો આવિર્ભાવ થાય છે, અને તે પ્રમત્તભાવમા મોક્ષની ઇચ્છા એટલે વિકલ્પ વા આકૂળતા નહીં પરંતુ વિશુદ્ધિ, નિરાવરણતા, તથા વીતરાગતાદિ મોક્ષ ભાવોની વૃદ્ધિમા શુદ્ધ મનની પ્રસન્નતા વા આનંદવેદન થાય છે, અને તે આનંદવેદનરૂપ મોક્ષધ્યાન વા મોક્ષભાવના પ્રમત્તયોગીને સહજભાવે કવચિત સ્ફુરાયમાન થાય છે જેથી **'એહ પરમપદ પ્રાપ્તિનુ કર્યું ધ્યાન મે " એમ કહ્યું છે**

શ્રીમાને જણાવ્યુ કે એ પરમપદ-મોક્ષનુ ધ્યાન એટલે વિચાર વા ભાવના રૂપે ઉર્મીઓ ઉત્પન્ન થતી કેમકે હાસ્યાદિ ષટ્ક, વેદ, અને સંજ્વલનીય કષાયની સૂક્ષ્મપ્રકૃત્તિ સત્તામા છે ત્યાસુધી સૂક્ષ્મ પ્રમાદ છે અને જ્યાસુધી સૂક્ષ્મ પ્રમાદ છે ત્યાસુધી તેના ઉપશમમા અપ્રમત્તયોગ, અને ઉદયમા પ્રમત્તયોગ, એમ પ્રમત્તાપ્રમત્તની મિશ્રતા સાથેજ રહી છે જ્યારે તે સૂક્ષ્મપ્રકૃત્તિનો સત્તાગત નાશ થાય છે ત્યારે અપ્રમત્તભાવ અવિચ્છિન્નપણે ઉત્કૃષ્ટ પરિણામી થઇ ક્ષપક શ્રેણી આરૂઢ કરી કેવળજ્ઞાન મેળવે છે પરંતુ પ્રમત્તાપ્રમત્ત ભાવની મિશ્રતા છે ત્યાસુધી પૌદ્‌ગલિક ભાવમુક્તી ઇચ્છા વિકલ્પ કે આનંદ થતા નથી પણ પારમાર્થિક વિચાર, મોક્ષભાવના વા વીતરાગતાજન્ય આ[illegible] [illegible]યોગીને થાય છે અને તે આનંદ [illegible]

મોક્ષવિચાર વા મોક્ષધ્યાન છે આત્મભાવની ઉત્કૃષ્ટતા ન હોય ત્યાંસુધી તે આર્ત નું વેદન સ્ફુરાયમાન થાય છે અને જ્યારે તે પરમાર્થ જન્ય અપરિગ્રહતા વા અપ્રમત્તભાવ ઉત્કૃષ્ટ થાય છે ત્યારે સૂક્ષ્મપ્રમાદજન્ય પ્રારબ્ધકર્મ-પ્રમત્તતાનો ક્ષય કરી, અપ્રમત્ત ભાવની પરાકાષ્ઠા સ્થિત થઇ ક્ષપક શ્રેણીએ ચડી, અનંતજ્ઞાનસ્વરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે

શ્રીમાન્ રાજચંદ્રજી પ્રમત્તભાવ મિશ્ર અપ્રમત્તયોગી હતા, જેથી તેમણે મોક્ષનું જે ધ્યાન કર્યું તે કાંઇ આર્તિજન્ય ધ્યાન ન હતું પરંતુ પ્રમત્તભાવજન્ય પ્રારબ્ધોદયથી સ્ફુરિત થએલ આર્ત વેદનરૂપ હતું સૂક્ષ્મપ્રમાદજન્ય પ્રારબ્ધકર્મ ક્ષય થયા વિના તે આર્ત વેદન ગજાગરને હાથ મોટાઇરૂપ જો ક્ષપકશ્રેણીએ ચડી કેવલજ્ઞાન રૂપ કાર્ય પરિણામી ન થતાં હાથે મનોરથ રૂપ એમને ભાવનારૂપેજ રહ્યું ગજાવગર એ શબ્દનો અર્થ શક્તિ વગર એમ કરવાનો નથી પણ સમય વા સંયોગ વગર કરવાનો છે દીક્ષા લે છે ત્યારે તીર્થંકર ભગવાનને ચાર જ્ઞાન હોય છે ક્ષાયિક સમકીત ચાર જ્ઞાન તથા ઉત્કૃષ્ટ ચારિત્ર છતાં કોઇ તીર્થંકરદેવ દીક્ષા લીધા પછી અંતરમૂહૂર્તમાં કેવલજ્ઞાન પામે છે અને કોઇ ૫-૫૦ હજાર વર્ષે કેવલજ્ઞાન પામે છે ત્યારે અંતરમૂહૂર્તમાં કેવલજ્ઞાન પામનાર તીર્થંકરદેવ કરતાં હજાર વર્ષે કેવલજ્ઞાન પામનાર તીર્થંકર પ્રભુની શક્તિ વા જ્ઞાન કમ વા મંદ ન હતાં બન્ને તીર્થંકરની ઉત્કૃષ્ટ જ્ઞાન ને શક્તિ હતી પણ પ્રથમને હાસ્યાદિ પ્રકૃત્તિનો સત્તામાંથી જલદ ક્ષય થવાથી તરત કેવલજ્ઞાન થયું અને જેને તે પ્રકૃત્તિનો સત્તાગત નાશ વિલંબે હોય છે તેને ઉપયોગ તથા સ્થિરતાથી વધી ક્ષય કર્યા પછી કેવલજ્ઞાન થાય છે ક્ષાયિક સમકીતી અપ્રમત્તયોગીની જે અનંત શક્તિ હોય છે તે અનંત શક્તિ અંતરમૂહૂર્તમાં અનંત કર્માવરણોનો નાશ કરે એ હેતુ એ કરી

નથી, પણ ઘાતીકર્મજન્ય અનત આવરણ પ્રારબ્ધમા, જેના ઉપયોગની જાગૃતિ તથા આત્મસ્થિરતાનો અણુમાત્ર પણ આવરણ વા અત ન આવે એ હેતુથીજ અનતશક્તિઓ કહી છે અને તે આવરણ કર્મનો અતર્મુહૂર્તમા નાશ કરે, વા હજાર વર્ષે નાશ કરે. કેમકે આવરણકર્મનું પ્રારબ્ધબલ, જે જે ગર સ્થિતિ અને કાલપ્રમાણ મા હોય તેને આત્મસ્વરૂપનો અત વા આવરણ ન આવે તેવી રીતે આત્મોપયોગ તથા સ્થિરતાથી નાશ કરવો એજ અનત શક્તિનો સ્હમ્યાર્થ છે, અર્થાત્ અનત શક્તિ એટલે અનત પ્રકારની શક્તિઓ એમ નહીં પણ પોતાના સ્વરૂપનો અત વા આવરણ ન આવે તે રૂપ અનતતા એજ અનત શક્તિ છે શ્રીમાન્ રાજચદ્રજી મહાત્મા પણ ક્ષાયિક સમકીતી અને અપ્રમત્તયોગી હતા તેઓ ક્ષપક શ્રેણિઉચિત અપ્રમત્તસયમી ન હતા પણ પ્રમત્તભાવ મિશ્ર અપ્રમત્ત યોગી હતા જેથી હાસ્યાદિ ષટ્ક વે ઓ મજ્વલનીય કષાય પ્રકૃતિના સુક્ષ્મ પ્રમાદજન્ય આવરણ કર્મનો નય આ જન્મમા ન થવાથી, મોક્ષપ્રાપ્તિ માટે કરેલ ધ્યાન પ્રયત્ન, ક્ષપકશ્રેણી તથા કેવલજ્ઞાન કાર્ય પરિણામી ન થતા, આનદવેદક તથા સ્થિરતા પૂર્વક ભાવના પરિણામી થઇ પ્રમત્તભાવરૂપે રહ્યુ હોય એમ બતાવે છે અહિં વાચકવર્ગને પ્રશ્ન ઉઠશે કે **શ્રીમાન્ રાજચદ્રજી** આત્મજ્ઞાની ક્ષાયિક સમકીતી અને અપ્રમત્તયોગી હતા તે શા કારણથી કહો છો ? તેની સાબીતિ વા ખાત્રી શુ ? સમાધાન—શ્રીમાન્ પ્રત્યે મતાગ્રહતાથી દ્વેષ રાખતા કેટલાક સાધુઓ છે તેઓ પોતાના રાગી ભક્તો વા ભક્તાણીઓ પાસે ઉપાશ્રયના ખુણાઓમા વા તેમના વાદ ગ્રથરૂપ કોઇ પત્રમા ગમે તેમ બોલતા વા કલ્પના કરતા હશે, પણ નિષ્પક્ષપાતી મધ્યસ્થ, વિદ્વાનો સમક્ષ ન્યાયભાવની તુલનાત્મક દ્રષ્ટિથી **શ્રીમાન્** આત્મજ્ઞાની ન હતા પણ ખોટા ઢોળી વા ઢોગી હતા એવુ એક પણ મતાગ્રહમોહાધ સાધુ સિદ્ધ કરી શક્યાજ નથી

અસ્તુ તે ગમે તેમ હો શ્રીમાન રાજચંદ્રજી મિથ્યાભિમાની વા પથમોહિત ન હતા પણ આત્મજ્ઞાની ક્ષયિક સમકીતી અને અપ્રમત્તયોગી હતા, એ એમના પુસ્ત માથી ટાંકેન નીચેના વાક્યો તથા કાવ્ય દોહરાથી સિદ્ધ કરીશ વ ચર્ચર્ગ નિષ્પક્ષપાતતા મધ્યસ્થતા મલાર્થી અને વિચારશીલતા આ ચાર ગુણોથી શ્રીમાન ના વચનામૃતો-વાક્યોનુ અવલોકન કરશે તો સુગમતા અને સ્પષ્ટતાથી સત્ય સમજાશે

શ્રીમાન પ્રણીત પુસ્તક **શ્રીમ૦ રાજચદ્ર પત્ર ૪૦** મા લખે છે કે વીરસ્વામીનુ બોધેલુ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી સર્વ સ્વરૂપ યથાતથ્ય છે એ ભૂલશો નહીં જગતના સઘળા દર્શન એટલે મતની શ્રદ્ધાને ભૂલી જજો (જેમકે આત્મા જૈન કે વેદાંત એવુ કાઇ નથી શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાનંદ સ્વરૂપજ છે ત્યા જૈન કે વેદાતપણાની કલ્પના કરી એજ અજ્ઞાન વા બધન છે) આ તમારા સ મેન મુરબ્બી માટે કોઇપણ પ્રકારે હર્ષ-શોક કરશો નહીં તેની ઇચ્છા માત્ર સકલ્પ વિકલ્પ રહિત થવાની છે તેને અને આ વિચિત્ર જગતને કાઇ લાગતુ વળગતુ કે લેવા દેવા નથી એટલે તેમાથી તેને માટે ગમે તે વિચારો બધાય કે બોલાય તે ભણી હવે જવા ઇચ્છા નથી" હું કોઇ ગચ્છમા નથી પણ આત્મામા છુ એ ભૂલશો નહીં

પત્ર ૬૦— જે થવાનુ મે કલ્પ્યુ ન હતું છતા અચાનક ફેરફાર થયો, કોઇ ઓરજ અનુભવ થયો અને જે અનુભવ પ્રાયે શાસ્ત્રમા લેખીત ન હોય જડવાદીઓની કલ્પનામા પણ નથી તેવો હતો તે ક્રમે કરીને વધ્યો વધીને અત્યારે એક તુહિ તુહિ' નો જાપ કરે છે

પત્ર ૯૮—"આત્મા જ્ઞાન પામ્યો એ તો નિ સશય છે ગ્રથીભેદ થયો એ ત્રણે કાલમા સત્યવાત છે, સર્વ જ્ઞાનીઓએ પણ

એ વાત સ્વીકારી છે, હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ પામવી જે સુગમ છે "

પત્ર ૧૨૮—અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો પણ સર્વ જીવોના અને વિશેષ કરી ધર્મજીવનના તો અમે ત્રણે કાળને માટે દાસજ છીએ "

પત્ર ૧૬૦—એક પુરાણપુરૂષ અને પુરાણ પુરૂષની પ્રેમભક્તિ વિના અમોને કાંઇ ગમતું નથી, અમને કોઇ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી, કંઇ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી, વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી જગત્ શું સ્થિતમાં છે તેની સ્મૃતિ રહેતી નથી, શત્રુ મિત્ર કોઇમાં ભેદભાવ રહ્યો નથી, કોણ શત્રુ અને કોણ મિત્ર છે તેની ખબર રખાતી નથી, અમે દેહધારી છીએ કે કેમ? તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ, '

પત્ર ૨૮૫—અમારા વિષે માર્ગાનુસારીપણું કહેવું ઘટતું નથી અજ્ઞાન યોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથીજ નહીં હોય એમ જણાય છે સમ્યગ્દ્રષ્ટિપણું તો જરૂર સંભવે છે આ અસિદ્ધિશાસ્ત્ર

દો. ૧૩૩—ગચ્છ મતની જે કલ્પના
તે નહી સદ્વ્યવહાર,
ભાન નહીં નિજ રૂપનું,
તે નિશ્ચય નહી સાર.

દો. ૧૦૫—છોડી મત દર્શનતણો,
આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે,
જન્મ તેહને અલ્પ.

ત્રિ ાળ સત્ય છે કેમકે જે કારણ કાર્યપરિણામી થાય તેજ કારણ છે અન્યથા મિથ્યા આભાસ છે પ્રથમ ગુણસ્થાન થી માંડી ૧૪ મા ગુણસ્થાનક પર્યંત વા મુમુક્ષુતાથી વહ મો સ્પર્શતનો દયાલ વ મ ણ કા ' સ્થિત રહેલ છે જેમ મુમુક્ષુતા કારણ સમકીત કાર્ય, સમકીત કારણ પાચમું ગુણસ્થાનક તથા દ્રવ્યચારિત્ર ાર્ય ૫ મું ગુણસ્થાનક અને દ્રવ્યચાર િત્ર કારણ ૬ઠું ગુણસ્થાનક ભાવચારિત્ર કાર્ય ભાવસંયમ અને અપ્રમત્તસંયમ કારણ તેનુ ક્ષપકશ્રેણી કેવળજ્ઞાન વા મોક્ષ કાર્ય અપ્રમત્તસંયમ તથા ક્ષાયિકસમકીત એ ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાના ઉત્કૃષ્ટ સાધન વા કારણ છે, તેથી તે દશા કેવળજ્ઞાનની સમીપ ભૂમિકા છે

કેવળ લગભગ ભૂમિકા સ્પર્શીને દેહ વિયોગ રે "

કેવલ લગભગ ભૂમિ । એટલે સમી દશા સ્થિત ક્ષાયિક સમકીત અને અપ્રમત્તસંયમ સુધીની દશાને અનુભવી ક્ષપકશ્રેણી થયા પહેલા દેહ વિયોગ એટલે દેહાયુષ્યકર્મ ક્ષય થતા કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો અવકાશ ન રહ્યો કેમકે શાસ્ત્રમા એક સ્થળે વાક્ય લખ્યુ છે કે- દર્શનમોહ નીય કર્મનો સત્તામાથી નાશ થયા પછી આયુષ્ય બધાય નહીં અર્થાત્ આવતા જન્મના આયુષ્યનો બંધ ન થયો હોય અને ક્ષાયિક સમકીત થાય તો આજ ભવમા કેવળજ્ઞાન થાય પણ જો આયુ ષ્યબંધ પહેલા પડી ગયો હોય અને ક્ષાયિક સમકીત પછી થાય તો ત્રણ ભવ કરવા પડે એવુ શાસ્ત્ર વચન છે એટલે જો પ્રથમ નરકાયુષ્ય વા દેવાયુષ્ય બાધ્યા પછી ક્ષાયિક સમકીત થાય તો આ પછી નરક વા દેવનો ભવ અને ત્રીજો મનુષ્યનો ભવ એમ ભવે મોક્ષે જાય અને જો પ્રથમ મનુષ્યાયુષ્યબંધ થયા પછી સમકીત થાય તો એક આ ભવ અને બીજો મનુષ્યભવ એમ ભવે મોક્ષે જાય ક્ષાયિક સમકીતીને એ ત્તારી કહ્યા છે તેનો ય છે કે, આ ભવમા ક્ષાયિક પામ્યો તે ભવ, બીજો વચમા

હેવા નર નો, અને ત્રીજો મનુષ્યભવનો, જે ભવ મોક્ષે જાય તે ભવ તેને એકાવતારી કહે છે વા આ ભવમા ક્ષાયકસમકીત થઇ બીજો મનુષ્યનો ભવ થાય તેને એકાવતારી કહે છે શ્રીમાન ક્ષમે છે અવશ્ય કર્મનો ભોગ છે ભોગવવા અવશેષ રે પૂર્વ કર્મ વા મના ગત કર્મનો અવશેષ-બાકી રહેલ પ્રારબ્ધયોગ, ભોગવ્યાથીજ અવશ્ય ક્ષય થાય તેમ છે તેથી "તેથી દેહ એક ધારીને જાશુ સ્વરૂપ સ્વદેશ રે," એટલે જન્મ ધારણ કરી, સ્વરૂપ સ્વદેશ એટલે મોક્ષ સ્વરૂપ સ્થિત અવશ્ય થાશું

આ વાક્યથી તથા "અપૂર્વ અવસર" એ પદની છેલ્લી ગાથાના ત્રીજા ચરણમા જે લખ્યુ છે કે તોપણ નિશ્ચય રાજ્યચંદ્ર મનને રહ્યો, પ્રભુ આજ્ઞાએ થાશુ તેજ સ્વરૂપ જો" મારા મનને નિશ્ચય છે કે મારી અનુભવેલી, તથા પ્રાપ્ત કરેલી જે વીત રાગતા તેથી મોક્ષસ્વરૂપ સ્થિત અવશ્ય થઇશ, એમ નિઃશંક ખાત્રી છે આ પ્રમાણે પરમપદ સ્થિત થવાનો પરમકલ્યાણકારી અપૂર્વ અવસર ક્યાર આવશે ?

વિવેચન સમાપ્ત.

અંતિમ સુચના, ઉદ્દેશ ક્ષમા અને આભારસ્વીકાર

વાચ વર્ગ ! પરમકૃપાળુ શ્રીમાન રાજ્યચંદ્રજી પ્રણીત "અપૂર્વ અવસર" એ પદ ઉપર વિવેચન કરવાની ઘણા સમયથી મનોભિલાષા થયેલી હતી પરંતુ સમયાવકાશ અને સ્થિરતાના અભાવે ફળીભૂત થઇ શકી ન હતી તે સદ્ભાગ્યાનુસાર જૈન યાત્રાનો અત્યુત્તમ અલભ્ય પ્રસંગ મળતા સમયાવકાશ, નિવૃત્તિ, અને સ્થિરતા, મળવાથી ફળપ્રાપ્ત થઇ, અને તેમ થવાથી વિવેચન લખવાના નિમિત્તે શ્રીમાન રાજ્યચંદ્રજી જેવા પરમયોગી મહાત્માની સ્તવના તથા પરમકલ્યાણકારી જૈનદર્શનની અપૂર્વતા વા મહત્તા દર્શાવવા આ સદ્પ્રયત્ન કરી સફળભાગી થયો છુ અને તેથીજ મારી ભાવના તથા જીવનને ધન્ય માનુ છુ

આ પદ ઉપર વિવેચન કરવા માટે અનેક સમાગમ પ્રસંગે પ્રેમ ભાવના અને લાગણી વધારનાર વિચાર વિકાસ કરનાર અને ઉત્તેજન પ્રેરનાર કચ્છ-માંડવી નિવાસી હૃદયબંધુ શ્રીયુત્ કામદાર ભાઈ વજુ પારેખ નથુભાઈ નેમીદાસ તથા વાગડ-ભિમાસર (આ લેખકની જન્મ ભૂમિકા) નિવાસી મેના વીર ભાઈ અમીચંદ વિગેરે સ્નેહિઓ તથા આ પુસ્તક છપાવી બહાર પાડવા માટે આર્થિક સહાય આપનાર નાગપુર નિવાસી શ્રીયુત્ વાલજી નાથા જેઠા તેમજ આ પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે છાપવાની સંમતિ આપનાર શ્રીયુત્ મનસુખલાલ ર. ભ જી (શ્રીમાનનું પુસ્તક [illegible] છે જેથી તેમાંથી કોઈપણ પદ કે કાવ્ય મનસુખલાલભાઈની સંમતિ વિના છાપી શકાય નહીં) વિગેરેનો સહર્ષ આભાર માનવામાં આવે છે.

'અપૂર્વ અવસર' એ પદ તત્વજ્ઞાનની ખૂબીઓ અને પરમાર્થ માર્ગની અપૂર્વ ગૂઢ રહસ્યતાથી ભરપૂર હોવાથી વિચારની ગહનતા તથા અલ્પતાને લઈ વિવેચન લખવામાં શબ્દ, ભાવ, તથા આશય વગેરેની ભૂલ થઈ જવા સંભવ છે જેથી દરગુજર તથા આક્ષેપો માટે ક્ષમા યાચી વિરમું છું. ૐ શાંતિ શાંતિ શાંતિ. અંતિમ વંદન—

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણીત.

લી. સંતચરણોપાસક મુનિજય.

સમાપ્ત.